પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક


મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૮-૭-૨૦૨૪, સોમવાર
વર્ષઃ ૧૩, અંક : ૧૦૩

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia


## સુવિચાર


આજે સંબંધ રાખવાના
૧૦૦ કારણ ભૂલીને માણસ
સબંધ તોડવાના
૧ કારણને પ્રાધાન્ય
આપે છે જે દુઃખદ છે...





ફ્રાન્સમાં ત્રિશંકુ સરકાર રચાય તેવી શકયતા



ટ્રમ્પનું આવવું ભારત સહિત વિશ્વ માટે મુશ્કેલી લઈ આવશે



ઈ-ફોર વ્હીલનું વેચાણ વધ્યું છતાં દિલ્હી દૂર



સુરતના સચિન વિસ્તારમાં બિલ્ડિંગ ધરાશાયીઃ ૭ લોકોના મોત

# મુંબઈને ધમરોળતા મેઘરાજાઃ ટ્રેન-બસ-શાળાઓ બંધ

## છ કલાકમાં સુપડાધારે ૧૨ ઈંચ વરસાદ ખાબકતા દેશની આર્થિક રાજધાની પાણીમાં ડુબી

### મુંબઈની લાઈફ લાઈન ગણાતી લોકલ ટ્રેન બંધઃ અનેક ફ્લાઈટને પણ અસરઃ આજે પણ અતિભારે વરસાદની આગાહી

**અબતક, રાજકોટ**

દેશની આર્થિક રાજધાની મહાનગર મુંબઈને મેઘરાજાએ રિતસર ધમરોળી નાંખ્યું છે. માત્ર છ કલાકમાં સુપડાધારે ૧૨ ઈંચ વરસાદ ખાબકતા જળ બંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ સર્જાય ગયું છે. શાળા-કોલેજો અને ઓફિસોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. મુંબઈની લાઈફ લાઈન ગણાતી લોકલ ટ્રેન સેવા ઠપ્પ થઈ જવા પામી છે. ટૂંકમાં જન જીવન ખોરવાય જવા પામ્યું છે. આજે પણ અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી હોય લોકોને કામ સિવાય ઘરની બહાર ન નિકળવા તાકીદ કરવામાં આવી છે.

મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ગઈકાલ રાતથી જાણે બારે મેઘ ખાંગા થયા હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ સર્જાયું છે. મુંબઈમાં માત્ર ૬ કલાકમાં અનરાધાર ૧૨ ઈંચ જેટલો વરસાદ પડી જવાના કારણે સર્વત્ર જળ બંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થઈ ગયું છે. દક્ષિણ મુંબઈની સ્થિતિ વધુ દયનીય છે. અહીં કેડસમા પાણી ભરાયા છે. વરસાદના પાણી લોકોના ઘરમાં ઘુસી



ગયા છે. અત્ર, તત્ર અને સર્વત્ર બસ પાણી-પાણી જ જોવા મળી રહ્યું છે. રેલવેના પાટા પર ગોઠણ સમા પાણી વહી રહ્યા હોવાના કારણે આજે સવારથી મુંબઈની લાઈફ લાઈન ગણાતી લોકલ ટ્રેન સેવા બંધ કરી દેવામાં આવી છે. શાળા-કોલેજોમાં આજે રજા જાહેર કરી દેવામાં આવી છે. સરકાર તથા ખાનગી, ઓફિસો પણ બંધ છે. સતત ૨૪ કલાક દોડતું અને ધમધમતું મુંબઈ આજે જાણે થંભી ગયુ હોય તેવું લાગી રહ્યું છે. નીચાણ વાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યા છે. માલપુરના રસ્તાઓ જાણે નદીમાં ફેરવાય ગયા હોય તેવું લાગી રહ્યું છે. અંધેરી, કિંગ સર્કલ સહિતના વિસ્તારોની સ્થિતિ ભારે વરસાદમાં વધુ વિકટ બની જવા પામી છે. આજે પણ મુંબઈમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી હોય લોકોને ખૂબ જ અગત્યના કામ વિના ઘરની બહાર ન નિકળવા ખાસ તાકીદ કરવામાં આવી છે. બીએમસીનું તંત્ર એલર્ટ થઈ ગયું છે.

માત્ર મુંબઈ જ નહીં

(અનુ. આઠમા પાને)

# ઉત્તર-પૂર્વ ભારતમાં પુર પ્રકોપઃ ૮૯ લોકોએ ગુમાવ્યા જીવ

## ઉત્તરાખંડ રેડ એલર્ટઃ આગામી ૩-૪ દિવસમાં રાજ્યમાં ભારે વરસાદની ચેતવણી

**અબતક, નવીદિલ્હી**

પૂર પ્રકોપના પગલે ઉત્તર પૂર્વ ભારત હાલ ઘણી માઠી અસરનો સામનો કરી રહ્યું છે મળતી માહિતી મુજબ કુલ ૮૯ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે એટલું જ નહીં ઉતરાખંડને રેડ એલર્ટ પર રાખી દેવાયું છે કારણકે હવામાન વિભાગ દ્વારા જે આગાહી કરવામાં આવી છે તે મુજબ આગામી ત્રણ થી ચાર દિવસમાં રાજ્યમાં ભારે વરસાદ વરસવાની પૂર્ણ સંભાવના છે.

હવામાન વિભાગે ઉત્તરાખંડ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે, આગામી ૩-૪ દિવસમાં રાજ્યમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. હવામાન વિભાગે જણાવ્યું કે ઉત્તરાખંડના ચમોલી, રુદ્રપ્રયાગ અને પૌરી જિલ્લામાં ભારે વરસાદની સંભાવના છે. દહેરાદૂનમાં વરસાદી પાણીથી ભરેલા ખાડામાં પાંચ વર્ષના બાળકનું ડૂબવું અને હરિદ્વારમાં નાળામાં એક કિશોર ડૂબી જવા સહિત રાજ્યમાં દુઃખદ ઘટનાઓ બની ચૂકી છે.

રાજ્યમાં ભારે વરસાદને કારણે સત્તાવાળાઓ દ્વારા લોકપ્રિય યાત્રાધામ ચાર ધામ યાત્રા મોકૂફ રાખવામાં આવી છે. ગઢવાલના કમિશનર વિનય શંકર પાંડેએ કહ્યું કે તમામ શ્રદ્ધાળુઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઋષિકેશથી આગળ ચાર ધામ યાત્રા શરૂ ન કરે. ભૂસ્ખલનને કારણે બદ્રીનાથ તરફ જતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત અનેક મહત્વના રસ્તાઓ બંધ થઈ ગયા છે, જેના કારણે પહાડી રાજ્યમાં વધુ વિક્ષેપ સર્જાયો છે. શનિવારે, હૈદરાબાદના બે તીર્થયાત્રીઓ જ્યારે બદ્રીનાથથી તેમની મોટરસાઈકલ પર પાછા ફરી રહ્યા હતા ત્યારે ચમોલી જિલ્લાના કર્ણપ્રયાગના ચટવાપીપલ વિસ્તાર પાસે ભૂસ્ખલન થતાં મૃત્યુ પામ્યા હતા.

જોશીમઠ નજીક વિષ્ણુ પ્રયાગ ખાતે અલકનંદા ખતરાના નિશાનની નજીકની સાથે રાજ્યમાં નદીઓ ઉછળી રહી છે. દેહરાદૂનના પોલીસ અધિક્ષક (ગ્રામીણ) લોકજીતે કહ્યું, ‘‘પાણીના સ્તરમાં વધારો થવાની આગાહી પહેલાથી જ કરવામાં આવી હતી. અમે વહીવટીતંત્ર અને સંબંધિત વિભાગોના સતત સંપર્કમાં છીએ. પોલીસ પણ સાવચેતીના પગલાં લઈ રહી છે. નદી કિનારે રહેતા લોકો છે.‘‘ વિસ્થાપિત લોકોને નદી કિનારે જતા રોકવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ઉત્તરાખંડમાં ચોમાસા દરમિયાન વધુ મુશ્કેલી પડશે. હવામાન વિભાગ દ્વારા દ્વારા વરસાદને લઈને એલર્ટ જારી કરવામાં આવ્યું છે. વરસાદના એલર્ટ બાદ શાળાઓ પણ બંધ કરી દેવામાં આવી છે. ઉત્તરાખંડના નૈનીતાલ અને બાગેશ્વર જિલ્લામાં સોમવારે ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. તે જ સમયે, દેહરાદૂન, પૌરી, ચમોલી, પિથોરાગઢ જિલ્લામાં ગાજવીજ સાથે વીજળીના ચમકારા અને ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના નિયામક ડો.બિક્રમ સિંહે જણાવ્યું કે આ છ જિલ્લાઓ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

આ સિવાય ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ટિહરી અને હરિદ્વારમાં હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે. રુદ્રપ્રયાગ, અલમોડા અને ચંપાવત જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ ગાજવીજ સાથે વીજળી પડી શકે છે. લોકોને દરિયાકાંઠાના વિસ્તારોની નજીક ન જવાની અપીલ કરવામાં આવી છે. હવામાન વિભાગના વરસાદના એલર્ટ બાદ વહીવટી તંત્ર પણ એલર્ટ થઈ ગયું છે. કુમાઉમાં અલ્મોડા જિલ્લા સિવાય પાંચ જિલ્લામાં શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. હવામાન વિભાગની ચેતવણી બાદ અધિકારીઓ અને કર્મચારીઓને ચોવીસ કલાક એલર્ટ રહેવાની કડક સૂચના આપવામાં આવી છે.

## હાથરસમાં કાચું કપાયું?

# હાથરસમાં ૧૨૨નાં મોતનું કારણ ઝેર?

### ૧૦થી ૧૨ વ્યક્તિએ ઝેરીલો ગેસ છોડ્યો હતો, પીએમ રિપોર્ટમાં મોતનું કારણ શ્વાસ રૂંધાવાથી થયાનું દર્શાવાયું છેઃ ભોલેબાબાના વકીલનો ધડાકો

**અબતક, નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશના હાથરસમાં થયેલા મૃત્યુકાંડને લઈને સાકર વિશ્વ હરિ ઉર્ફે સૂરજપાલના વકીલ એપી સિંહે મોટો દાવો કર્યો છે. આ મૃત્યુકાંડ પાછળ નવી થિયરી આપતાં તેમણે કહ્યું કે કેટલાક લોકોએ ઝેરી દવાનો છંટકાવ કર્યો હતો, જેના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. જેના કારણે નાસભાગ મચી ગઈ હતી અને ઘણા લોકોએ જીવ ગુમાવ્યા હતા. એપી સિંહે કહ્યું કે આ મામલે બાબાના સત્સંગને બદનામ કરવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. વધુમાં તેઓએ કહ્યું કે મૃતદેહોના પીએમ રિપોર્ટમાં પણ તેઓનું મૃત્યુ ઈજાના કારણે નહિ શ્વાસ રૂંધાવાને કારણે થયું હોવાનું દર્શાવાયું છે.

રવિવારે દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા ભોલે બાબાના વકીલ એપી સિંહે આરોપ લગાવ્યો કે ભોલે બાબાની વધતી જતી લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને આ સમગ્ર ઘટના એક ષડયંત્રના ભાગરૂપે કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે ૨ જુલાઈએ હાથરસ સત્સંગ દરમિયાન કેટલાક લોકોએ ભીડમાં ઝેરી પદાર્થ ધરાવતું કેન ખોલ્યું હતું, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી.

એડવોકેટ એ.પી. સિંહનો આરોપ છે કે, ‘‘૧૦-૧૨ અજાણ્યા લોકો ઝેરી દવાનો છંટકાવ કરીને સત્સંગમાં આવ્યા હતા. તેઓ ઝેરી સ્પ્રે છાંટીને ભાગી ગયા હતા અને તે પૂર્વ આયોજિત કાવતરાનો ભાગ હોવાનું જણાય છે. આ તમામ લોકો કારમાં ભાગી ગયા હતા. ઘણા લોકો તેમાં હું બેભાન થઈ ગયો હતો. તેણે માંગ કરી છે કે પોલીસે ઘટના પહેલા અને પછીના સીસીટીવી ફૂટેજ જપ્ત કરવા જોઈએ કારણ કે પછી જ કાવતરાખોરોને શોધી શકાશે. આ અકસ્માત નથી પરંતુ હત્યાનો મામલો છે.

ઉલ્લેખનીય છે કે ૨


(અનુ. આઠમા પાને)

# વરસાદ શરૂ થતાં જ મલેરિયાની દવાની માંગમાં જબરદસ્ત ઉછાળો

### એન્ટિ-ઈન્ફેક્ટિવ દવાનું છેલ્લા ૧૨ મહિનામાં રૂપિયા ૨૫,૬૫૧ કરોડનું વાર્ષિક ટર્નઓવર નોંધ્યું

**અબતક, નવીદિલ્હી**

ચોમાસાની શરૂઆતથી જૂનમાં શ્વસન, એન્ટિ-



ઈન્ફેક્ટિવ, એન્ટિ-મેલેરિયલ અને ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ સારવાર માટેની દવાઓના વેચાણમાં વધારો થયો હતો. બજાર સંશોધક ફાર્મરેકના જણાવ્યા અનુસાર, આ ટ્રીટમેન્ટ્સમાં જૂન ૨૦૨૩ની સરખામણીએ ગયા મહિને બે આંકડામાં વૃદ્ધિ જોવા મળી હતી.

ટોચની સારવારોમાં, એન્ટિ-ઈન્ફેક્ટિવ અને રેસ્પિરેટરીએ જૂન મહિનામાં પ્રમાણમાં મજબૂત વોલ્યુમ વૃદ્ધિ દર્શાવી છે. ઈન્ડસ્ટ્રી ડેટા દર્શાવે છે કે શ્વસન દવાઓના વેચાણમાં એક વર્ષ અગાઉના મૂલ્ય દ્વારા ૧૯.૨% નો વધારો થયો છે, જ્યારે એન્ટિ-ઈન્ફેક્ટિવ અને જઠરાંત્રિય દવાઓમાં અનુક્રમે ૧૭.૨% અને ૧૦.૭% નો વધારો જોવા મળ્યો છે. ડેટા દર્શાવે છે કે એક વર્ષ અગાઉ અને જૂન ૨૦૨૨ ની સરખામણીમાં ગયા મહિને એન્ટિ-ઈન્ફેક્ટિવ અને જઠરાંત્રિય ઉપચારમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી હતી, જ્યારે શ્વસન ઉપચાર કુદરતી મોસમી વલણને અનુસરે છે. એન્ટિ-ઈન્ફેક્ટિવ્સે છેલ્લા ૧૨ મહિનામાં રૂપિયા ૨૫,૬૫૧ કરોડનું વાર્ષિક ટર્નઓવર નોંધ્યું છે, ત્યારબાદ ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ

(અનુ. આઠમા પાને)

# ભારતની ૯૮% કોલેજો ‘‘ગુલામી’’માં જકડાયેલી!!!

### અભ્યાસક્રમમાં ફેરફાર કરવા, અધ્યાપન-શિક્ષણમાં નવીનતા લાવવા અને મૂલ્યાંકન કરવામાં યુનિવર્સિટી અને યુ.જી.સીનો હસ્તક્ષેપ સૌથી વધુ

**અબતક, નવીદિલ્હી**

શૈક્ષણિક સ્વાયત્તતા જોખમમાં છે. ઓછામાં ઓછું આ ભારતના કેટલાક રાજ્યોમાં છે, જ્યાં જાહેર યુનિવર્સિટીઓ અને તેમની હેઠળની કોલેજો સ્વતંત્રતા માટે યુદ્ધના માર્ગ પર છે. સમગ્ર ભારતમાં ૪૫,૦૦૦ થી વધુ કોલેજોમાંથી માત્ર ૯૯૫ સ્વાયત્ત છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, શિક્ષણ મંત્રાલય હેઠળની એક સરકારી સંસ્થા જે ભારતમાં યુનિવર્સિટીઓને માન્યતા આપે છે અને માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીઓ અને કોલેજોને ભંડોળનું વિતરણ કરે છે, તે દાયકાઓથી સ્વાયત્તતાને પ્રોત્સાહન આપી રહ્યું છે. પરંતુ સ્વ-શાસન



સુધીની તે લાંબી અને મુશ્કેલ યાત્રા રહી છે.

સ્વાયત્તતા સમગ્ર દેશમાં સમાનરૂપે ફેલાયેલી નથી ઝારખંડ, મણિપુર, રાજસ્થાન અને ગોવા જેવા રાજ્યોમાં સૌથી ઓછી સ્વાયત્ત કોલેજો છે, જ્યારે તમિલનાડુ, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં સૌથી વધુ છે. બીજું, શૈક્ષણિક સ્વાયત્તતા તેના સાચા અર્થમાં હજુ પણ અસામાન્ય છે, તેમ છતાં તે સાબિત હકીકત છે કે શૈક્ષણિક સ્વાયત્તતા ઉચ્ચ શિક્ષણમાં કામગીરીને અસર કરે છે. તે કોલેજોને અનુચિત હસ્તક્ષેપ વિના કાર્ય કરવાની મંજૂરી આપે છે, તેઓ જે શ્રેષ્ઠ કરે છે તે કરવા દે છેઃ અભ્યાસક્રમો પહોંચાડવા, અભ્યાસક્રમમાં ફેરફાર કરવા, અધ્યાપન-શિક્ષણમાં નવીનતા લાવવા અને સ્માર્ટ રીતે મૂલ્યાંકન કરવું. તેમ છતાં, ઘણા લોકો તેને લેતા નથી.

કેટલીક યુનિવર્સિટીઓ અભ્યાસક્રમ ઘડવા, નવા અભ્યાસક્રમો શરૂ કરવા અને વિદ્યાર્થીઓની કામગીરીનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિઓ વિકસાવવા વગેરે બાબતે નિયમોની જોગવાઈઓ મુજબ સ્વાયત્ત કોલેજોને સંપૂર્ણ સ્વાયત્તતા આપતી નથી. કેટલીક યુનિવર્સિટીઓ કોલેજોને યુ.જી.સી નિયમોની

(અનુ. આઠમા પાને)

### સ્વાયત્તતાની અપેક્ષાઓને અવરોધે છે

જો કે સ્વાયત્ત કોલેજો પરીક્ષાઓ લે છે, ડિગ્રી પ્રમાણપત્ર યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે છે. જ્યારે પરીક્ષાઓના પરિણામો પ્રકાશિત થાય છે અને યુનિવર્સિટીઓને તેની જાણ કરવામાં આવે છે, ત્યારે સ્વાયત્ત કોલેજોને કામચલાઉ અને અસલ ડિગ્રી પ્રમાણપત્રો આપવામાં વિલંબ થાય છે, જેમને નાની ભૂલો માટે પણ દંડ કરવામાં આવે છે. વધારાનું કાર્ય મોટો પ્રશ્ન સ્વાયત્ત કોલેજના શિક્ષકો યુનિવર્સિટીના મૂલ્યાંકન શિબિરોમાં હાજરી આપે તેવી અપેક્ષા છે. જો તેઓ આમ ન કરે તો તેમની પાસે ખુલાસો માંગવામાં આવે છે. શિક્ષકોને પણ ડબલ ડ્યુટી કરવાનું કહેવામાં આવે છે.

### ગુજરાતમાં ફક્ત ૧૩ કોલેજો જ સ્વાયત

દેશના ૨૪ રાજ્યોના જે આંકડાઓ બહાર આવ્યા છે તે અત્યંત ચોંકાવનારા છે કારણ કે આ લિસ્ટમાં ગુજરાત ૧૦ મા ક્રમે છે કારણ કે રાજ્યમાં ફક્ત ૧૩ કોલેજો જ સંપૂર્ણ સ્વાયત છે. જ્યારે ટોચની વાત કરવામાં આવે તો તામિલનાડુમાં ૨૫૨, મહારાષ્ટ્રમાં ૧૯૭, આંધ્ર પ્રદેશમાં ૧૬૫, તેલંગાણામાં ૧૨૪ કોલેજો સંપૂર્ણ સ્વાયત છે. ભારતનું પાટનગર દિલ્હી છે તેમાં પણ ૧ કોલેજ જ સ્વાયત છે. જે અત્યંત ચોંકાવનારું.

ગીત તેરે પ્યાર કા.... મેરી હી આવાઝ હે

# આપણા જીવન સાથે જુના ગીતો હંમેશા અમર રહેશે

**નિજાનંદ માટે સૌથી ઉત્તમ દિલથી ગીતો ગાવા પછી એ ફિલ્મી હોય ભજનો, જે ગાઈ શકે છે એ જ પવિત્ર રહી શકે છે : ચાલતા કે વાહન ઉપર તમે ઘણાં લોકોને ગીતો ગાતા કે ગુનગુનાવતા જોયા હશે**

**ગાયે જા ગીત મિલન કે, તું અપની લગન સે, ગાયનથી મન પ્રફુલ્લિત રહે : સંગીત પ્રત્યેનો લગાવ કે પ્રેમ એક પ્રકારની ભક્તિ છે, એટલે જ મંદિરની આરતીમાં આપણે ધ્યાનમાં થઈ જઈએ છીએ**

આજકાલની ફાસ્ટ લાઈફ અને બદલાતી જીવનશૈલી વચ્ચે દરેક માનવીના આનંદ-પ્રમોદ કે મનોરંજન માટેના શોખો પણ અલગ-અલગ હોય છે. દુનિયાભરમાં સંગીત-ગાયન-વાદન એક જ એવી વસ્તુ છે, જે સૌને એક તાંતણે જોડી રાખે છે. ગાયે જા ગીત મિલન કે તુ અપની લગન સે અંદાજ ફિલ્મના આ ગીતની જેમ આજનો માનવી નવરાશની પળો કે કામકાજ સાથે ગીતો ગુનગુનાવતો જોવા મળે છે. દુનિયાભરના ક્રિકેટરોમાં વિરેન્દ્ર સહેવાગ એકમાત્ર ક્રિકેટર છે જે ગીતો ગાતા-ગાતા બેટીંગ કરતો જોવા મળે છે. આજે આજે જે લોકો ૫૦ થી ઉપરની વર્ષના છે તે બધાને જ જુના ગીતો ગમે છે. આજના નવા ગીતનું આયુષ્ય માત્ર એક અઠવાડિયું ગણાય છે, ત્યારે આજના યુગમાં પણ ૭૦ વર્ષ પહેલા ના ગીતો હજી પણ લોકોની પ્રથમ પસંદગી છે. આજે તો ગીતો ગાવાનો લોકોમાં એટલો બધો ક્રેઝ વધ્યો છે કે ઘરે ઘરે ગાયક કલાકારો ગીતો લલકારી રહ્યા છે. ઘણા ફિલ્મી ગીતો તો શાળાની પ્રાર્થના પણ બની ગયા છે.

નિજાનંદ દરેક માનવી પોતાની રીતે અલગથી કરતો હોય વિવિધ શોખો દ્વારા દરેક માનવીને મનોરંજન જોઈએ છે, પછી એ ફિલ્મી ગીતો હોય ભજન હોય કે ગમતાં કોઈપણ ગીતો હોય તે ગાતો જ રહે છે. પોતાના સંતોષ માટે કે આનંદ માટે ગાતો માણસ પોતાનો અવાજ સારો છે કે નથી તેની પણ પરવા કરતો નથી તેથી જ માત્ર પોતાને મઝા આવે છે એટલે જ એ ગીતો ગાય છે. આજકાલ કરાઓકેના મ્યુઝિક ટ્રેક તૈયાર સાથે ગીતના શબ્દો મોબાઈલમાં સરળતાથી મળી જતાં હોવાથી બધા હેન્ડમાઈકના સથવારે સુંદર ગીતો ગાય છે. ઓનલાઈન એક બીજા સાથે જોડાઈને પણ યુગલ ગીતો ગાય છે. જે પૈકીના ઘણાના ગીતો વાયરલ થતાં સારા અવાજને કારણે બહોળી પ્રસિધ્ધી પણ મળી છે.

આજથી ચાર દાયકા પહેલા ટીવી-મોબાઈલ કશુંજ ન હતું ત્યારે માનવી તણાવ મુક્ત રહેતો તેનું કારણ તે મનમૂકીને રૂમઝુમ થતોને ગીતો લલકારતો હતો. એ સમયે ટ્રેસ ન હતો ને માનવી પોતાની નવરાશની પળોમાં ગીત-ધૂમ-ભજન વિગેરે દિલ ખોલીને



ગાતો તેથી જ તે લાંબુ જીવ શકતો હતો. ગીતો ગાનાર હળવો થતો હોવાથી હૃદ્યનની બિમારી ઓછી થાય તે સ્વભાવિક છે. સંગીત એક જ વસ્તુ એવી છે જે સૌને ગમે છે. જૂની ફિલ્મોના સંગીતકારો તેમના ગીતો માટે સખત મહેનત કરતા હતા જેને કારણે આજે ૫૦ વર્ષ પછી પણ તેના શબ્દો-આલાપ બધું જ આપણને યાદ છે.

સવારથી સાંજ પરિવાર માટે મહેનત મજૂરી કરતો મજૂર પણ સાંજે છૂટીને સાયકલ ઉપર જતો હોય ત્યારે ગીતો લલકારતો જોવા મળે છે. આ ઘટના તેના પ્રફુલ્લિત મન સાથે સમગ્ર શરીરને રોમાંચિત સાથે આનંદમય કરી દે તેવી હોય છે. નવરો પડેલો માણસ આજે મોબાઈલને વળગે છે તેમ એ જમાનામાં ગીતો ગુનગુનાવતો હતો. માનવીને સાચું જીવન કે જીવન જીવવાની કલા સંગીતકલા જ આપી શકે છે. ગ્રામ્ય સંસ્કૃતિમાં બધી જ મહિલા ભેગી થઈને સુંદર ભજનો ગાતા હોય ત્યારે સમગ્ર વાતાવરણ પછી એ સૂર્યોદય હોય કે સંધ્યાટાળું એ એને આનંદ વિભોર બનાવી દે છે. આજનું બાળક પણ તમે જોયું હશે કે ટીવીમાં આવતા ગીતો-જાહેરાતના સોંગ વિગેરે ગાવા લાગે છે. લખતાં-વાંચતા ન આવડતું હોવા છતાં માત્ર યાદશક્તિના આધારે તે ગીતો ગાવા લાગે છે.

નાના બાળકને હિંચકો નાંખતી માતા તેના બાળક માટે વિવિધ ગીતો કે હાલરડાં ગાતી હોય ત્યારે ગીતોની પંક્તિના આરોહ-અવરોહ સાથે હિંચકાના આવનજાવન હાર્મનીનો સુંદર સંગમ જ બાળકને નિરાંતની ઉંઘ આપે છે. ગીતો ગાતા હોય ત્યારે આપણું મન શાંત હોય અને સમગ્ર સૃષ્ટિથંભી જાય અને માત્રને માત્ર આપણે ગીતના શબ્દો, લય, તાલ વિગેરેમાં ખોવાય જાય છીએ.

આપણી શેરીમાં ભિક્ષાવૃતિ માટે આવનાર લેડીઝ કે પુરૂષ પણ દર્દીલા ગીતો દ્વારા જ શેરીના તમામ લોકોનું આકર્ષણ પોતાની તરફ કરતો હોય છે. કોઈ ફકીર પોતાના પેટે હારમોનિયમ બાંધીને સુંદર સ્વરમાં સંગીતના તાલે ગીતો ગાતો હોય ત્યારે બધા જ લોકો તેને જોવા ઉભા રહી જાય છે. ભક્તિ ઈશ્વર સાથેની હોય ત્યારે તેની અર્ચના આરાધના માટે હૃદ્યથી ગવાતા ગીતોનો આનંદ સમગ્ર મંદિરના વાતાવરણ સાથે આખા ગામને પ્રભાવિત કરે છે.

મૂર્તિ સામે ગવાતાં ગીતોમાં અનોખો ભાવ આવતો હોવાથી તે ગીતો-ભજનો દીપી ઉઠે છે. બૈજુબાવરા ફિલ્મનું ગીત મોંહમંદ રફીએ મંદિરમાં રેકોર્ડ કરેલ હતું. ગીતોનું જીવન માનવીય જીવન સાથે એટલું જોડાયેલું છે કે જેને કારણે આપણી ફિલ્મોમાં ભાઈ-બેન, તહેવારો, ભજનો, બાળગીતો વિગેરેને સામેલ કર્યા હતાં અને હજી કરતાં જ રહે છે.

આપણા ગુજરાતી ગીતો, રાસ, પ્રાચીન ભજનો, પ્રભાતિયા જ્યારે ગવાતાં હોય ત્યારે આપણે સૌ આનંદીત થઈએ છીએ. ગીતો જ આપણો મુડ ફ્રેશ કરી દે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આપણી કાઠિયાવાડી સંસ્કૃતિના ગીતો વિશ્વભરમાં ખૂબ જ જાણીતા છે. ગમે તે લોકો ગાય શકે તેવા સરળ હોય છે. ગીત ગાતા ચલ... મુસાફીર ગીત ગાતા ચલ આ ગીતના શબ્દોની સાથે માનવની જીવનયાત્રા વણાયેલી છે. સુખ કે દુઃખ બધાજ માં ગીતો આપણને સાથ આપે છે. ગીતોને નાત-જાતના કોઈ વાડા નડતા ન હોવાથી આપણાં ગીતો કે તેને ગાનાર માણસને બધા જ સાંભળે છે.

માણસને સવારથી સાંજ થાક આપણાં ગીતો જ ઉતારીને તરોતાજા બનાવે છે. યુવા વર્ગ રોમેન્ટિક ગીતો ગાય, વડિલો જૂના ગીતો ગાય, બાળકો તેને ગમતાં ગીતો ગાય, મહિલાઓ સાથે મોટી ઉંમરના બહેનો ધૂન, ભજન ગાય આમ બાળથી મોટેરા સૌ પોતાના નિજાનંદ માટે ગીતો નો જ સહારો લે છે. સૌને સંગીત કે ગીતો જ જીવતાં રાખે છે. આજે ચા ની હોટલ કે રીક્ષામાં પણ જૂના-નવા ગીતો આપણને રોજ સાંભળવા મળે છે.

કોઈપણ માણસ હોય તે ગીતો વગર જીવી જ ન શકે. સંગીત રોગ ભગાવે છે, ગીતો દર્દ મટાડે છે, એકલતા કે એકલા હોય ત્યારે આપણાના હૃદ્યના ધબકારાને ગમતાં ગીતો જ બેલેન્સ કરે છે. દર્દભર્યા કે આનંદ કે વિવિધ લાગણીસભર ગીતો આપણાં શરીરના સ્પંદનોમાં ઝણઝણાટી ફેલાવે છે. આપણાં માનસપટ્ટ પર રમતાં હજારો ગીતો ક્યાંક ને ક્યાંક આપણા જીવનની ઘટમાળા સાથે જોડાયેલા હોય છે એટલે જ આપણને એ ગમવા લાગે છે, તેથી જ તેને આપણે ગાવા પણ લાગીએ છીએ.

## સહેવાગ ગીતો ગાતા-ગાતા બેટીંગ કરીને ચોક્કા-છગ્ગા લગાવતો !

ઘણા ફિલ્મ સ્ટારો-ક્રિકેટરોને ગીતો ગાવાનો બહુ જ શોખ છે, મોકો મળે એટલે અચુક ગીતો ગાય. ક્રિકેટર વિરેન્દ્ર સેહવાગ મેચમાં ગીત ગાતા-ગાતા બેટીંગ કરીને ચોકા-છકા લગાવ્યાના ઘણા વિડિયો વાયરલ થયા હતાં. દુનિયાના બધા લોકોને ગીતો ગાવા ગમે છે. ગીટાર, તબલા, હારમોનિયમ, ફ્લૂટ જેવા વાદ્ય હવે નાના બાળકો પણ શિખવા લાગ્યા છે. ઝુંપડપટ્ટીમાં રહેતા બાળકો કેશિયો પાર્ટીમાં સુંદર કિબોર્ડ વગાડે છે. ઘણા લોકો હેડફોનમાં ગીતો સાંભળતા-સાંભળતા તેની સાથે ગાતા જોવા મળે છે. સત્સંગમાં લગભગ દરેક મહિલા ભજન-કિર્તન ગાતા હોય છે. સંગીત, ગાયન-વાદન આપણને એકબીજા સાથે જોડે છે. શાળામાં ગવાતી પ્રાર્થનાનો લયબધ્ધ સૂર-સંવાદિતા આપણું દીલ જીતી લે છે. ગીતોના સ્વરમાં ગઝબની તાકાત હોય છે. પોતાના પ્રિયપાત્ર માટે આજના યુગમાં જુવાનિયા રોમેન્ટિક ગીતો ગાતા જ હોય છે. ગીતો જ આપણું જીવન છે. સંગીત આપણી નસ-નસમાં હોય છે. તેને કારણે જ ગમતું ગીત આવે ત્યારે ગાવા લાગવું. આંગળાનો તાલ આપવો કે નાચવા લાગવું તે જ તેની સાથેનો અનુબંધ બતાવે છે.

## સુર અને તાલ તો માત્ર બહાનું છે, માણતા આવડે તો કુદરતનાં ખૂણે-ખૂણે સંગીત છે !

સુખ હોય કે દુઃખ સંગીત જ આપણને રાહત કે શાંતિ આપે છે. સૃષ્ટિના તમામ ખૂણે જીવન અમૃતરૂપી સંગીત પડેલ જ છે. માત્ર આપણે માણવાની જરૂર છે. પંખીઓનો કલરવ, વરસાદનું વરસવું, માતાનું હાલરડું, ઝરણાંનું ખડખડ વહેવા સાથે દુનિયાની તમામ જગ્યાએ સંગીત છે માત્ર આપણે સાંભળવાની જરૂર છે.

# સોમનાથમાં કાલથી ગુંજશે શરણાઈના સુર, ઢબુકશે લગ્નના ઢોલ

## મોંઘવારીના જમાનામાં પરવડે તેવી અને પ્રભુ સાનિધ્યની અનોખી લગ્ન યોજના સોમનાથ ટ્રસ્ટ માત્ર રૂા.૧૧૦૦૦માં સંપૂર્ણ લગ્ન સંપન્ન થશે

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

વિક્રમના આ વરસના લગ્નના શુભ મુહુર્તો જુલાઈ માસમાં અને તે પણ છેલ્લાં જ હોય છ દિવસો સોમનાથ પંથક લગ્નની શરણાઈઓ અને ઢોલથી ઢબૂકી ઉઠશે. શુભ મુર્હુતો જુલાઈ ૨૦૨૪ તારીખો ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ ત્યારબાદ ૧૭ જુલાઈથી ચાર્તુમાસ દેવશયની પ્રારંભ થતો હોય હવે પછી દેવદિવાળી બાદ નવા વરસમાં લગ્નના મુહુર્તોમાં લગ્નો યોજાશે.

સોમનાથ ટ્રસ્ટની ચિંતામુક્ત લગ્ન યોજનાને સારો આવકાર મળ્યો છે. વેરાવળ જ નહીં આસપાસના ગામોના લોકો પણ આ યોજના હેઠળ લગ્ન માટે સોમનાથ પસંદ કરે છે. આર્થિક રીતે પરવડે છે. પવિત્ર વિધી, સન્માનજનક સારો લગ્ન હોલ અને અન્ય સુવિધાઓ માત્ર રૂપિયા ૧૧૦૦૦માં. કઈ સુવિધા : શુશોભિત લગ્ન હોલ, રાજા ખુરશી, દ્વાર તોરણ, લગ્ન છાબ, ૫૦ નંગ ફોટોગ્રાફ્સ, ડેટા સીડી, વરકન્યા માટે ફૂલહાર, નિયત મિઠાઈ, લગ્નવિધી માત્ર બે કલાકમાં જ સોમનાથજીની પ્રસાદી, ભુદેવ વ્યવસ્થા, વરકન્યા સહિત ૧૦૦ મહેમાનોની વ્યવસ્થા લગ્નપ્રસંગ ઉપસ્થિતિ માટે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૬૫ | ૬૫૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૩૬૮ | ૬૦૦ | ૧૦૦૦ |
| તરબુચ | ૧૮ | ૧૫૦ | ૩૦૦ |
| બટેટા | ૩૬૫૦ | ૨૭૦ | ૬૧૧ |
| ડુંગળી સુકી | ૧૬૦૫ | ૧૯૦ | ૬૧૦ |
| ટમેટા | ૪૭૦ | ૬૦૦ | ૧૧૦૦ |
| સુરણ | ૪૦ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| કોથમરી | ૧૮૦ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મુળા | ૩ | ૩૫૦ | ૪૮૦ |
| રીંગણા | ૩૨૫ | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૪૫૧ | ૪૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૪૫૫ | ૭૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૩૨૦ | ૮૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૩૭૫ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૩૨ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ટીંડોળા | ૫૧ | ૬૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૪૧૪ | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૧૨૫ | ૭૦૦ | ૧૦૦૦ |
| સરગવો | ૬૨ | ૮૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૨૫૫ | ૮૫૦ | ૧૨૭૦ |
| પરવર | ૫૯ | ૭૦૦ | ૯૦૦ |
| કાકડી | ૨૯૦ | ૬૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૧૫૦ | ૨૫૦ | ૫૦૦ |
| ગલકા | ૬૪ | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૫ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૩૪ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૪૫ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| આદુ | ૧૭૭ | ૧૯૦૦ | ૨૨૦૦ |
| મરચા લીલા | ૨૩૦ | ૭૫૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૮૦ | ૭૦૦ | ૧૦૦૦ |
| મકાઈ લીલી | ૭૫ | ૨૫૦ | ૪૦૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૭૦૦ | ૧૪૫૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૧૪૦ | ૫૨૪ | ૫૫૫ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૫૨૪ | ૫૬૬ |
| જુવાર સફેદ | ૨૩૦ | ૮૩૧ | ૯૩૦ |
| જુવાર પીળી | ૩૫ | ૪૦૦ | ૪૬૦ |
| બાજરી | ૨૦૦ | ૩૮૦ | ૪૪૦ |
| તુવેર | ૧૨૫ | ૧૬૪૦ | ૨૧૦૦ |
| ચણા પીળા | ૬૧૦ | ૧૨૪૧ | ૧૨૯૫ |
| ચણા સફેદ | ૪૨૫ | ૧૫૧૧ | ૨૪૦૦ |
| અડદ | ૧૩૦ | ૧૬૮૬ | ૧૯૨૨ |
| મગ | ૧૦૦ | ૧૪૦૦ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૧૦૦ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| વાલ પાપડી | ૧૫ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ચોળી | ૫૦ | ૧૨૨૦ | ૨૩૫૦ |
| વટાણા | ૨૧ | ૧૩૨૫ | ૧૯૫૦ |
| સીંગદાણા | ૯૦ | ૧૫૮૦ | ૧૭૭૫ |
| મગફળી જાડી | ૬૦૦ | ૧૧૩૦ | ૧૨૯૫ |
| મગફળી જીણી | ૨૦૦ | ૧૧૨૦ | ૧૨૩૫ |
| તલી | ૧૨૦૦ | ૨૩૨૦ | ૨૫૨૫ |
| સુરજમુખી | ૩ | ૫૪૦ | ૫૪૦ |
| એરંડા | ૭૫ | ૧૦૫૦ | ૧૧૬૧ |
| અજમો | ૫ | ૧૩૦૦ | ૨૮૨૫ |
| સોયાબીન | ૨૦૦ | ૮૦૦ | ૮૬૮ |
| સીંગફાડા | ૧૫૦૦ | ૧૧૦૦ | ૧૫૧૧ |
| કાળા તલ | ૨૨૫ | ૨૯૦૫ | ૩૩૧૦ |
| લસણ | ૫૫૦ | ૧૫૭૫ | ૨૯૫૦ |
| ધાણા | ૧૦૦ | ૧૧૫૦ | ૧૩૫૦ |
| ધાણી | ૮૦ | ૧૨૦૦ | ૧૪૩૦ |
| વરીયાળી | ૩૦૦ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૬૩૦ | ૪૩૫૦ | ૫૨૭૮ |
| રાય | ૫૦ | ૧૧૦૦ | ૧૨૫૫ |
| મેથી | ૫૦૦ | ૯૭૦ | ૧૩૮૦ |
| કલોંજી | ૯૦ | ૩૧૧૦ | ૩૮૩૦ |
| રાયડો | ૧૦૦ | ૯૪૦ | ૧૦૫૦ |
| રજકાનું બી | ૧૦૦ | ૪૨૦૦ | ૫૮૬૦ |
| ગુવારનું બી | ૧૨૫ | ૯૮૦ | ૧૦૦૦ |

## અબતક પંચાગ

### તા.૯-૭-૨૦૨૪ મંગળવાર

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૦ **શાલીવાહન શકિ**: ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૪ |
| તિથી | અષાઢ શુદ્ર ત્રીજ અંગારીક ચોથ |
| નક્ષત્ર | આશ્લેષા |
| યોગ | સિધ્ધિ **કરણ:** વણિજ |
| સુર્યોદય | ૬.૧૧ **સુર્યાસ્ત:** ૭.૩૪ |
| ચંદ્ર રાશી | કર્ક સવારે ૭.૫૩થી સિંહ |
| રાશિ અક્ષર | ડ.હ/મ.ટ |
| દિશાશૂળ | ઉત્તર દિશાતરફ |
| રાહુકાળ | બપોરે ૩ થી ૪.૩૦ |
| દિવસનાચોઘડીયા | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ |
| રાત્રીનાચોઘડીયા | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૫ થી ૧.૧૮ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | ૭ | ૧ | | |
| ૬ | | ૯ | ૩ | | | | | |
| | | | | | | | | ૫ |
| | | ૩ | | | | ૭ | | |
| | | ૮ | | ૨ | | | | |
| ૫ | | | ૬ | ૮ | | | | ૪ |
| ૪ | | | | ૬ | | | ૩ | |
| | | | ૧ | | ૨ | | | |
| ૧ | ૮ | ૨ | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૪ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ | ૫ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૪ | ૮ |
| ૩ | ૬ | ૫ | ૪ | ૮ | ૧ | ૭ | ૨ | ૯ |
| ૮ | ૭ | ૪ | ૩ | ૯ | ૬ | ૫ | ૧ | ૨ |
| ૧ | ૨ | ૬ | ૫ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ |
| ૫ | ૯ | ૩ | ૨ | ૧ | ૮ | ૬ | ૭ | ૪ |
| ૪ | ૮ | ૭ | ૯ | ૩ | ૫ | ૨ | ૬ | ૧ |
| ૬ | ૫ | ૧ | ૮ | ૪ | ૨ | ૯ | ૩ | ૭ |
| ૨ | ૩ | ૯ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ | ૫ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૮-૦૭-૨૦૨૪ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કચ્છ એક્સપ્રેસ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (દાળ કાલબેલિયા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.ધવલ મકવાણા)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (આર યુ ઓકે)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (આઈ સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (આ ફેમિલી કોમેડી છે)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ ચાલને જીવી લઈએ
૦૮:૦૦ થી ૦૯:૦૦ મનુ મોજીલો
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કાલકુંભ
**તારીખ ૦૯-૦૭-૨૦૨૪ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## આજનું રાશિફળ

**તા.૮.૭.૨૦૨૪ સોમવાર, સંવંત ૨૦૮૦ અષાઢ સુદ ત્રીજ, પુષ્ય નક્ષત્ર, વજ્ર યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે.**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય, શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** તમારા વિચારોને અમલમાં મૂકી શકો. ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.

**કર્ક (ડ,હ) :** ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.

**સિંહ (મ,ટ) :** કોઈ બાબતને અહમનો પ્રશ્નના બનાવવો, વાદ વિવાદ થી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે,મધ્યમ દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :** અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય. દિવસ સારો રહે.

**તુલા (ર,ત) :** સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગ ને મધ્યમ રહે, નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન,ય) :** યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશથી સારા સમાચાર મળે, જુના મિત્રોને મળવાનું થાય.

**મકર (ખ,જ) :** સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય,શુભ દિન.

**કુંભ (ગ,સ,શ) :** ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે, તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

# અગ્નિકાંડ : મૃત્તકના પરિજનોએ કન્ઝ્યુમર કોર્ટમાં ૨૦ લાખનો દાવો માંડ્યો

## કલેકટર, મ્યુ.કમિશનર, પોલીસ કમિશનરને પક્ષકાર તરીકે જોડતા તમામને નોટિસ ફટકારાઈ




**અબતક, રાજકોટ**

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના મૃતકના પરિવારે ગ્રાહક કોર્ટમાં ૨૦ લાખનો દાવો કર્યો છે. જેમાં કલેકટર, મ્યુ.કમિ., પોલીસ કમિ.ને પક્ષકાર તરીકે જોડ્યા છે. કોર્ટે રેસ-વે એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો, મિલકતના માલિક, રાજકોટ કલેકટર, પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર એમ તમામ પક્ષકારને નોટિસ ફટકારી છે.

કન્ઝ્યુમર કાયદા હેઠળ રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ (અધિક) સમક્ષ દાખલ કરવામાં આવેલ ફરિયાદની વિગત જોતા, સમગ્ર ગુજરાત અને દેશમા ચર્ચાસ્પદ બનેલ ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં મૃત્યુ પામેલ ૨૭ મૃતકો પૈકી દર્શન એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થી અને જાણીતા વેપારી અગ્રણી રસિકભાઈ વેકરીયાના પુત્ર નિરવના મૃત્યુ બદલ રેસ-વે એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી, તેના ભાગીદારો, મિલકતના માલિકો વિરુદ્ધ રસિકભાઈ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આયોગ દ્વારા તમામ પક્ષકારોને નોટીસ ફટકારવામાં આવી છે.

ફરિયાદીએ પોતાના પુત્ર નિરવ કે, જે દર્શન એન્જિનિયરિંગ કોલેજ ખાતે એન્જિનિયરિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. તેની ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધ્યાને લઈ રેસ-વે એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારો, મિલ્કતના માલિકો પાસેથી ૨૦ લાખના વળતરની માંગણી કરી છે.

ફરિયાદીએ કરેલ ફરિયાદના વર્ણનમાં નોંધવામાં આવ્યું છે કે, રેસ-વે એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢી છે. આ પેઢી દ્વારા ટીઆરપી ગેમઝોનના નામથી ગેમ્સ, એમ્યુઝમેન્ટ, સ્પોર્ટસ અને રેસીંગ જેવી અનેકવિધ એક્ટિવિટી થઈ શકે તેવી પોતાની પ્રોડક્ટ વિવિધ પ્રકારે જાહેરાતના માધ્યમથી ઓફર કરેલ હતી. આવી ઓફરના પ્રલોભનથી મૃતક નિરવ, કે જે પેઢીના ગ્રાહકની વ્યાખ્યામાં આવે છે.



તેઓ તથા અન્ય ગ્રાહકો આકર્ષાયા હતા અને પેઢીએ નિયત કરેલ રકમ ચૂકવી પેઢીની પ્રોડક્ટ એટલે કે, ગેમઝોનમાં ટ્રેમ્પોલીન, આર્ટિફિશિયલ વોલ ક્લાઈમ્બીંગ, રેસીંગ, બોલીંગ, જમ્પીંગ વગેરે રમતગમત, એમ્યુઝમેન્ટ માણવા પ્રવેશ લીધો હતો.

તા.૨૫/૫/૨૪ ના રોજ ગેમઝોન ખાતે અચાનક આગ ફાટી નીકળતા ગેમઝોનમાં રમતગમત એમ્યુઝમેન્ટનો લાભ લઈ રહેલ નિરવ તથા અન્ય ગ્રાહકો ગેમઝોનમાંથી બહાર નીકળી શક્યા ન હતા અને અગ્નિજ્વાળાની લપેટમાં આવી અકાળે મૃત્યુ પામ્યા હતા. ફરિયાદમાં સ્પષ્ટ આક્ષેપ કરવામાં આવેલ છે કે પેઢી દ્વારા પોતાના ગ્રાહકો માટે સુરક્ષા વિષયક બાબતો અન્વયે બેદરકારી દાખવવામાં આવેલ, અગ્નિશામક સાધનો ઉપલબ્ધ રાખવામાં આવેલ નહી.

ગ્રાહકો માટે કોઈપણ પ્રકારની વિમા સુરક્ષા પણ લેવામાં આવેલ નહી જેને પરિણામે પેઢીના ગ્રાહક એવા નિરવ વેકરીયાનું પેઢીના સ્થળે પેઢીની ખામીયુક્ત સેવા તથા બેદરકારીને કારણે મૃત્યુ થયેલ છે. તે સબબ પેઢીના ભાગીદારો, પેઢી જે સ્થળે ચાલતી હતી તે સ્થળના માલીકો મૃતક નિરવ વેકરીયાના પરિવારને ૨૦ લાખ રૂપિયા વળતર ચૂકવે તેવી દાદ આ ફરિયાદ તળે માંગવામાં આવી છે.

આ ફરિયાદને લગતું તમામ સાધનિક રેકર્ડ કે જે રાજકોટ કલેકટર કચેરી, પોલીસ કમિશનર કચેરી અને મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક હોય તે તમામ દસ્તાવેજી પુરાવાઓ આયોગ સમક્ષ રેકર્ડ ઉપર લઈ આવી શકાય તે હેતુથી રાજકોટના કલેકટર, પોલીસ કમિશનર તથા મ્યુનિસિપલ કમિશનરને પક્ષકાર તરીકે જોડવામાં આવ્યા છે.



આ તમામ સક્ષમ સત્તાધિકારી તથા તેમની કચેરી દ્વારા કોઈની શેહ શરમમા આવ્યા વગર પૂર્ણ પ્રમાણિક અને પારદર્શક અભિગમ અપનાવી રેકર્ડ રજૂ કરવામા આવે છે કે કેમ તેના ઉપર રાજકોટ વાસીઓની મીટ મંડાઈ છે. ફરિયાદના કાર્યને સામાજિક ઉત્તરદાયિત્વ ગણી ફરિયાદીના એડવોકેટ ગજેન્દ્ર જાની દ્વારા કોઈ ફી લેવામાં આવશે નહીં.

---

### જયજગન્નાથ, અક્ષર પુરૂષોતમ મહારાજના જય જયકારના ગગન ચૂંબી નાદથી ગુંજી ઉઠયું મંદિર પરિષદ

# મહંત સ્વામી મહારાજના સાનિધ્યમાં રથયાત્રાના ઐતિહાસિક પર્વની ઉજવણી



**મહંતસ્વામી મહારાજના રોકાણ દરમિયાન આજે સાંજે છેલ્લી વિદાય સભા યોજાશે**





### સંતોએ પાલખીયાત્રા સ્વામીના રથનો દોરી સંચાર કર્યો

સભાના મુખ્ય કાર્યક્રમમાં ભગવાન જગન્નાથજીની મૂર્તિ શુશોભિત પાલખીમાં તેમજ અક્ષરપુરુષોત્તમ મહારાજની સાથે સ્વામી કલાત્મક રથમાં વિરાજમાન થયા. અપૂર્વ રથયાત્રા ઉત્સવની શરૂઆત થઈ.પૂજ્ય સંતો પાલખિયાત્રા તેમજ સ્વામી ના રથને સુંદર રીતે દોરી સંચાર કરી ચલાવી રહ્યા હતા. સમગ્ર મંદિરની સ્વામીશ્રીએ બે પ્રદક્ષિણા કરી. અત્યન્ત યાદગાર આ પળોને સૌ ભાવિક ભક્તો પોતાના હૈયામાં કંડારી રહ્યા હતા. રથયાત્રા વિરમી ત્યારે બુલંદ જયનાંદો તેમજ આતિશબાજીથી તેની પૂર્ણાહુતિ થઈ.

### સાયંસભામાં હજારો ભકતો ઉમટયા રથયાત્રાને અનુરૂપ ધૂન કીર્તનની રમઝટ

સાંજે મંદિર પરિસરમાં યોજાયેલ રથયાત્રા પર્વની વિશિષ્ટ રવિસભામાં સાંજે ૪ વાગ્યાથી જ હજારો ભક્તોની ભીડ જોવા મળી હતી. મંદિરમાં પ્રવેશતા જ ભક્તોને પ્રસાદ અને મહોત્સવની આરતી માટેની સામગ્રી આપવામાં આવી હતી. મંદિરનો પ્રત્યેક ખૂણે ખૂણો હજારો ભક્તોથી સજ્જ બન્યો હતો. રથયાત્રાના રથ માટેનો પથ પણ લાલ જાજમથી વધુ આકર્ષક બન્યો હતો. સાયંસભાની શરૂઆત રથયાત્રાના પ્રસંગને અનુરૂપ ધૂન કીર્તનથી થઈ. ભગવાન અને સંતને આપણા જીવનરથના સારથી બનાવી જીવનની લગામ એમના હાથમાં સોંપી દઈએ તો આપણે આપણા જીવનમાં આવતા શારીરિક, કૌટુંબિક, વ્યાવહારિક કે આધ્યાત્મિક પ્રશ્નોમાંથી ઉગરી શકીએ એવી પ્રેરક કથાવાર્તા પૂજ્ય સંતોએ વિવિધ પ્રવચનો દ્વારા કરી.

**અબતક, રાજકોટ**

ભક્તિ, સમર્પણ અને સેવા સાથે ઉજવાતો અષાઢી બીજનો ઉત્સવ એટલે રથયાત્રા ઉત્સવ. આ ઉત્સવનો લાભ લેવા વહેલી સવારથી જ હરિભકતો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પ.પૂ.મહંતસ્વામી મહારાજના સાનિધ્યમાં પૂજાદર્શન અને રથયાત્રા ઉત્સવની ઉજવણી માટે વહેલી સવારથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

રથયાત્રા પર્વે મંદિર પર ભગવાન સમક્ષ વિવિધ મીઠાઈઓનો ભવ્ય અન્નકૂટ રચવામાં આવ્યો હતો. સભાગૃહના મુખ્યમંચને પણ ભગવાન શ્રીજગન્નાથ, સુભદ્રાજી, અને બળદેવજી મહારાજના સુશોભિત ઈલેક્ટ્રોનિક્સ રથનો નયનરમ્ય નજારો જોવા મળતો હતો. પ્રાતઃપૂજામાં રથયાત્રા ઉત્સવના કિર્તનની પ્રસ્તુતિ સંતો અને યુવકો દ્વારા કરવામાં આવી હતી. પૂજા બાદપ.પૂ.મહંતસ્વામી મહારાજે

(અનુ. આઠમા પાને)

---

# સમસ્ત ચુંવાળિયા કોળી સમાજ દ્વારા સંત વેલનાથ જયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

## વિવિધ રાજમાર્ગો પર શોભાયાત્રાનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરતા શહેરીજનો

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સમસ્ત ચુંવાળિયા સમાજ દ્વારા આયોજીત વેલનાથ જયંતિની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. ધર્મગુરૂ વેલનાથ ભવ્યના જન્મદિવસ તથા અષાઢી બીજના પાવન પર્વે શોભાયાત્રામાં માનવ મેદની ઉમટી હતી.

વેલનાથના જીવનમાં સત્સંગ, શિવભક્તિ, સાધુ-સંતોની સેવા કરવી ભક્તિ અને સિદ્ધિ મળવાના કારણે ગીરનારમાં સંતોની હરોળમાં સ્થાન પામ્યા હતા. ગીરનારની પરિક્રમાને જ્યાંથી પ્રસ્થાન કરવામાં આવે તેને ''વેલનાથ બાવા''ની જગ્યા તરીકે ઓળખવામાં આવે છે.

વેલનાથજીનું અમૂલ્ય યોગદાન છે. ચુંવાળિયા સમાજના ધર્મગુરૂ વેલનાથજીની સ્મૃતિના ભાગરૂપે સમસ્ત સમાજ દ્વારા ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નીકળી હતી. સાધુ-સંતો, મહિલાઓ, બાળકો ઉમટી પડ્યા હતા. ઢોલ-નગારા અબીલે-ગુલાલ સાથે રથયાત્રામાં બાળકોએ વેલનાથજીના વેશભૂષા ધારણ કરી હતી.



### વેલનાથજીના જન્મદિવસે તેમનો જ વેશ ધારણ કરીને ખૂબ આનંદ થયોઃ ભાર્ગવ કુવરીયા

'અબતક' સાથેની વાતચિતમાં ભાર્ગવ કુવરીયાએ જણાવ્યું હતું કે ભગવાન વેલનાથના જન્મદિવસ નિમિતે તેમનો જ વેશ ધારણ કરીને ખૂબ જ આનંદ થયો.



### રથયાત્રામાં ઠેર-ઠેરથી લોકોનો મળ્યો પ્રતિસાદઃ મહામંત્રી દીપક બાબરીયા

'અબતક' સાથેની વાતચિતમાં મહામંત્રી દીપક બાબરીયાએ જણાવ્યું હતું કે વેલનાથ જયંતિએ સમગ્ર સમાજ ભક્તિમાં લીન થઈ ગયો હતો. ઠેર-ઠેર જગ્યાએથી લોકો જોડાયા હતા. વાતાવરણ ભક્તિમય બની (અનુ. આઠમા પાને)



### સમાજની દીકરીઓ માટે છાત્રાલય બનાવીશુંઃ પ્રમુખ દેવાંગ કુકાવા

'અબતક' સાથેની વાતચિતમાં દેવાંગ કુકાવાએ જણાવ્યું હતું કે રાજકોટ શહેરમાં રથયાત્રાને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. વર્ષોવર્ષ વેલનાથ જયંતિની સમસ્ત સમાજ દ્વારા (અનુ. આઠમા પાને)



### વેલનાથ જયંતિ અને અષાઢી બીજનો સુલભ સંયોગઃ ભરત ડાભી

'અબતક' સાથેની વાતચિતમાં ચુંવાળિયા કોળી સમાજના ભરત ડાભીએ કોળી સમાજના ધર્મગુરૂ વેલનાથના જન્મદિવસે તથા અષાઢી બીજના (અનુ. આઠમા પાને)





### સમગ્ર ગુજરાતમાં વેલનાથ જયંતિની ભાવભેરથી ઉજવણીઃ દિનેશ મકવાણા

'અબતક' સાથેની વાતચિતમાં દિનેશ મકવાણાએ જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં વેલનાથ જયંતિની ઉજવણી કરવામાં આવે છે. દરેક જિલ્લા-તાલુકામાં વેલનાથ જયંતિની ભાવભેર ઉજવણી કરવામાં આવે છે. શોભાયાત્રામાં સમસ્ત ચુંવાળિયા કોળી સમાજના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

### શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘના આંગણે

# જયશેખરસુરીશ્વરજી મ.સા.આદિ ઠાણાનો ચાતુર્માસ મંગલ પ્રવેશ



ચાતુર્માસ પૂનિત પધરામણી સમયે પૂ.જયશેખરસુરીશ્વરજી મ.સાએ ભાવિકોને પ્રથમ માંગલીક સંભળાવ્યું:હજારોભાવિકોએ નવકારશીનો લીધો લાભ

## ભવ્યાતિભવ્ય વરઘોડામાં શ્રાવક-શ્રાવિકાઓની ઉપસ્થિતિ

**અબતક,રાજકોટ**

કાલાવાડ રોડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ ના પુનિત આંગણે, નિર્માણાધિન નૂતન જિનાલય જયાનંદ ધામ(નવ ગ્રહ જિનાલય)માં બિરાજમાન થનાર પરમાત્મા, ગણધર અને દેવ-દેવીઓની પ્રતિમાઓનો નગર પ્રવેશ પ.પૂ. આચાર્યદેવ આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ સંવત ૨૦૮૦ ના અષાઢ સુદ બીજ ને રવિવાર પરમકૃપાશિષ પૂ. યુગદિવાકર આ. ધર્મસૂરીશ્વરજી મ.સા., પૂ. સાહિત્ય કલારત્ન આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા., શતાવધાની આ. જયાનંદસૂરીશ્વરજી મ.સા., ચાતુર્માસ પુનિત પધરામણી પૂ. આ. જયશેખરસૂરીશ્વરજી મ.સા, પૂ. મુનિ મતિપૂર્ણવિજયજી મ., પૂ. સાધ્વી અર્હતકલાશ્રીજી મ., પૂ. સાધ્વી નમ્રકલાશ્રીજી મ., પ્રવેશ અવસરે ઉપસ્થિત પૂ. સાધ્વીજી દિવ્યાશ્રીજી મ. સા. હાજર રહેલ.. નવકારશીમાં ૧૦૮૪ ભાવિકોએ લેન્ડમાર્ક બિલ્ડીંગ, લીબુંડીવાડી મેઈન રોડ ખાતે લાભ લીધેલ..ત્યારબાદ

(અનુ. આઠમા પાને)

# ભારતીય સંસ્કૃતિ ભગવાન મહાવીર સ્વામીની ફિલસુફીમાં વૈશ્વીક સમસ્યાનું નિરાકરણ:આચાર્ય લોકેશજી

### ભગવાન મહાવીરના ૨૫૫૦માં નિવાર્ણ વર્ષની ઉજવણીનો ઉત્તરાખંડ રાજભવનમાં યોજાશે કાર્યક્રમ



**અબતક, રાજકોટ**

ભગવાન મહાવીરના ૨૫૫૦માં નિર્વાણ વર્ષ અને 'અહિંસા વિશ્વ ભારતી'ના સ્થાપના દિન નિમિત્તે ઉત્તરાખંડ રાજભવન ખાતે આવતીકાલે સવારે ૧૦ થી ૧૨.૩૦ દરમિયાન 'ભારતીય સંસ્કૃતિ અને ભગવાન મહાવીર ફિલસૂફીમાં વૈશ્વિક સમસ્યાઓનું નિરાકરણ' વિષય પરઆંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે. ઉત્તરાખંડના ગવર્નર લેફ્ટનન્ટ જનરલ ગુરમીત સિંહજી આંતરરાષ્ટ્રીય સેમિનારમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે, વિશ્વ શાંતિ દૂત જૈન આચાર્ય લોકેશજી, પતંજલિ યોગપીઠના સહ-સ્થાપક પૂજ્ય આચાર્ય બાલ કૃષ્ણજી અને બૌદ્ધ સાંસ્કૃતિક ફાઉન્ડેશનના અધ્યક્ષ દીપાંકર સુમેધનજી ઉપસ્થિત રહેશે. યુએસ પ્રમુખના સલાહકાર અજય ભુટોરિયાજી, અમેરિકામાં ભારતીય સમુદાયના નેતા રશ્મીકાંત કામદારજી, વીર ચક્ર વિજેતા કર્નલ ટી.પી. ત્યાગી અને ઘણા દિગ્ગજ લોકો આ કાર્યક્રમમાં ભાગ લેશે.

'અહિંસા વિશ્વ ભારતી' અને 'વર્લ્ડ પીસ સેન્ટર'ના સ્થાપક આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે જૈન, બૌદ્ધ, હિંદુ, શીખભારતીય ધર્મોના દિગ્ગજ નેતાઓની સાથે સાથે વિશ્વભરમાં ભારતને ગૌરવ અપાવનાર અનેક ભારતીયો સેમિનારમાં ભાગ લેવાના છે.સેમિનારમાં યુદ્ધ, હિંસા, કુદરતી સંસાધનોનો ક્ષય, ધાર્મિક કટ્ટરતા, અસમાનતા અને શોષણ જેવી વૈશ્વિક સમસ્યાઓના નિરાકરણમાં ભગવાન મહાવીરની ફિલસૂફી અને ભારતીય સંસ્કૃતિની પ્રાસંગિકતા અંગે વિસ્તૃત ચર્ચા થશે.

કાર્યક્રમના સંયોજકો સતીશ અગ્રવાલ અને સંજય મિત્તલે જણાવ્યું હતું કે,સેમિનારની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે, દેશ-વિદેશમાંથી વિવિધ ક્ષેત્રની પ્રતિષ્ઠિત હસ્તીઓ સેમિનારમાં ભાગ લેવા દહેરાદૂન આવી રહી છે.આ વર્ષે 'અહિંસા વિશ્વ ભારતી' સંસ્થા દ્વારા 'વિશ્વ શાંતિ કેન્દ્ર'નું પણ ઉદઘાટન થવા જઈ રહ્યું છે, તેથી જ સંસ્થાના કાર્યકરોમાં સ્થાપના દિવસને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

પ્રવક્તા પ્રેમ પ્રકાશ ગુપ્તાએ જણાવ્યું કે,સેમિનાર પહેલા આચાર્ય લોકેશજી અને'અહિંસા વિશ્વ ભારતી'ના કાર્યકરો સાથે માતા ગંગાની આરતીમાં ભાગ લેશે.

# સરગમ કલબ સંચાલિત રામનાથ પરા મૂક્તિધામમાં ૨૫૦૦ અસ્થિઓનું પુજન

### અસ્થિઓનું ૧૧ જુલાઈએ હરિદ્વારમાં વિસર્જન કરાશે



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત સરગમ ક્લબ સંચાલિત શહેરના મધ્યમાં રામનાથપરા મુકિતધામમાં જાન્યુઆરી - ૨૦૨૪ થી જૂન - ૨૦૨૪ સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ અપાયા હતા. શહેરના રામનાથપરા મુકિતધામમાં જાન્યુઆરી થી જૂન સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ આપ્યો હતો. તેમનો અસ્થી પૂજનનો કાર્યક્રમ રવિવારે સવારે ૮/૩૦ થી ૧૦/૩૦ વાગ્યા સુધી બ્રાહ્મણોએ શાસ્ત્ર વિધિ મુજબ યોજાયો હતો. મૃતકોના તમામ સ્વજનોને સરગમ ક્લબ દ્વારા વ્યક્તિગત પત્ર લખી રવિવારે અસ્થી પૂજન માટે બોલાવાયા હતા. જેમાંથી ૧૨૦૦ જેટલા લોકો અસ્થી પૂજનમાં ઉપસ્થિત રહ્યા હતા. કુલ ૨૫૦૦ અસ્થિઓનું પૂજન કરાયું હતું. સરગમ ક્લબ આગામી તારીખ ૯ મી જૂલાઈ આ તમામ અસ્થિઓનું વિસર્જન કરવા હરિદ્વાર રવાના થશે. અને૧૧ મી જૂલાઈ એ દરેક મૃતક વ્યક્તિનું નામ બોલી બોલીને અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરશે. ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે,સરગમ કલબના દરેક હોદેદાર સ્વખર્ચે અસ્થિનું વિસર્જન કરવા હરિદ્વાર જશે.

સમગ્ર અસ્થી પૂજનની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનાં માર્ગદર્શન નીચે અને મુક્તીધામના ઈન્ચાર્જ રમેશભાઈ અકબરી સાથે મનસુખભાઈ ધંધુકિયા, જગદીશભાઈ કિયાડા, સુરેશભાઈ દ્રેત્રોજા, દીપકભાઈ શાહ, જયસુખભાઈ ડાભી, કનૈયાલાલ ગજેરા, પંકજભાઈ રાઠોડ, હરેશભાઈ છોટાળા, ગુણવંતભાઈ ભટ્ટ, મનમોહનભાઈ પનારા, નરેન્દ્રભાઈ આડેસરા, કિરીટભાઈ આડેસરા, ધીરુભાઈ હિરાણી, રાજેન્દ્રભાઈ શેઠ, અનવરભાઈ ઢેબા, અને લેડીઝ ક્લબમાંજયશ્રીબેનવ્યાસ,ગીતાબેન હિરાણી, દેવાંશીબેન શેઠ,જસુમતીબેન વસાણી,

(અનુ. આઠમા પાને)

# અંતે સિવિલ હોસ્પિટલના અધિક્ષકનો ચાર્જ સંભાળતા ડો. મોનાલી માંકડિયા

### આશરે સાડા ત્રણ વર્ષ સુધી મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ રહ્યા બાદ ફરી આર.એસ.ત્રિવેદી ફિઝીયોલોજીના તબીબ તરીકે પરત ફર્યા





**અબતક,રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ અધીક્ષક ડો.આર.એસ.ત્રિવેદી પાસેથી સરકારે ચાર્જ લઈ પ્લાસ્ટિક સર્જન ડો.મોનાલી માકડીયાને સોંપતા સિવિલ હોસ્પિટલમાં ચર્ચાનો વિષય બન્યો છે.ખૂબ જ જવાબદારીથી પૂર્ણ આ ચાર્જને સંભાળવા પ્રત્યે ડો.મોનાલી માકડિયાના મનમાં મૂંઝવણ હોય,પરંતુ સરકાર દ્વારા સોંપાયેલી આ જવાબદારીને નિભાવવા હેતુ ડો.માકડિયા દ્વારા આજ રોજ સત્તાવાર રીતે સિવિલ હોસ્પિટલનો ચાર્જ સંભાળવામાં આવ્યો છે.

વધુ વિગત મુજબ ત્રણેક વર્ષથી મેડિકલ સુપ્રીટેનડેન્ટ તરીકે અને એકાદ વર્ષથી ઈન્ચાર્જ સુપ્રિટેન્ડેન્ટ તરીકેના ડો.ત્રિવેદીના કાર્યકાળ દરમિયાન અવારનવાર કોઈને કોઈ વિવાદો ઊભા થયા હતા.જે અખબારોમાં પ્રસિદ્ધ થતાં સિવિલ હોસ્પિટલ એ ચર્ચાનો વિષય બની રહી હતી.પરંતુ રાજકોટની આ પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ એ સૌરાષ્ટ્રની સૌથી મોટી સરકારી

(અનુ. આઠમા પાને)

## આર.એસ.ત્રિવેદીના કાર્યકાળમાં થયેલા કાર્યો

- કોરોના કાળ જેવી વિકટ પરિસ્થિતિમાં સિવિલ હોસ્પિટલના અધિક્ષક તરીકે ચાર્જ સંભાળનાર ડો.ત્રિવેદીએ,આવી પરિસ્થિતિમાં પણ તેની ફરજનિષ્ઠાને ન ભૂલી તેના જવાબદારીપુર્ણ વ્યક્તિત્વનું પ્રતિબિંબ ઉભુ કર્યુ હતું.જે ખૂબ જ સરાહનીય છે.
- સમગ્ર દેશમાં ફંગસ જેવી બીમારીના કેસોમાં નોંધ પાત્ર વધારો થયો,ત્યારે રાજકોટ શહેરમાં સૌથી વધુ કેસો નોંધાયા હતા.જે દરમિયાન ડો.ત્રિવેદીના મારગદર્શનમાં એક હજારથી વધુ સફળ ઓપરેશન રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવ્યા હતા.
- ડો.ત્રિવેદીના કાર્યકાળમાં સ્કિનબેંક અને કેથલેબ શરૂ કરવામાં આવ્યું.કેઠલેબમાં એન.જી.ઓ. ગ્રાફ્રિ અને એન.જી.ઓ. પ્લાસ્ટિક કરવામાં આવે છે.જે એક માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં વ્યવસ્થા કરવામાં આવી છે.
- આ ઉપરાંત હેલ્પ ડેસ્ક જેવી અવિરત સેવાની અમલવારી કરાવવાનો શ્રેય પણ ડો. ત્રિવેદીને ફાળવવામાં આવે છે.
- સિવિલ હોસ્પિટલ સિવાય ઝનાના હોસ્પિટલના માર્ગદર્શક તરીકેની દરેક કામગીરી પણ ડો.ત્રિવેદી દ્વારા બજાવવામાં આવતી.ઝનાના હોસ્પિટલમાં ઘણી ઉપયોગી નીતિઓ અને સેવાઓ પણ સુપ્રિટેન્ડેન્ટ આર.એસ.ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ અમલમાં મુકવામાં આવી છે.
- આ સિવાય સિવિલ હોસ્પિટલના સૌથી અગત્યના વિભાગ એટલે કે ઈમર્જન્સી વિભાગમાં અગાઉ દરેક વિષયના ડોક્ટરો ન સેવા આપતા હોય,ત્યારે હાડકા અને હૃદય સંબંધી એમ દરેક વિષયમાં નિષ્ણાંત એવા કુલ ચાર જેટલા ડોક્ટરોને ખાસ ઈમરજન્સી વિભાગમાં ગોઠવણી કરવામાં આવ્યા.જે સિવિલ અધીક્ષકને ફાળે છે.
- હાડકા વિભાગ માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરી જગ્યાની ફાળવણી કરવામાં આવી છે.
- મેડિકલ તપાસમાં તબીબો દ્વારા રેફેરેન્સ કરવામાં આવેલ દવાઓ અને સરવારના માધ્યમને ડિજિટલ બનાવી દેવામાં આવ્યા છે.જેનું સંચાલન ડોક્ટર ત્રિવેદી દ્વારા કરવામાં આવે છે.

(અનુ. આઠમા પાને)

### ઋતુઓની રાણી વર્ષાઋતુ

# નિધિ સ્કુલના કે.જી.ના ભૂલકાઓએ કરી ''રેઈની ડે''ની શાનદાર ઉજવણી



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નંબર - ૧ ના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ નિધિ સ્કૂલના કે.જી વિભાગના ભુલકાઓએ ''રેઈની ડે''ની ઉજવણી કરેલ હતી, ઋતુઓની રાણી વર્ષા ઋતુ ની અંદર જ્યારે વરસાદ આવે છે ત્યારે પ્રકૃતિ સોળેકળાએ ખીલી ઊઠે છે, વર્ષાઋતુમાં જરૂર પડતાં રેઈનકોટ, છત્રી તેમજ વર્ષાઋતુમાં આહાર માં લેવામાં આવતી વસ્તુઓ ભૂલકાઓ સ્કૂલ એ લઈ આવ્યા હતા, તેમજ તેમના શિક્ષિકા બહેનોએ વર્ષાઋતુનું મહત્વ અને વર્ષાઋતુમાં ધ્યાન રાખવી પડતી કાળજીની સમજ આપેલ હતી, આ કાર્યક્રમમાં નિધિ સ્કૂલના ટ્રસ્ટી હર્ષાબા ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, કે.જી વિભાગના શિક્ષિકા બહેનો બીનાબેન દવે, રિદ્ધિબા ગોહિલ, પ્રકાશબા ગોહિલ, રિદ્ધિબેન શિયાળ, કૃપાલીબા વાઘેલા, તમન્ના ત્રિવેદી , વિધિ વાઘેલા, ઉર્વશિબા ગોહિલ, સોનાલિકુમારી સિંઘ ઉપસ્થિત રહ્યા હતા.

### સેવાકીય પ્રવૃતિમાં અગ્રેસર

# સત્કાર્ય સેવા સમિતિનો ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ



**અબતક, રાજકોટ**

સત્કાર્ય સેવા સમિતિના સેવાભાવી મહાનુભાવોના સાથ સહકારથી સુર્યના સોનેરી કિરણોની સાક્ષીએ સુમંગલ સફળતાનાં શિખરો સર કરી ત્રણ વર્ષ પરિપૂર્ણ કરી ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે.

સત્કાર્ય સેવા સમિતિ ત્રણ વર્ષ દરમિયાન સ્વ ખર્ચે નિસ્વાર્થભાવે... પરિશ્રમની પરાકાષ્ઠાએ સત્કાર્યોની હારમાળા સર્જીને સતત રેકર્ડ બ્રેક ઈતિહાસ રચવા જઈ રહી છે.

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા આદી વિશાળ ધર્મપ્રેમીઓની સવિશેષ ઉપસ્થિતિમાં બેનમૂન આયોજન કરી જિન શાસનની આન- બાન અને શાન વધારી, જીવદયા અભિયાન અંતર્ગત કતલખાનેથી હજારો અબોલ જીવ છોડાવી જીવદયાના રુડાં કાર્ય કર્યા, સાધુ-સાધવીજીની વૈયાવચ્ચ, સાધાર્મિકોને કીટ વિતરણ, માનવ રાહતનાં કાર્યો, બિપરજોય વાવાઝોડામા સહાયતા, સ્લમ એરિયામાં ફૂડ વિતરણ, અલગ-અલગ વૃધ્ધાશ્રમમાં અવાર નવાર વડીલોને રસપ્રચુર ભોજન, દિવ્યાંગ સંકુલમાં જમણવાર, સ્કૂલોમાં નિઃશુલ્ક ચોપડા વિતરણ, ઉનાળામાં છાશ વિતરણ, શિયાળામાં ગરીબોને ચીક્કી વિતરણ, પાંજરાપોળમાં ગૌમાતા ને લાડવા,ગોળ, , પક્ષીઓને ચણ, તેમજ સેવાભાવી ઓનાં બહુમાન - સન્માન, જૈનોનાં બાળકોને બોર્ડની પરીક્ષામાં મોટીવેશન તથાં પૂરસ્કારના સત્કાર્ય, દિક્ષાર્થીના વિવિધ

(અનુ. આઠમા પાને)

# સાળંગપુરમાં કષ્ટભંજન મંદિરે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને મંત્રી પિયુષ ગોયલે કર્યું વૃક્ષારોપણ

### ભાજપના મહાનુભાવોએ દાદાના દર્શન, પુજા અર્ચના કરી ધન્યતા અનુભવી



**અબતક, રાજકોટ**

સાંળગપુર શ્રી કષ્ટભંજનદેવ મંદિર તેમજ બિ.એ.પી.એસ. સંસ્થા ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ આયોજીત કારોબારી બેઠકનુ આયોજન કરવામા આવ્યુ હતુ ત્યારે ગુજરાત રાજયના મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય વાણિજ્ય અને ઉધોગ મંત્રી પિયુષભાઈ ગોયલ, કેન્દ્રીય જળ શક્તી મંત્રી તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સિ.આર. પાટીલ જી, સંગઠન મહામંત્રી રત્નાકરજી વિગેરે નેતાઓ એ દાદાના દર્શન અને પૂજા-અર્ચન કરી વૃક્ષારોપણ વિગેરે કાર્યોબાદ ભાજપે તેમના દ્વારા થયેલ કાર્યોની સમીક્ષા કરી હતી તેમજ આવનારા દિવસો માટેની રણનીતી ઘડી હતી ત્યારે ગુજરાત

(અનુ. આઠમા પાને)

# વગડ ચોકડી નજીક બેકાબૂ વાહને ઠોકરે લેતા સોફ્ટવેર એન્જિનિયરનું મોત

## યુવાનના મોતથી પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવી : પરિવારમાં ઘેરો કલ્પાંત

**અબતક, રાજકોટ**

શહેરમાં નવા રિંગ રોડ પર વગડ ચોકડી પાસે બેકાબૂ વાહને એક્ટિવાને ઠોકરે લેતા ઘવાયેલા સોફ્ટવેર એન્જિનિયરનું મોત નીપજતા તેના પરિવારમાં શોક છવાયો છે. બનાવને પગલે તાલુકા પોલીસે અકસ્માત બાદ નાસી જનાર વાહનચાલક સામે ગુનો નોંધવાની તેમજ તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર યુનિવર્સિટી રોડ પર વિમાનગર પાસેના ક્રાંતિવીર આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા મેહુલભાઈ કાન્તીભાઈ કાચા (ઉ.૪૨) તા.૩૦-૬ના રોજ રાત્રીના તેનું એક્ટિવા લઈને ઘેર આવતા હતા ત્યારે નવા રિંગ રોડ પર વગડ ચોકડી પાસે અજાણ્યા વાહને ઠોકરે લેતા તેને ગંભીર હાલતમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

પોલીસની તપાસમાં મૃતક બે ભાઈમાં મોટા હોવાનું અને નાનો ભાઈ અમેરિકા રહેતા હોવાનું પરિવારે જણાવ્યું હતું અને મૃતકને સંતાનમાં એક પુત્રી હોવાનું અને સીસીટીવી સોફ્ટવેરનું કામ કરતા હોય અને કામ કરી ઘેર આવતા આ બનાવ બન્યાનું પરિવારે જણાવતા પોલીસે અકસ્માત બાદ નાસી જનાર વાહનના ચાલક સામે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી હતી.

# પેટ્રોલ પંપના કર્મચારીને છરીના આડેધડ ઘા ઝીંકનાર કિશોરની ધરપકડ

## ઈગલ પેટ્રોલ પંપના ફિલરમેન પાસે પૈસાની માંગણી કર્યા બાદ કરાયો'તો હુમલો

**અબતક, રાજકોટ**

શહેરમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેમ સશસ્ત્ર મારામારીની ઘટના સતત વધી રહી છે. ત્યારે શનિવારે રાત્રે ઈગલ પેટ્રોલ પંપે ઘસી ગયેલા એક ઈસમે પેટ્રોલ પંપના કર્મચારી પાસે પૈસા માગી તેને છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. ઘટનાથી સોપો પડી ગયો હતો અને પેટ્રોલ પંપ બંધ કરી દેવાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકને હોસ્પિટલમાં ખસેડાયો હતો. મામલામાં પ્ર.નગર પોલીસે ગુનો નોંધી બાળ કિશોરની ધરપકડ કરી છે.

સદર બજારની ધોબી શેરીમાં રહેતા અને ભીલવાસ નજીક આવેલા ઈગલ પેટ્રોલ પંપમાં ફિલરમેન તરીકે નોકરી કરતાં નિલદીપસિંહ તિલકસિંહ ચૌહાણ (ઉ.વ.૩૦) શનિવારે રાત્રે પેટ્રોલ પંપ પર નોકરી પર હતા ત્યારે એક ઈસમ ત્યાં ધસી આવ્યો હતો અને નિલદીપસિંહ પાસે પૈસાની માંગ કરી હતી. પેટ્રોલ પંપના કર્મચારી નિલદીપસિંહે પૈસા આપવાનો ઈનકાર કરતાં



તે ઈસમ ઉશ્કેરાયો હતો અને ફિલરમેન ચૌહાણને ગાળો ભાંડી પોતાની પાસે રહેલી છરી કાઢી ફિલરમેન ચૌહાણ પર છરીથી તૂટી પડ્યો હતો. ઝનૂની બનેલા ઈસમે નિલદીપસિંહ ચૌહાણને હાથ અને પડખાના ભાગે છરીના અનેક ઘા ઝીંકી દીધા હતા.

ફિલરમેન પર હિચકારો હુમલો થતાં અન્ય કર્મચારીઓ પણ ફફડી ગયા હતા. હુમલો કરી હુમલાખોર નાસી ગયો હતો. નિલદીપસિંહ ચૌહાણને છરીના ઘા ઝીંકાતા તે લોહિયાળ હાલતમાં ઢળી પડ્યા હતા. જોકે તેના સાથી કર્મચારીઓ પણ ડરી ગયા હોય તેઓ તેને હોસ્પિટલે લઈ જવાની હિંમત કરી શક્યા નહોતા, થોડીવાર બાદ મયૂરસિંહ નામનો યુવક તેના મિત્રો સાથે કારમાં પેટ્રોલ પુરાવા આવ્યો ત્યારે પેટ્રોલ પંપ બંધ કરી દેવાયો હતો. તેની નજર ઈજાગ્રસ્ત નિલદીપસિંહ પર પડતાં તેમણે તેમની કારમાં યુવકને બેસાડી હોસ્પિટલે ખસેડ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી. પ્ર.નગર પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે નાણાવટી ચોક તરફ રહેતા બાળ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# એફસીઆઈમાં સલાહકાર સમિતિના સભ્ય તરીકે ધર્મેન્દ્રસિંહ ઝાલાની નિયુકિત

## ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં ગુજરાતના મેમ્બર તરીકે પિન્ટુભાઈ (ખાટકી) ની નિમણુંકને આવકારતા ભાજપ અગ્રણી

**અબતક, રાજકોટ**

ભારત સરકાર સરકાર દ્વારા ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ગુજરાતના સલાહકાર સમિતિના સભ્ય તરીકે રાજકોટના રાજકોટના ધર્મેન્દ્રસિંહ વનરાજસિંહ ઝાલા (પીન્ટુભાઈ-ખાટડી)ને નિયુક્ત કરવામાં આવ્યા છે. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા રાજસ્થાન, દિલ્હી અને તેલંગાણામાંથી પણ સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં ધર્મેન્દ્રસિંહ ઝાલાને ગુજરાતમાંથી સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવી છે. ટોચના નેતૃત્વનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. ધર્મેન્દ્રસિંહ ઝાલાએ ખાતરી આપી છે કે જે જવાબદારી સોંપવામાં આવી છે,તે હું પૂરી નિષ્ઠાથી નિભાવીશ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાનો ઉદ્દેશ ખેડૂતો પાસેથી સરકારી અનાજની ખરીદી,



ગોડાઉનમાં યોગ્ય રીતે સંગ્રહ કરવા અને અન્ન યોજનામાં લોકોને અનાજ પૂરું પાડવા જેવી મહત્વની જવાબદારીઓ નિભાવવાનો છે. કેન્દ્રીય ખાદ્ય નિગમની ગુજરાત રાજ્યની સલાહકાર સમીતીના સભ્ય તરીકે નિમણુક કરવામાં આવી છે. સંસદ સભ્યના અધ્યક્ષ પદ હેઠળની સલાહકાર સમિતીના નવનિયુક્ત સભ્ય ધર્મેન્દ્રસિંહ ઝાલા સહિતના સભ્ય રાજ્યમાં એફસીઆઈના નેજા હેઠળ ખાદ્ય અન્નની ખરીદી, વિતરણ, ગુણવત્તા વગેરે પર દેખરેખ રાખશે. ધર્મેન્દ્રસિંહ ઝાલાની આ નિમણુકને રાજકોટ સહિત રાજ્યના આગેવાનો, પદાધિકારીઓ, બિલ્ડરો વગેરેએ બિરદાવી હતી.પીન્ટુભાઈ-ખાટડીના હુલામણા નામથી જાણીતા ધર્મેન્દ્રસિંહ ઝાલા છેલ્લા ઘણા વર્ષથી અનેક સેવાકીય પ્રવુતિ સાથે જોડાયેલ છે. તે સહકાર ગ્રુપના પ્રમુખ તેમજ હિંદુ સેનાના અધ્યક્ષ છે. રાજકોટ શહેર ભાજપ વોર્ડ નંબર ૧૨ના સક્રિય સભ્ય છે. ધર્મેન્દ્રસિંહ ઝાલાને (૯૭૧૪૩૧૧૧૧૧)તેમના મિત્રો અને સગા સ્નેહીઓ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

# કોટડા સાંગાણી : યુવતીને ભગાડી જવાના પ્રશ્ને યુવક પર ત્રિપુટીનો હુમલો

## વાડીમાં ચોરી કરવા આવ્યાની શંકાએ ટોળકીને ટપારતા ખેડૂતને માર માર્યો

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી ગામે રહેતા યુવકને છોકરી ભગાડી ગયો હોવાની શંકાએ ફોન કરી બોલાવી લોખંડના પાઈપ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી જનાર ત્રણ શખ્સ સામે પોલીસે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

જ્યારે વાડીમાં ટોળકીને ચોરી કરવા આવ્યાં હોવાની શંકાએ ટપારતા પ્રૌઢને ટોળકીએ માર માર્યો રાજકોટ જિલ્લા કોટડાસાંગાણીમાં મફતિયાપરામાં રહેતા અને શાપરમાં કનેરિયા ઓઈલમિલમાં નોકરી કરતા અસરફભાઈ સલીમભાઈ હેરંના નામના ૩૬ વર્ષીય યુવાનને ગત તા.૬ના રોજ રાત્રીના તેના ઘરે હતા, ત્યારે બહાદુર નામના શખ્સે તેને ફોન કરી મફતિયાપરામાં રામામંડળ હોય ત્યાં આવવા જણાવ્યું હતું જેથી તે ત્યાં ગયા હતા અને ફોન કરતાં તેને ત્યાં નહીં પરંતુ તેની નજીક આવેલા જોગણી માતાજીના મંદિરે બોલાવતા તે ગયા હતા ત્યાં મોદિસ નામનો શખ્સ હાથમાં તલવાર લઈને ઊભો હતો અને બહાદુર પાસે લોખંડનો પાઈપ હોય જેથી તેઓએ ગાળો આપવાનું શરૂ કરતાં તેને ગાળો આપવાની ના પાડતા લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો અને તેની સાથે રહેલા મહંમદએ લાફા તેમજ ઢીકાપાટુનો માર મારતાં દેકારો કરતાં તેની પત્ની, પુત્ર સહિતના આવી જઈ તેને છોડાવતા ત્રણેય શખ્સએ જતા જતા તે કહેતા હતા કે, આજે તો જવા દીધો હવે પછી જાનથી મારી નાખીશ. ત્યાર બાદ તેને વધુ સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથધરી છે.જ્યારે અન્ય બનાવમાં કોટડા સાંગાણી ગામે રહેતા સામંતભાઈ શામજીભાઈ ચૌહાણ નામના ૫૦ વર્ષીય વૃદ્ધને અજાણ્યા દશેક શખ્સોએ માર મારતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં અગાઉ પાંચેક દિ' પૂર્વે વાડીમાંથી મોટર ચોરી થઈ ગઈ હોય,જેથી વાડીમાં અચાનક ઘૂસી આવેલા લોકોને અહીંથી જતા રહેવાનું કહેતાં બંને પક્ષે બોલાચાલી થયા બાદ વાડીની બહાર નીકળતા પ્રૌઢ સહિત ત્રણને દશેક શખ્સોએ ધારિયા વડે માર મારતા પ્રૌઢને વધુ ઈજા પહોંચતાં તેઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે કોટડા સાંગાણી પોલીસ મથકને જાણ કરીને પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથધરી છે.

# બાર એસો.ના પ્રમુખ રાજાણીનું ફેક ફેસબુક એકાઉન્ટ બનાવનાર વિરૂધ્ધ રાવ

## સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવી પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

સોશિયલ મીડીયામાં યુગમાં હાલના સાઈબર ફ્રોડની ઘટનાઓ દિન પ્રતિદિન વધી રહી છે અને લોકો સાયબર ફ્રોડનો ભોગ બનીરહ્યા છે. ત્યારે રાજકોટ બાર એસો.ના પ્રમુખ બકુલભાઈ રાજાણીના નામનું કોઈ અજાણ્યા શખ્સ બોગસ ફેસબુક એકાઉન્ટ બનાવ્યાની જાણ થતાં જ બાર એસો.ના પ્રમુખ બકુલભાઈ રાજાણી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનન ખાતે દોડી ગયા હતા. અને સાયબર ક્રાઈમનો ભોગ બન્યાની ફરીયાદ નોંધાવી હતી. બાર એસોસિએશનના પ્રમુખ બકુલભાઈ રાજાણીએ સોશિયલ મીડિયા મારફતે પોતાનું ફેક ફેસબુક એકાઉન્ટ ખુલ્યું હોવાનું જાહેર કરી કોઈએ ફેક ફેસબુક એકાઉન્ટમાં વહેવાર નહીં કરવા અપીલ કરી છે. પોલીસે બાર એસોસિએશનના પ્રમુખ બકુલભાઈ રાજાણીના નામનું ફેક ફેસબુક એકાઉન્ટ બનાવનાર શખ્સ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# યાત્રાળુ સાથે ઠગાઈ કરનાર શખ્સના જામીન રદ

## ચાર ધામ યાત્રાના નામે રૂ. ૬.૬૬ લાખની છેતરપિંડી કરી તી

**અબતક, રાજકોટ**

ચાર ધામ યાત્રાના નામે નાણા ઉઘરાવી યાત્રાવાંચ્છુઓ સાથે ૬.૬૬ લાખથી વધુની છેતરપિંડી, ઠગાઈ આચરવાના ગુનામાં જેલહવાલે થયેલા શખ્સની જામીન અરજી દ્વારા નામંજૂર કરવામાં આવી છે.

આ કેસની હકીકત મુજબ, રાજકોટના પ્રદીપકુમાર ઉપન્તભાઈ રાવલ તેમના પરિવાર તેમજ અન્ય મિત્રવર્તુળ સાથે ઉત્તરાખંડમાં સમગ્ર ચાર ધામ યાત્રાને લગતા વિવિધ ધાર્મિક સ્થળોએ હોટેલ, બસ, ભોજન વગેરેની તકલીફ ના પડે તેવી ઓનલાઈન ખાતરી ટ્રાવેલ એજન્ટ પ્રવીણ રામકુમાર શર્મા દ્વારા આપવામાં આવતા રૂ. ૬,૬૬,૯૯૦ આરોપીના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા.

દરમિયાન પ્રદીપ રાવલ સહિતના યાત્રિકો ઉત્તરા ખંડ ચાર ધામ યાત્રા કરવા પહોંચ્યા ત્યારે એજન્ટ દેખાયો ન હતો અને તેણે કોઈ પણ હોટેલ, ટ્રાન્સપોર્ટ કે અન્ય કોઈ મહત્વપૂર્ણ ટિકિટ બુક કરાવેલ ન હતી, તે હકીકતની જાણ થતા પ્રદીપ રાવલ સહિતના યાત્રિકોએ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ જાહેર કરી હતી, જેમાં તપાસ કરીને પોલીસે આરોપી પ્રવીણકુમાર રામકુમાર શર્માને પકડી પાડી રિમાન્ડ પૂરી થતાં કોર્ટની સૂચનાથી જેલ હવાલે કરાયો હતો. બાદમાં સેશન્સ કોર્ટમાં જામીન મુક્ત થવા અરજી દાખલ કરી હતી, જે અરજીના વિરોધ સંદર્ભ મૂળ ફરિયાદીના એડવોકેટ ઈશાન ભટ્ટે સર્વોચ્ચ અદાલતના લેન્ડમાર્ક ચુકાદાઓ રજુ કરી, કાયદાના સિદ્ધાંતો મુજબ આરોપી સામે હાલ ગુનાની તપાસ ચાલુમાં હોય આરોપીને જામીન મુક્ત કરી શકાય નહીં, અને આરોપી વિરુદ્ધ અન્ય રાજ્યોમાં બીજા ગંભીર ગુના નોંધાયેલા હોય સહિતના ગંભીર મુદ્દાઓ તરફ ધ્યાન દોર્યું હતું. એ ધ્યાને લઈને અદાલતે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી. આ કેસમાં ફરિયાદ પક્ષે સિનિયર એડવોકેટ હેમંત ભટ્ટ, ઈશાન ભટ્ટ, દિવ્યેશ કલોલા, મેહુલ ઝાપડા રોકાયા હતા.

# લોનની રકમ માફ કરવા અને વળતર મેળવવાની ફરીયાદ રદ કરતી ગ્રાહક તકરાર

## લોન ધારકનું અવસાન થતાં વિમા કંપની સામે મૃતકની પત્નીએ દાદ માંગી તી

**અબતક, રાજકોટ**

રાજકોટના હંસાબેન જયસુખભાઈ લાખાણીના પતિ જયસુખભાઈ લાખાણી (હાલ સ્વર્ગસ્થ)એ અગાઉ આઈ.સી.આઈ.સી.આઈ.બેંક પાસેથી રૂા. ૧૧ લાખની લોન લીધી હતી અને તે લોનમાં તા.૨૯/ ૧૨/ ૨૦૧૮ના રોજ બેંક દ્વારા રૂા.૨૬.૬૪ લાખની ટોપઅપ લોન મંજુર કરવામાં આવી હતી. લોન લેનારે ઈન્સ્યોરન્સ લેવો ફરજીયાતની શરત અનુસરીને તા.૩૧/ ૧૨/ ૨૦૧૮ના રોજ આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બાર્ડ જન.ઈન્સ.કાં. લી. ને રૂા.૭૪,૦૦૦ પ્રિમિયમ ચુકવી આપેલ. દરમિયાન હંસાબેનના પતિનું ગંભીર બિમારી સબબ તા. ૧૪/ ૦૧/ ૨૦૧૯ના રોજ ઓલમ્પસ હોસ્પિટલમાં મૃત્યુ પામેલ. લોનનો પ્રથમ હપ્તો તા.૦૫/ ૧૨/ ૨૦૧૯ ના રોજ ભરવાનો હતો, પરંતુ હંસાબેનના પતિ કુટુંબના એક માત્ર કમાનાર વ્યકિત અવશાન પામેલ હોય, લોનનો હપ્તો ભરી શકેલ નહીં. તેથી હંસાબેને લોનની રકમ માફ કરવા તથા અનુકરણીય વળતર પેટે રૂા. દોઢ લાખ વળતર તથા ખર્ચ વિગેરેની રકમ મળવા અરજ કરી હતી. પરંતુ તે રદ કરતા અરજદારે બંને સામાવાળા સામે ગ્રાહક તકરાર નિવારણ આયોગમાં ફરિયાદ કરી હતી.તેમાં આઈ.સી.આઈ.સી.આઈ. બેંક લી. તરફથી એડવોકેટ પૂર્વેશ કોટેચાએ એવી રજુઆત કરેલ કે બેંક સાથે ફરિયાદીના પતિએ અલગ કોન્ટ્રેકટ કરેલ અને સદરહુ લોનની વસુલાત સામેની કાર્યવાહી હંસાબેન સામે કરવામાં આવતા હાલની ફરીયાદ કરેલ છે તેથી તે ટકવાપાત્ર નથી અને ગ્રાહક કમિશનને હકુમતનો બાદ નડે છે. તે તકરાર માન્ય રાખવામાં આવેલ. જયારે આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બાર્ડ જન.ઈન્સ.કાં. લી. તરફથી એડવોકેટ જે.જે.ત્રીવેદીએ એવી તકરાર લીધેલ કે વીમો લેનાર વ્યકિતએ જુદી જુદી ૧૧ પ્રોસિઝરમાંથી પાસ થવુ પડે. તેવી પ્રોસિઝરમાંથી વીમો લેનાર પાસ થયેલ ન હતા, તેથી વીમા કંપની આવી રકમ ચુકવવા માટે જવાબદાર નથી, તે તકરાર પણ કમિશને મંજુર રાખી હતી. ફરીયાદી તથા સામાવાળાઓ તરફે રજુ થયેલા અલગ અલગ ચુકાદાઓ ધ્યાનમાં લઈ તે અંગે વિસ્તૃત છણાંવટ કરી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (અધિક) નાં પ્રમુખ જજ કે.એમ.દવેએ ફરીયાદી હંસાબેનની ફરીયાદ રદ કરેલ છે. આ કામમાં બેંક અને વીમા કંપની વતી યુવા એડવોકેટ પૂર્વેશ કોટેચા, જે.જે. ત્રીવેદી રોકાયા હતા.

# જસદણઃ દહીંસરા ગામે બોલેરોમાંથી રૂ.૩.૧૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## શરાબની ૭૮૦ બોટલ અને વાહન મળી રૂ. ૪.૧૨ લાખનો મુદામાલ કબ્જેઃ ચાલકની શોધખોળ

**અબતક, રાજકોટ**

જસદણ તાલુકાના દહીસરા ગામની સીમમાં રેઢી પડેલી બોલેરોમાંથી વિદેશી દારૂની ૭૮૦ બોટલ ભાડલા પોલીસે કબ્જે કરી શરાબ અને વાહન મળી રૂ. ૪.૬૨ લાખનો મુદામાલ કબ્જે કરી બોલેરો ગાડીના નંબર પરથી ચાલકની શોધખોળ હાથ ધરી છે.

પોલીસસૂત્રો પાસેથી મળતી માહીતી મુજબ ભાડલા પોલીસ મથકના પીએસઆઈ આર.એસ. સાંકળીયા સહીતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન બાતમી મળી હતી કે દહીંથરા ગામની સીમમાં એક બોલેરો ગાડી રેઢી પડી છે અને જેમાં વિદેશી દારુનો જથ્થો છે.

ભાડલા પોલીસની ટીમ દહીસરા ગામે જઈ માહીતી મળેલી જીજે ૧૩ એ ડબલ્યુ ૧૭૮૮ નંબરની બોલેરા ગાડીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારુની ૬૫ પેટી (૭૮૦ બોટલ) મળી આવી આવતા વિદેશી દારૂ અને વાહન મળી રૂ. ૪.૬૨ લાખનો મુદામાલ પીએસઆઈ આર.એસ.સાંકળીયા હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ બોરીચા, નિલેશભાઈ સુલ્તાનભાઈ અને વાલજીભાઈ સહિતના સ્ટાફે કબ્જે કર્યો છે. તેમજ બોલેરા ગાડીના નંબર પરથી ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# ઘરેલું હિંસાના કેસમાં સોસાયટીનો નિર્દોષ છુટકારો

## ઘરકામ બાબતે ત્રાસ આપતા પરિણીતાએ પતિ સહિત શખ્સો સામે ફરીયાદ નોંધાવી તી

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા વિસ્તાર માં રહેતી પરિણીતાને ઘરકામ બાબતે શારીરિક-માનસિક ત્રાસ આપી મારકુટ કરવાના ગુનામાં ગુનામાં અદાલતે પતિ, સાસુ, સસરા, દિયર અને નણંદને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો છે.

આ કેસની હકિકત મુજબ રાજકોટ શહેરમાં કોઠારીયા ગામ વિસ્તારમાં રહેતી પરિણીતા પાયલબેનના લગ્ન ટેલીફોન એલેંજ પાસે કોઠારીયા ગામમાં રહેતા રાકેશ મોહનભાઈ ચાવડા સાથે વર્ષ ૨૦૧૬માં થયા હતા લગ્ન જીવન દરમ્યાન દંપતી વચ્ચે તકરાર થતા પરીણીતા પોતાના માવતરે પરત ફરી હતી. અને તેણીએ પતિ રાકેશ ચાવડા, સસરા મોહનભાઈ ચાવડા, સાસુ કાંતાબેન ચાવડા, દિયર શ્રીકાંત ચાવડા અને નિકીતા ચાવડા વિરૂધ્ધ ઘરકામ જેવી નાની-નાની બાબતોમાં ઝગડો, મેણાં-ટોણાં, મારકુટ અંગેની ફરીયાદ નોંધાવી હતી. જે કેસમાં કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કર્યા બાદ કેસ ચાલવા પર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીઓના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચૂકડાઓને ધ્યાને લઈ ન્યાયાધીશ એમ.જી. શાહે આરોપી સાસરીયાઓને નિર્દોષ છોડી મુકવા હુકમ ફરમાવ્યો છે.આ કેસમાં આરોપી સાસરીયા વતી રાજકોટના અંજનાબેન કે. ચૌહાણ અને એ.એસ. જોશી રોકાયા હતા.




વર્ષાઋતુના આગમનથી જેમ જમીનમાં નવજીવન આવે છે, તેમ અષાઢી બીજનો પાવન અવસર આપના જીવને હર્ષોલ્લાસથી ભરી દે...

શ્રીત્રિકમદાસજી મહારાજ

ગાદીપતિ મહંત સચિદાનંદ મંદિર - અંજાર

કચ્છી નૂતન વર્ષ - અષાઢી બીજની સર્વ કચ્છીજનોને હાર્દીક શુભકામના

એક શુભેચ્છક અંજાર

કચ્છી નૂતન વર્ષ - અષાઢી બીજની સર્વ કચ્છીજનોને હાર્દીક શુભકામના

એક શુભેચ્છક ગાંધીધામ

# લોહાનગરમાંથી કોલેરાનો બીજો કેસ મળ્યોઃ દોઢ વર્ષનું બાળક હોસ્પિટલમાં દાખલ

## ચોમાસાની સિઝનમાં વરસાદી વાતાવરણમાં રોગચાળાએ માથું ઊંચક્યુંઃશરદી-ઉધરસના ૧૦૭૬ કેસ,સામાન્ય તાવના ૪૭૬ કેસ,ઝાડા-ઉલટીના ૨૯૬ કેસ, ટાઈફોઈડના ચાર કેસ,મરડા અને મેલેરિયાનો એક-એક કેસ નોંધાયો

**અબતક,રાજકોટ**

શહેરમાં કોલેરાનો બીજો કેસ મળી આવ્યો છે. લોહાનગર વિસ્તારમાં જ્યાં અગાઉ એક કેસ નોંધાયો હતો ત્યાં જ બીજો કેસ મળી આવ્યો છે. હાલ દોઢ વર્ષનું બાળક કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેની સ્થિતિ સ્થિર અને ચિંતામુક્ત છે.બીજી તરફ વાદળછાયા વાતાવરણના કારણે રોગચાળે પણ માથું ઊંચક્યું છે.

આજે કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે.જેમાં ગત સપ્તાહ કોલેરાના બે કેસ શહેરના લોહાનગર વિસ્તારમાંથી મળી આવ્યા છે. અગાઉ લોહાનગર વિસ્તારમાંથી બાળક કોલેરાગ્રસ્ત જાહેર થયા બાદ વિસ્તારમાં ઝાડા ઉલટીના રોગચાળાથી પીડાતા સાત વ્યક્તિઓના લોહી અને સ્ટુલ નમુના લેવામાં આવ્યા હતા. જેમાં જે પ્રથમ કેસ મળી આવ્યો હતો તેના ત્રીજા જ ઘરમાં એક દોઢ વર્ષના બાળકનો કોલેરા રિપોર્ટ પોઝિટિવ આવતા તેને કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જેની સ્થિતિ હાલ સ્થિર અને ચિંતામુક્ત છે. બીજી તરફ શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં પેકેજડ વોટરના ૬૮ નમૂના લેવામાં આવ્યા છે. જે પૈકી ૧૦ નમૂનામાં પાસ થયા છે.જ્યારે ૫૮ ના રિપોર્ટ આવવાના હજી બાકી છે. સતત વાદળછાયા વાતાવરણ અને વરસાદી માહોલના કારણે રોગચાળાએ માથું ઊંચક્યું છે.શહેરમાં શરદી -ઉધરસના ૧૦૭૬ કેસ, સામાન્ય તાવના ૪૭૬ કેસ ઝાડા ઉલટીના ૨૯૬ કેસ, ટાઈફોઈડ તાવના ચાર કેસ કોલેરાના બે કેસ મરડા નો એક કેસ અને મેલેરિયાનો એક કેસ મળી આવ્યો છે. આ ઉપરાંત મેલેરિયાનો પણ એક કેસ મળી આવ્યો હોવાનું જાહેર કરાયું છે.




રોગચાળાને નાથવા માટે કોર્પોરેશનની ૩૬૦ ટિમો દ્વારા છેલ્લા એક સપ્તાહમાં ૧,૦૮,૨૨૦ ઘરોમા પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.જ્યારે ૩૧૭ ઘરોમાં ફિલ્ડ વર્કરો દ્વારા ફોગિંગ કરવામાં આવ્યું છે.બાંધકામ સાઈટ,સ્કૂલ, હોસ્પિટલ, હોટલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પલેક્ષ,ભંગારના ડેલા, સેલર, હોલ, વાડી, પાર્ટી પ્લોટ ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ અને સરકારી કચેરી સહિત બિન રહેણાંક હેતુની ૬૯૮ પ્રીમાઈસીસમાં મચ્છરોની ઉત્પતિ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.જે અંતર્ગત ૪૩૧ આસામીઓને નોટિસ આપી રૂ.૨૯૩૦૦નો દંડ વસૂલ કરાયો ન હતો. જ્યારે રહેણાંક મકાનોમાં ચેકિંગ દરમિયાન ૩૦૦ ઘરોમાં મચ્છરોના લારવા મળી આવતા તમામને નોટિસ આપવામાં આવી છે.

રાજકોટમાં હાલ તમામ પ્રકારના તાવનો હાહાકાર જોવા મળી રહ્યો છે. એક જ સપ્તાહમાં એક જ વિસ્તારમાંથી કોલેરાના બે કેસ મળી આવતા શહેરીજનોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. લોહાનગર વિસ્તારને આગામી દિવસોમાં કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી.

# રાજકોટ જિલ્લાના ૪ નાયબ મામલતદારોને મામલતદારના પ્રમોશન મળશે

## રાજ્યના 300 નાયબ મામલતદારોને બઢતી આપવાનો તખ્તો તૈયાર, તમામ જિલ્લાઓમાંથી સિનિયોરિટી પ્રમાણે સીઆર મંગાવતો મહેસુલ વિભાગ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ૪ નાયબ મામલતદારોને મામલતદારના પ્રમોશન મળવાના છે. જ્યારે રાજ્યના ૩૦૦ નાયબ મામલતદારોને પ્રમોશન મળવાના છે. આ માટે રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.



ગત ઓક્ટોબર મહિનામાં મહેસુલ વિભાગ દ્વારા ૧૬૨ જેટલા નાયબ મામલતદારોને પ્રમોશન આપવામાં આવ્યા હતા. હવે ફરી મહેસુલ વિભાગે રાજ્યના ૩૦૦ જેટલા નાયબ મામલતદારોને મામલતદારના પ્રમોશન આપવાની તૈયારી હાથ ધરી છે. આ માટે મહેસુલ વિભાગ દ્વારા તમામ જિલ્લાઓમાંથી સિનિયોરીટી મુજબ નાયબ મામલતદારોના સીઆર મંગાવ્યા છે.રાજ્યના ૩૦૦ જેટલા નાયબ મામલતદારોને પ્રમોશન અપાશે. જેમાં રાજકોટ જિલ્લામાં ફરજ બજાવતા ચાર નાયબ મામલતદારોને પણ મામલતદાર તરીકે પ્રમોશન મળવાના છે. કલેકટર કચેરી ખાતે પીઆરઓ તરીકે ફરજ બજાવતા જી.એચ.ચૌહાણ તેમજ સી.જી.પરેખિયા, પુરવઠા વિભાગના એન.પી.અજમેરા અને ડિઝાસ્ટરમાં ફરજ બજાવતા અશ્વિનભાઈ દોશીને આ પ્રમોશનનો લાભ મળવાનો છે.

મળતી માહિતી મુજબ અંદાજે ૨ મહિનામાં પ્રમોશનની પ્રક્રિયા પૂર્ણ કરી જાહેરાત કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે રાજ્યભરમાં મામલતદારો તેમજ નાયબ મામલતદારોની ઘટ છે.તમામ જિલ્લાઓમાં મહેકમ પ્રમાણે અધિકારીઓ અને કર્મચારીઓ નથી. તેવામાં રાજ્યમાં નવા ૩૦૦ મામલતદાર મળવા જઈ રહ્યા છે. પણ સામે નાયબ મામલતદારની ૩૦૦ જેટલી જગ્યા ઘટવાની છે. તેવામાં હવે સામે નાયબ મામલતદારની ભરતી પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવે તો દરેક જિલ્લામાં કામગીરીમાં રાહત રહી શકે તેમ છે.

# આશાવર્કરો અને ફેસિલિટરો દ્વારા વિવિધ પ્રશ્નોને લઈને હડતાલ

## જોખમી સગર્ભાની બે તપાસના રૂ.૪૦૦ મળતા તે બંધ, ફોર્મ-કાર્ડ તેમજ અન્ય અનેક મહેનતાણા બંધ, નોકરીનો કોઈ ફિક્સ ટાઈમ નહિ સહિતના અનેક પ્રશ્નોને લઈને કલેકટરને આવેદન

**અબતક, રાજકોટ**

આશાવર્કરો અને ફેસિલિટરો દ્વારા વિવિધ પ્રશ્નોને લઈને હડતાલ શરૂ કરવામાં આવી છે. ઉપરાંત તેઓએ જોખમી સગર્ભાની બે તપાસના રૂ.૪૦૦ મળતા તે બંધ, ફોર્મ-કાર્ડ તેમજ અન્ય અનેક મહેનતાણા બંધ, નોકરીનો કોઈ ફિક્સ ટાઈમ નહિ સહિતના અનેક પ્રશ્નોને લઈને કલેકટરને આવેદન પાઠવ્યું હતું. જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે મોટી સંખ્યામાં આશા વર્કરો અને ફેસિલિટરો ઉમટ્યા હતા. તેઓએ જિલ્લા કલેકટરને વિવિધ પ્રશ્નોને લઈને આવેદન પાઠવ્યું હતું. આવેદનમાં તેઓએ જણાવ્યું હતું કર જોખમી સગર્ભા માતાની



બે તપાસના રૂ.૪૦૦ જે મળતા હતા તે જૂન ૨૦૨૪થી બંધ થઈ ગયા છે. પીએમએમવીવાય ફોર્મ, પીએમજેએવાય કાર્ડ અને આભા કાર્ડ જેનું ૨૦૨૧થી અત્યાર સુધી મહેનતાણું મળ્યું નથી.વાડી વિસ્તારના ફેમેલી હેલ્થ સર્વે તેમજ રસીકરણનું મહેનતાણું ચૂકવામાં આવે. સોનોગ્રાફીની બે તપાસમાં આશા સાથે જાય છે. તો તેમનું મહેનતાણું ચૂકવામાં આવે. ડિલિવરીમાં આશાને જેએસવાય સિવાયના લાભાર્થીનું મહેનતાણું ચુકવવામાં આવે. તમામ આશા બહેનો, આશા ફેસિલેટર બહેનોના ફિક્સ ટાઈમ નક્કી કરવામાં આવે. આશા ફેસિલિટર બહેનોની ટીએ પ્રથા બંધ કરવામાં આવે. જેટલું ઈન્સેન્ટિવ મળે છે. તેટલું જ કામ કરાવવામાં આવે. વધારામાં રજીસ્ટર બંધ કરવામાં આવે. આશા ડાયરીમાં જ લખાવવામાં આવે. ઓનલાઈન કામગીરી પણ બંધ કરાવવામાં આવે.

# સેન્સેક્સ શા માટે ૧ લાખને પાર થઈ જશે ?

## ભારત એવું બજાર છે જેનાથી વિદેશી રોકાણકારો દૂર રહી શકતા નથી : સેન્સેક્સ દર પાંચ વર્ષે બમણું થઈ જાય છે : સેન્સેક્સ હવે ૨૦૨૫ના અંતમાં ૧ લાખનો માઈલસ્ટોન સ્પર્શે તેવી શકયતા

**અબતક, નવી દિલ્હી**

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો બજારમાં પાછા આવ્યા છે, અને સેન્સેક્સને ૮૦,૦૦૦ની ઉપર ધકેલી રહ્યા છે, મે અને જૂનમાં તેમની બહાર નીકળવું એ આંચકો હતો, વલણ નહીં. ચૂંટણી પરિણામોની અનિશ્ચિતતા પણ તેનું કારણ હતું. આ મહિનાના અંતમાં પ્રથમ બજેટમાં રાજકોષીય સમજદારી જાળવી રાખીને આગામી પાંચ વર્ષ માટે સુધારાનો રોડમેપ નક્કી કરવામાં આવે તેવી અપેક્ષા છે. જેથી અર્નિંગ સિઝન આવે તેવી શક્યતા છે કે ભારત એક એવું બજાર છે જેનાથી વિદેશી રોકાણકારો દૂર રહી શકતા નથી.

સ્થાનિક રોકાણકારો વ્યાપક બજારને આગળ ધપાવી રહ્યા છે, મિડ- અને સ્મોલ-કેપ્સમાં ઉછાળા અંગે નિયમનકારી ચિંતાઓ વધારી રહ્યા છે. આ ચિંતાઓ હળવી થવી જોઈએ કારણ કે લાર્જ કેપ્સ વેલ્યુએશનમાં વેગ મેળવવાનું ચાલુ રાખે છે. આ વર્ષના અંતમાં અદ્યતન અર્થતંત્રોમાં મધ્યસ્થ બેંકો દ્વારા વ્યાજદરમાં સરળતા ભારતીય ઈક્વિટીમાં આર્બિટ્રેજની તકો ખોલશે. ઉપરાંત, વેપાર સંતુલનમાં સુધારો રૂપિયા પર દબાણ ઘટાડશે, જે ભારતમાં એફપીઆઈ રોકાણ પર વધારાનું વળતર આપશે.જ્યાં સુધી ઊર્જાના ભાવ નીચા રહેશે, ત્યાં સુધી એફપીઆઈ માટે ભારત તરફનો તેમનો દ્દષ્ટિકોણ બદલવા માટે કોઈ મુખ્ય ઉત્પ્રેરક નથી. જ્યાં સુધી અન્ય ઊભરતાં બજારો જોખમ-લાભના માપદંડ સાથે મેળ ખાતા નથી કે જેના પર ભારતે ક્રેડિટ પ્રવાહને પ્રોત્સાહિત કરીને કામ કર્યું છે. ૧ લાખના સ્તરે સેન્સેક્સ રોકાણકારોની અગાઉ અપેક્ષા કરતા વધુ નજીક હોઈ શકે છે.




સાત મહિના કરતાં ઓછા સમયમાં ૭૦,૦૦૦ થી ૮૦,૦૦૦ સુધી કૂદકા માર્યા પછી, હેડલાઈન ઈક્વિટી ઈન્ડેક્સના ૧૬% સીએજીઆર રેકોર્ડને જોતાં સેન્સેક્સ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૧ લાખના માઈલસ્ટોનને સ્પર્શી શકે છે.એપ્રિલ ૧૯૭૯માં સેન્સેક્સની ૧૦૦ની બેઝ વેલ્યુને ધ્યાનમાં લેતા, દલાલ સ્ટ્રીટ બેરોમીટર ૪૫ વર્ષમાં ૮૦૦ ગણો ઉછળ્યો છે, જે ૧૫.૯%ના સીએજીઆરથી વધી રહ્યો છે. જો સેન્સેક્સ દર વર્ષે ૧૫.૯% ની સમાન ગતિએ વધવાનું ચાલુ રાખે છે, તો અમે આવતા વર્ષે ડિસેમ્બર સુધીમાં ૧ લાખ માઈલસ્ટોન તરફ જોઈશું. આ ગણતરીમાં સેન્સેક્સના ઘટકો દ્વારા સમયાંતરે જાહેર કરાયેલા ડિવિડન્ડનો સમાવેશ થતો નથી, જે રોકાણકારો બજારમાં ફરીથી રોકાણ કરવાનું પસંદ કરી શકે છે.૧ જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ શરૂ કરાયેલ, ૩ એપ્રિલ, ૧૯૭૯ના રોજ ઈન્ડેક્સનું મૂળ મૂલ્ય ૧૦૦ હતું, પરંતુ ૧૯૯૬ થી તે નકારાત્મક વળતરની માત્ર છ જ ઘટનાઓ જોવા મળી છે. છેલ્લા પાંચ વર્ષમાં તેનું મૂલ્ય બમણું થઈ ગયું છે, જ્યારે તે ૪૦,૦૦૦ ની આસપાસ હતું.મોતીલાલ ઓસ્વાલના દલાલ સ્ટ્રીટના પીઢ રામદેવ અગ્રવાલ યાદ કરે છે કે શેરોની દુનિયામાં તેમની સફર ૧૯૭૯માં શરૂ થઈ હતી, તે જ વર્ષે સેન્સેક્સની રચના થઈ હતી. તેમના દ્વારા કરવામાં આવેલી અગાઉની ગણતરીઓ સૂચવે છે કે જો સેન્સેક્સ દર પાંચ વર્ષે બમણો થતો રહેશે તો ૨૦૨૯માં તે ૧.૫ લાખ સુધી પહોંચી શકે છે. ''છેલ્લા ત્રણ દાયકામાં ભારતના કોર્પોરેટ ક્ષેત્રનો નફો લગભગ ૧૭% વધ્યો છે. ભવિષ્યમાં ૧૫% કોર્પોરેટ નફાની અપેક્ષા રાખવી વાજબી છે. જો વર્તમાન પ્રાઈઝ/અર્નિંગ સ્તર ૨૫ ગણો રહે તો તેનો અર્થ સેન્સેક્સ ૧૫% ના દરે વધશે, એટલે કે દર પાંચ વર્ષે બમણું થશે, બીજા શબ્દોમાં કહીએ તો, સેન્સેક્સનું સ્તર ૨૦૨૯ ની આસપાસ ૧૫૦,૦૦૦ હશે,'' વેટરન ઈમર્જિંગ માર્કેટ્સ ઈન્વેસ્ટર માર્ક મોબિયસ, જેઓ વૈશ્વિક વર્તુળોમાં ઈન્ડિયા બુલ તરીકે ઓળખાય છે, તે પણ સહમત છે કે જો ભારત ૭% ના દરે વિકાસ કરી રહ્યું છે અને કંપનીઓ ૧૪-૧૫% ના દરે વૃદ્ધિ કરી રહી છે, તો આગામી ૧૦ વર્ષમાં ઈન્ડેક્સ પણ તે જ ગતિએ વધારો થશે.

# રેશનકાર્ડની કામગીરી સર્વરના ધાંધિયાને કારણે આજથી પણ શરૂ ન થઈ

## તા.૨થી ૬ દરમિયાન ડેટાબેઝ માઈગ્રેટ કરવાનો હોવાથી સર્વર બંધ રહેવાની જાહેરાત કરાઈ હતી, પ્રક્રિયા કર્યા બાદ આજે પણ સર્વરમાં લોચા યથાવય જ રહેતા અરજદારોને ધક્કા

**અબતક, રાજકોટ**

રેશનકાર્ડની કામગીરી સર્વરના ધાંધિયાને કારણે આજથી પણ શરૂ થઈ શકી નથી. અગાઉ તા.૨થી ૬ દરમિયાન ડેટાબેઝ માઈગ્રેટ કરવાનો હોવાથી સર્વર બંધ રહેવાની જાહેરાત કરાઈ હતી. આ પ્રક્રિયા કર્યા બાદ આજે પણ સર્વરમાં લોચા યથાવત જ રહેતા અરજદારોને ધક્કા થયા હતા.

રેશનકાર્ડને લગતા ડેટાબેઝ અન્ય સર્વર પર માઈગ્રેટ કરવાનો હોવાથી તા. ૨થી ૬ જુલાઈ સુધીના સમયગાળા દરમિયાન રેશનકાર્ડને લગતી ઓનલાઈન સેવાઓ બંધ રાખવામાં આવી હતી. તંત્ર દ્વારા સતાવાર જાહેરાતમાં જણાવાયુ હતું કે રેશનકાર્ડ ધારકોને હાલાકીનો સામનો ના કરવો પડે તે હેતુથી સર્વર પર ડેટાબેઝ અપડેટ કરવા અંગે નાયબ નિયામક અન્ન અને નાગરિક પૂરવઠા કચેરી-ગાંધીનગર તરફથી સૂચના આવી છે કે, હાલમાં રેશનકાર્ડને લગતો જૂનો ડેટાબેઝ સર્વર પર રહેલો છે. જેનો સમયગાળો ખૂબ વધારે થઈ ગયો હોવાથી માઈક્રોસોફ્ટ દ્વારા તેના પર સપોર્ટ બંધ કરાયો છે. જેના લીધે સર્વર ધીમું હોવા બાબતે જિલ્લા-તાલુકા કક્ષાએ હાલાકીનો સામનો કરવાના પ્રશ્ન ઊભા થાય છે. જેથી તા.૨થી ૬ જુલાઈ સુધીના સમયગાળામાં રેશનકાર્ડને લગતી સિસ્ટમ માઈગ્રેટ-મેઈન્ટેનન્સ હેઠળ હોવાથી, આ સમયગાળામાં રેશનકાર્ડને લગતી ઓનલાઈન સેવાઓ બંધ રાખવામાં આવી હતી. જો કે તંત્ર દ્વારા પાંચ દિવસ સુધી સર્વર ઝડપી બને તેની કાર્યવાહી કરવામાં આવી હતી. આજથી સર્વર શરૂ કરી રેશનકાર્ડની કામગીરી પણ શરૂ કરવાની હતી. પણ આજે સર્વરમાં ધાંધિયા યથાવત રહેતા આ કામગીરી શરૂ થઈ શકી ન હતી. જેને કારણે અરજદારોને ધરમના ધક્કા થયા હતા. આ ઉપરાંત સર્વરની સમસ્યાને કારણે ચલણ ન ભરાતા સસ્તા અનાજના દુકાનદારોને જથ્થો પણ મળી શક્યો નથી. પરિણામે અનેક દુકાનો આજે બંધ જ રહી હતી.

# વોર્ડ નં.૪માં આરોગ્ય કેન્દ્રમાં મેયર નયનાબેન પેઢડિયાની સરપ્રાઈઝ વિઝીટ

## દર્દીઓની કાળજી લેવા મેડીકલ ઓફીસરને તાકીદ

**અબતક,રાજકોટ**

મેયર નયનાબેન પેઢડીયાએ વોર્ડ નં.૪માં મોરબી રોડ જકાતનાકા પાસે આવેલ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમ્યાન આરોગ્ય કેન્દ્ર ખાતે આવતા દર્દીઓની ઓ.પી.ડી.ની સંખ્યા, રસીકરણની કામગીરી, મમતા દિવસ અંગે કરવાની થતી કામગીરી, દવાઓનો જથ્થો, મેડીકલ સ્ટાફ તથા પેરામેડીકલ સ્ટાફની હાજરી અને દર્દીઓ સાથેનો વ્યવહાર, આરોગ્ય કેન્દ્રની સફાઈ વગેરે બાબતોની ચકાસણી કરવામાં આવી હતી.મેયર દ્વારા ચોમાસાની ઋતુ



દરમ્યાન દર્દીઓએ ખાસ લેવાની થતી કાળજી અંગે માહિતગાર કરવા, ભાઈઓ તથા બહેનો માટે અલગ બેઠક વ્યવસ્થા રાખવા, આરોગ્ય કેન્દ્રની નિયમિત સફાઈ જાળવવા આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય સ્ટાફને સુચના આપવામાં આવી હતી.

# જિલ્લા પંચાયતની કારોબારી બેઠકમાં રૂ.૫૧.૮૫ કરોડના કામોને બહાલી

## બાંધકામ સહિત સિંચાઈના મહત્તમ કામોને આ વખતે કારોબારી બેઠકની કાર્ય સુચિમાં લેવાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયત ખાતે આજે એક વિશેષ કારોબારી સમિતિની બેઠક મળી હતી જેમાં કુલ ૨૯ કામોને બહાલી આપવામાં આવી હતી. કારોબારી ચેરમેન પીજી કયાડાના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં કુલ ૫૧.૮૫ કરોડ રૂપિયાના વિકાસના કામોની સાથોસાથ ટેન્ડર અંગે મંજૂરી આપવામાં આવી છે. મળતી માહિતી મુજબ જિલ્લા પંચાયતની કારોબારી બેઠક જે છેલ્લી મળી હતી તે ૨૦૨૪ ના ફેબ્રુઆરી મહિનાની ૧૫ તારીખે મળી હતી. હાલ મંજૂર કરવામાં આવ્યા છે તેમાં મુખ્યત્વે બાંધકામ તથા સિંચાઈના સર્વાધિક કામો છે ત્યારબાદ પશુપાલન શાખા અને મહેસુલ શાખા ના કામોને પણ મંજૂર કરવામાં આવ્યા હોવાની વાત સામે આવી છે.

એજન્ડા અંગે જો વાત કરવામાં આવે તો પંચાયત વિભાગ માટે બે નવા કોમ્પ્યુટર તેમજ ટેક્સ સ્કેનર કમ પ્રિન્ટરની ખરીદીને કરવાનું મતે બહાલી આપવામાં આવી એટલું જ નહીં પંચાયત વિકાસ સૂચક આંક અંગે યોજાયેલી વર્કશોપમાં પણ જે જમવાનું બિલ આવ્યું તેને પણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું છે. બીજી તરફ મહેસુલ શાખા માટે પણ એક કોમ્પ્યુટર તથા એક પ્રિન્ટર ખરીદવા માટેનો જે ખર્ચ કારોબારીમાં મૂકવામાં આવ્યો તેને પણ મંજૂર કરી દેવામાં આવ્યો છે. આ કારોબારી બેઠકમાં હરાજી થી લીધેલા પ્લોટની ૩/૪ રકમ ભરવા માટે વિછીયા તાલુકાના ભોઈરા ગામના અરજદારને પણ


તસવીરઃ શૈલેષ વાડોલિયા

મંજુર કરવામાં આવ્યું છે આ અંગે વિરોધ ઊઠવા પામ્યો હતો કે જે રકમ ભરવાઈ કરવા માટેની તારીખ વહી ગઈ હોય તો તેને ફરી કારોબારીના અધ્યક્ષ સ્થાને લઈને ભરી શકાય કે કેમ પરંતુ આ અંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ જણાવ્યું હતું કે આ કારોબારીની સત્તામાં આવતું હોવાથી તે નિર્ણય લઈ શકાય છે.

હાલ જમીન દબાણ શાખા માટે કોમ્પ્યુટર તથા નવા પ્રિન્ટરની ખરીદી કરવાની મંજૂરી પણ આપવામાં આવી છે બીજી તરફ રાજકોટ જિલ્લામાં બિન આદિવાસી વિસ્તારમાં સાત નવા પશુ દવાખાના સ્થાપવા બાબતે તેમજ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રના સ્થળાંતર બાબતની મંજૂરી પણ હાલ જિલ્લા કારોબારીમાં લેવામાં આવી હતી અને તેને મંજૂર પણ કરવામાં આવી છે. જસદણ તાલુકાના ભાડલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ ક્વાર્ટર તથા રાજકોટ તાલુકાના સણોસરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે જે સ્ટાફ ક્વાર્ટર બનાવવામાં આવ્યા હતા તે ૫૦ વર્ષ જૂના હોવાના કારણે તેને ડીસ મેન્ટલ કરવાની અરજી અને રજૂઆત પણ આ કારોબારી સમિતિમાં મૂકવામાં આવી હતી જેને બહાલી આપવામાં આવી છે.

બાંધકામ માટેના કુલ ૩૯ કરોડના પાંચ કામોને મંજૂર કરવામાં આવ્યા છે અને તે માટેના ટેન્ડર પણ પ્રસિદ્ધ કરી દેવાયા છે. સિંચાઈ વિભાગની જો વાત કરવામાં આવે તો ૧૨.૭૪ કરોડના સિંચાઈ કામોના ટેન્ડર તેમજ વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

### (પહેલા પાનાનું ચાલું)

### મુંબઈ...

તાકીદ કરવામાં આવી છે. બીએમસીનું તંત્ર એલર્ટ થઈ ગયું છે.

માત્ર મુંબઈ જ નહીં મહારાષ્ટ્રમાં અતિભારે વરસાદ વરસી રહ્યો છે. થાણેના છેવાડાના વિસ્તારોમાં અતિભારે વરસાદમાં પાણીમાં ફસાયેલા ૪૯ વ્યક્તિઓને એનડીઆરએફની ટીમ દ્વારા બચાવી લેવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના રાયગઢમાં પણ અનરાધાર વરસાદથી સ્થિતિ વકરી છે. આજે સમગ્ર મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. મુંબઈ જેવી જ સ્થિતિ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં જોવા મળી રહી છે.

મહાનગર મુંબઈ તો આજે જાણે થંભી ગયું હોય તેવું લાગી રહ્યું છે. સવારથી અનેક વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. જો વરસાદ વિરામ નહીં લ્યે તો સ્થિતિ વધુ વણશસે તેવું લાગી રહ્યું છે.

### હાથરસ...

જુલાઈના રોજ યુપીના હાથરસમાં સૂરજપાલ ઉર્ફે ભોલે બાબાના સત્સંગમાં ભાગદોડ મચી ગઈ હતી, જેમાં ૧૨૧ લોકોના મોત થયા હતા, જેમાં મોટાભાગની મહિલાઓ હતી. આ મામલાની તપાસ માટે સીટની રચના કરવામાં આવી છે. આ કેસમાં પોલીસે મુખ્ય આરોપી દેવ પ્રકાશ મધુકરની ધરપકડ કરી છે અને તેના પર ૧ લાખ રૂપિયાનું ઈનામ છે. આ ઉપરાંત છ વધુ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ તમામ આરોપીઓ સત્સંગ આયોજક સમિતિના સભ્યો હતા.

હાથરસ કાર્યક્રમના મુખ્ય આયોજક દેવ પ્રકાશ મધુકર હતા. આ ઉપરાંત તે બાબાના ખાસ માણસ પણ છે. અકસ્માત બાદ બાબાએ તેમની સાથે ફોન પર લાંબા સમય સુધી વાત કરી હતી. અહેવાલ અનુસાર, નાસભાગની ઘટના બાદ દેવપ્રકાશ મધુકર ઘરે પરત ફર્યા ન હતા. તેના પરિવારના સભ્યો પણ ગુમ થયા હતા.

### મલેરિયા...

દવાઓ રૂપિયા ૨૩,૫૯૪ કરોડની છે. ગયા મહિને પરાગ એલર્જીના કેસોની વધતી સંખ્યા તરફ ધ્યાન દોરતા, સેપેલે જણાવ્યું હતું કે આના કારણે એન્ટિ-એલર્જિક દવાઓ તેમજ એન્ટિહિસ્ટામાઈન્સ, ડીકોન્જેસ્ટન્ટ્સ અને એન્ટિટ્યુસિવ દવાઓની માંગમાં વધારો થયો છે. વાયરલ ઈન્ફેક્શન, તાવ અને વેક્ટર-જન્ય રોગોની સારવારમાં વપરાતી દવાઓ તેમજ સામાન્ય નબળાઈ અને શરીરના દુખાવાની સારવારમાં વપરાતી દવાઓએ પણ જૂનમાં સારું પ્રદર્શન કર્યું હતું. એકંદરે, ગયા મહિને ભારતીય ફાર્માસ્યુટિકલ માર્કેટ ૮.૮% વધ્યું હતું. સન જેવી કંપનીઓ ફાર્માસ્યુટિકલ્સ, મેનકાઈન્ડ, ટોરેન્ટ, ઈન્ટાસ, એલ્કેમ, મેકલિઓડ્સ, એરિસ્ટો, જીએસકે, યુએસવી, ગ્લેનમાર્ક અને માઈક્રોએ બજારને પાછળ રાખી દીધું હતું.

### કોલેજો...

જોગવાઈઓ વિરુદ્ધ નિયમો અને શરતો ધરાવતા કરાર પર હસ્તાક્ષર કરવા આગ્રહ રાખે છે. મર્યાદિત સુગમતાના કારણે, કોલેજોને નવા કાર્યક્રમો શરૂ કરવાની અથવા વર્તમાન અભ્યાસક્રમમાં ૨૦% થી વધુ ફેરફારો કરવાની મંજૂરી નથી. સ્વાયત્ત સંસ્થાઓને પરિણામ પત્રકોમાં ખોટી જોડણીવાળા નામો જેવી ભૂલો માટે પણ અપ્રમાણસર દંડ કરવામાં આવે છે. શું ખરાબ છે, તમામ સૂચનાઓનું પાલન કરવા છતાં, યુનિવર્સિટીઓ વારંવાર નવા પ્રોગ્રામ્સ શરૂ કરવાની મંજૂરી આપતી નથી અથવા કોલેજોને વર્ષો લાગી શકે તેવી લાંબી પ્રક્રિયામાંથી પસાર થવાની ફરજ પાડે છે.

યુનિવર્સિટી વર્તમાન કાર્યક્રમો માટે એક વખતની સંલગ્નતા ફી વાર્ષિક જોડાણ માટે ચાર્જ કરે છે. સ્વાયત્ત કોલેજો દ્વારા શરૂ કરાયેલ સ્વ-ફાઈનાન્સ અભ્યાસક્રમોની ફી રૂ. ૧.૨ લાખ છે, જ્યારે સરકારી સહાયિત કાર્યક્રમો માટે તે રૂ. ૩૩,૦૯૦ છે. હાલ મહત્વનું એ છે કે ભારતની જે શાળાઓને સ્વાયતતા આપવામાં આવી છે તેવી જ રીતે કોલેજોને પણ આપવી જોઈએ અને યુનિવર્સિટીઓનું જે ઈન્ટરફિયરન્સ એટલે કે હસ્તક્ષેપ થતો હોય તે ઘટાડવો જોઈએ તો જ શૈક્ષણિક સ્તર ઓછું આવી શકશે. ૧૦૦ નિર્ભર શાળા માં જે રીતે એકેડેમી સ્વાયતતા આપવામાં આવે છે એવી રીતે હવે કોલેજોને પણ આ રીતે સ્પાયકતા મળે તે ખૂબ જરૂરી છે. કારણ કે અંતે અહીં વિદ્યાર્થીઓ નો સર્વાંગી વિકાસ કેન્દ્ર સ્થાને છે.

### (ત્રીજા પાનાનું ચાલુ)

### મહંત સ્વામી....

આશીર્વચન આપતા જણાવ્યું કે, 'ભગવાનના હાથમાં આપણી લગામ આપવી. આપણું જીવન રથયાત્રા છે, જેને કઈ દિશામાં લઈ જવું એ આપણા હાથમાં છે. આપણા મોટા ભાગ્ય છે કે પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થઈ છે. તેઓ આપણા રથના સારથી બન્યા છે અને રથને મોક્ષના માર્ગે ચલાવી રહ્યા છે. જીવનરૂપી યાત્રામાં ગમે તેવા સુખ દુઃખ આવે પણ આપણે રથી એવા ભગવાનને ક્યારેય છોડવા નહિ.'

ત્યારબાદ ભારતીય પરંપરાગત વિધિ પ્રમાણે ભગવાનશ્રી જગન્નાથજી અને શ્રી અક્ષરપુરુષોત્તમમહારાજનું પૂજન કરવામાં આવ્યું, વિવિધ મીઠાઈઓનો થાળ તેમજ પરંપરાગત એવો ચણા, મગ અને જાંબુનો પ્રસાદ પણ ધરાવાયો હતો અને રથયાત્રા ઉત્સવની આરતી કરવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રમુખનગર વિસ્તારમાં નિર્માણાધિન હરિમંદિરના મુખ્ય માર્ગના ચોકનું નામાભિધાન 'બી.એ.પી.એસ.સ્વામિનારાયણ મંદિર ચોક' રાખવામાં આવ્યું, જે નિમિતે આજના કાર્યક્રમમાં ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી અને રાજકોટ મહાનગરપાલિકાના અગ્રણીઓ પ.પૂ.મહંતસ્વામી મહારાજ સમક્ષ ચોકના નામાભિધાન માટે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ રાજકોટ શહેરના મેયર નયનાબેન પેઢડિયા અને ધારાસભ્ય દર્શિતાબેન શાહે પણ હાજરી આપી હતી.

સ્વામીશ્રીના આશીર્વાદ બાદ રાજકોટ સ્વામિનારાયણ મંદિર છેલ્લા ૨૫ વર્ષોથી ભક્તોના ભાવ સંકલ્પને પૂર્ણ કરતું અને ભક્તોની ઊર્મિઓને સાચવતા આ મંદિરનો રજત જ્યંતી મહોત્સવની પૂર્ણાહુતિ આ પ્રસંગે થઈ. ત્યારે મંદિરના ઋણની અભિવ્યક્ત કરતું શાનદાર નૃત્ય 'મંદિરમ...મંદિરમ...' યુવકોએ રજૂ કર્યું હતું.અંતે હજારો દિવડાઓની આરતી સાથે સૌએ ભગવાન અને સ્વામીશ્રીને વધાવ્યા હતા.

આજરોજ તા. ૦૮-૦૭-૨૦૨૪ સોમવારને દિવસે અધ્યાત્મના સોપાન સમા 'સ્વામીરૂપે શ્રીજીમળ્યા' થીમ હેઠળ સત્પુરુષ દિનની સાંજે ૫ થી ૮ દરમિયાન ઉજવણી થશે જે પ.પૂ.મહંતસ્વામી મહારાજના રાજકોટ રોકાણની અંતિમ વિદાય સભા બની રહેશે.

### દીપક બાબરીયા....

વેલનાથના નાદ સાથે સમગ્ર લોકો આનંદથી ઝુમી ઉઠ્યા હતા. ઘોડા ગાડીઓ, બગીઓ સાથે લોકો રથયાત્રામાં જોડાયા હતા. લાખોની સંખ્યામાં માનવ મેદની ઉમટી હતી.

### દેવાંગ કુકાવા ....

ઉજવણી કરવામાં આવે છે. આ ઉપરાંત આમંત્રણ વિના જ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. સાધુ-સંતોના સ્વયંભૂ જ આવ્યા હતા. આ ઉપરાંત આગામી સમયમાં કન્યાઓ માટે છાત્રાલય પણ બનાવવામાં આવશે. જે અમારા સમાજ માટે સૌભાગ્યની વાત હશે.

### ભરત ડાભી...

પાવન પર્વે ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ થી ૧૫ હજાર લોકો જોડાયા હતા. ત્યારબાદ પણ લોકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાયો હતો. વેલનાથજીની રથયાત્રામાં માનવ મેદની ઉમટી હતી.

### (ચોથા પાનાનું ચાલું)

### ચાતુર્માસ...

પ્રવેશયાત્રા નો પ્રારંભ થયેલ. ચાતુર્માસ પ્રવેશ સવારે ૧૦:૦૦ કલાકે થયેલ. ભવ્યાતિભવ્ય વરઘોડો કે જેમાં બાઈક સવારો, બાળકો અને ઘોડાવાળા ભાઈઓ પાસે શાસન ધ્વજ સાથે કળશધારી બહેનો, ૨૦ ભગવાનના રથ જેમાં નવ પરમાત્મા બે ગણધર ભગવાન આઠ દેવ દેવીઓ એક ગુરુ મહારાજ નો સમાવેશ કરવામાં આવેલ... વરઘોડામાં પૂજ્ય ગુરુ ભગવંતો ની આગળ બેન્ડ પાર્ટી શ્રાવક શ્રાવિકાઓ સાથે ડોમમાં ખૂબ જ ઉત્સાહ થી પ્રવેશ થયેલ ત્યાં પ્રવેશ ની વિધિ કરવામાં આવેલ ત્યારબાદ ગુરુવંદન, પ્રાસંગિક પ્રવચન, મોટી શાંતિ, ઉછામણી અને ચાતુર્માસ દરમિયાન સિદ્ધિ તપ, ઉપધાન, ૧૧ શનિવાર મુનિસુવ્રત સ્વામી ૧૦૮ અભિષેક, ચાતુર્માસ બાદ જ્યાનંદ ધામમાં ૧ ફેબ્રુઆરીથી ૧૧ ફેબ્રુઆરી ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં આવશે. જેની જાણકારી આપવામાં આવેલ. પૂ. નો ચતુર્માસ પ્રવેશ કાર્યક્રમ સંપન્ન થયેલ અને ભાવિકોને ચાતુર્માસનું પ્રથમ માંગલિક સંભળાવેલ અને ચાતુર્માસ ની શુભ શરૂઆત કરવામાં આવેલ.. નવકારશીના લાભાર્થી રંજનબેન રમેશચંદ્ર શાહ(લોદરીયા) પરિવાર, દિવ્યાબેન કેતનભાઈ શાહ, રાજેશ્રીબેન તરૂણભાઈ શાહ, અમિતાબેન સંજયભાઈ શાહ, ભાવિનીબેન સંજયભાઈ પટેલ હતાં કાર્યક્રમ પૂર્ણ થયે પધારેલ ૧૩૯૬ ભાવિકોએ સ્વામિવાત્સલ્ય નો લાભ લીધેલ.

### સરગમ કલબ

અલ્કાબેન ધામેલીયા,નીતાબેન પરસાણા,, ભાવનાબેન મહેતા, હીનાબેન પારેખ,નીતાબેન પરસાણા, કૈલાશબા વાળા, દિવ્યાબેન ઉમરાણીયા, નીશાબેન ખંધેડીયા, મીનાબેન ડોડીયા, નિશાબેન વાઘેલા તમામ કમિટી મેમ્બર વ્યવસ્થા સંભાળેલ.

### સિવિલ અધિક્ષક...

હોસ્પિટલ છે,તો જ્યાં કાર્યભાર વધુ હોય,ત્યાં ભૂલને પણ અનિવાર્ય સ્થાન હોય છે.જેટલી સમસ્યા એટલા જ ઉકેલ..! તો જેટલા મોઢા એટલી જ વાતો...! સિવિલ હોસ્પિટલના ભૂતપૂર્વ સુપ્રીટેનડેન્ટ આર.એસ.ત્રિવેદીના કાર્યકાળમાં વિવાદાસ્પદ બાબતોને કેન્દ્રમાં રાખી તેને ઘણી વાર ચર્ચાનો વિષય બનાવી છે,ત્યારે આજે એમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલા અમુક અદ્વિતિય કાર્યો પર પણ પ્રકાશ કરવો એ કર્તવ્યનો એક ભાગ છે.ત્યારે આવો જાણીએ ભૂતપૂર્વ સુપ્રીટેનડેન્ટ ડો.આર.એસ.ત્રિવેદીના કાર્યકાળમાં કરવામાં આવેલા કેટલાક કાર્યો અને ઉપલબ્ધિ વિશે જેની નોંધ લેવી આવશ્યક છે.

### કાર્યો

" મોરબી દુર્ઘટના અને ટીઆરપી અગ્નિકાંડ જેવી વિકટ પરિસ્થિતિમાં પણ સિવિલ હોસ્પિટલ દરેક સેવા પૂરી પાડવા માટે તત્પર રહી હતી.

" આ ઉપરાંત સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમનું નવીનીકરણ કરવામા આવ્યું છે.

આવા તો અગણિત નાના મોટા કાર્યો ભૂતપૂર્વ સુપ્રીટેનમેન્ટ ડો.આર.એસ.ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યા હતા.

### સત્કાર્ય સેવા સમિતિ...

સંસ્થાઓના સેવાકીય પ્રવૃતિઓમાં સહભાગી બન્યા તેમ સમિતિના સંયોજક રાકેશભાઈ ડેલીવાળા, સેક્રેટરી નીતિનભાઈ મહેતા, ખજાનચી જગુભાઈ દોશી તથાં માર્ગ દર્શક ડોલરભાઈ કોઠારીની સંયુકત યાદી જણાવે છે.મો.૮૮૪૯૭૩૪૫૦૩.

### સાળંગપુર...

પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણી પણ ઉપસ્થીત રહ્યા હતા તેમજ કોઠારી વિવેક સ્વામી, મેમનગરથી બાલસ્વામી, ગઢડા ચેરમેન હરજીવનદાસજી સ્વામી, વડતાલના આ.કો. શ્યામ સ્વામી, નાર ગુરૂકુલથી સુખદેવસ્વામી, રાજકોટથી રાધારમણ સ્વામી તેમજ બ્રહ્મવિહારી સ્વામી વિગેરે સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

### (અગીયારમા પાનાનું ચાલું)

### નગરચર્યા...

જગન્નાથ સાથે રાજકોટના રાજમાર્ગો ગુંજી ઉઠ્યા હતા.

આ અંગે વધુ માહિતી આપતા ઈસ્કોન મંદિર રાજકોટ ના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજી જણાવે છે કે છેલ્લા ૨૪ વર્ષથી ઈસ્કોન મંદિર રાજકોટ ખાતે રથયાત્રાનું આયોજન કરે છે. આ વર્ષે પણ ખૂબ જ ધૂમધામ અને ઉત્સાહપૂર્વક રથયાત્રા કાઢવામાં આવી હતી . અમારા વિશાળ ૨૦ ફૂટ લાંબા ૧૪ ફૂટ પહોળા અને ૨૦ ફૂટની ઊંચાઈ ધરાવતા રથને ફૂલોથી શણગારવામાં આવેલો હતો. રથમાં લાઈટની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી જેથી રાતના ભાગે દર્શનાર્થીઓ ભગવાનના દર્શન કરી શકે. રથયાત્રા દરમિયાન કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને એ હેતુથી સુરક્ષાનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. મહિલાઓ અને બાળકોની સુરક્ષાઓનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવેલું હતું અને અમારા સ્વયંસેવકો દ્વારા કોઈ પણ જગ્યાએ કોઈ પણ મુશ્કેલી ન સર્જાય, ટ્રાફિકની સમસ્યા ન થાય એ હેતુથી વિશેષ તકેદારી રાખવામાં આવી હતી. અમારા સ્વયંસેવકો દ્વારા રસ્તામાં હર કોઈને પ્રસાદ મળી જાય તે હેતુથી અમે પહેલેથી બુંદી પ્રસાદનો પેકેટ બનાવીને લાવ્યા હતા અને રથયાત્રા દરમિયાન રાજમાર્ગો પર દરેક દર્શનાર્થીઓને અને શહેરીજનોને આ પ્રસાદના આશરે ૫૦૦૦ કિલો બુંદી ના પેકેટનું વિતરણ કરેલું હતું. રથયાત્રા બાદ મંદિરે સૌ કોઈ માટે મહાપ્રસાદની પણ વ્યવસ્થા હતી સાંજે ૭:૦૦ વાગ્યાથી આ મહાપ્રસાદ સૌ કોઈ માટે શરૂ થઈ ગયો હતો અને આશરે ૫૦,૦૦૦ લોકોએ આ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

આ રથયાત્રા માં મુખ્ય અતિથિ તરીકે કર્ણાટક ના પૂર્વ રાજ્યપાલ વજુ ભાઈ વાળા તેમજ ધારાસભ્ય ડો દર્શિતાબેન શાહ હાજર રહ્યા હતા. તદુપરાંત શહેરના વિવિધ સામાજિક સંસ્થાના આગેવાનો, સામાજિક કાર્યકરો તેમજ વિશ્વ હિન્દુ પરિષદ અને આરએસએસના આગેવાનો હાજર રહ્યા હતાં.

### સ્વામિ.ગુરુકુળ...

૫ ઈલેક્ટ્રીક ટેકટર સાથે આગળ પાછળ કચરો સાફ કરવા વાળા વાહનો જોડાયા હતા. ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ, ૫૦૦ હરિભક્તો અને ૫૦૦ જેટલા મહિલા અને કિશોરીઓ આ યાત્રામાં જોડાયા હતા. મુખ્ય ચોકમાં ભક્તો દ્વારા રથની આરતી ઉતારવામાં આવી હતી. રથયાત્રાના માર્ગમાં ભકતો દ્વારા પુષ્પથી વધામણી કરવામાં આવી હતી.

### શહેર ભાજપ...

ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, મેયર નયનાબેન પેઢડીયા, મહામંત્રી અશ્વિન મોલીયા, વીરેન્દ્રસિહ ઝાલા, વિક્રમ પુજારા, હરેશ જોષી સહીતના સાથે બહોળી સંખ્યામાં વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

### માંધાતાસિંહ...

રથયાત્રા પૈકી આ વર્ષે નિકળેલી રથયાત્રાનું રાજકોટ રાજ્યના ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજાએ શ્રી જગન્નાથપુરી-ઓરીસ્સા ખાતે ગજપતિ દ્વારા થતી છેરા પહેરા વિધિ રાજવી પરંપરા મુજબ વિધિ-વિધાનો સાથે પહીંદવિધિ સંપન્ન કરીને રાજકોટ ખાતેની શ્રી જગન્નાથજીની નગરયાત્રાનો નિજ મંદિરથી શુભારંભ કરાવ્યો ત્યારે તેઓ સ્વયં યાત્રાપથનું સફાઈ કર્યુ હતું. યુવરાજ જયદિપસિંહજી જાડેજા સુખડ-ચંદન-ગુલાબજળનો છંટકાવ કરીને યાત્રાપથને સુગંધિત કરી રહ્યાં હતાં. રાજશાહી યુગના રાજવી પરિવારની વર્તમાન સમયમાં પણ ધર્માભિમુખતા નિહાળીને રથયાત્રીઓ ગદગદીત થયાં હતાં. રથયાત્રાના પ્રસ્થાન પૂર્વેની પૂજનવિધિ વખતે ભાજપ અગ્રણી નિતીનભાઈ ભારદ્વાજ, પોલીસ કમિશ્નર ઝા, રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નર દેસાઈ સહિત વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા રાજકોટના વિવિધ માર્ગો પરથી પસાર થઈને સર લાખાજીરાજ માર્ગ પર પહોંચી ત્યારે શ્રી લાખાજીરાજ ગ્રંથાલયના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર ડો. કલાધર આર્યએ ત્રણે રથનું પૂજન કરીને ઓવારણાં લીધા હતાં અને જ્યારે મહંતજીએ રાજવી પ્રાતઃ સ્મરણીય લાખાજીરાજ બાપુની પ્રતિમાને વંદન સહ પુષ્પહાર અર્પણ કરીને રાજકોટ રાજ્યના આર્ષદ્રષ્ટા અને પ્રજાવત્સલ રાજવી પરત્વે પોતાનાં ભાવો વ્યક્ત કર્યાં હતાં. રથયાત્રા પેલેસ રોડ પર પહોંચી ત્યારે રાજકોટ ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજા અને ભાવનગર મહારાજા સાહેબ વિજયરાજ સિંહજી અને યુવરાજ સાહેબ જયદીપસિંહજીએ ત્રણે રથનું ભવ્ય સ્વાગત કરીને શ્રી રણજીત વિલાસ પેલેસ ખાતે પધરામણી કરાવી હતી. જ્યાં રાણી સાહેબા અ.સૌ કાદમ્બરીદેવીજી, યુવરાણી સાહેબા અ.સૌ. શિવાત્મિકાદેવીજી, રાજકુમારી મૃદુલાકુમારીજીએ વિશેષ નિમંત્રિતોની ઉપસ્થિતિમાં દિવ્ય વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન કરી સંતો અને મહંતો સહિત રથયાત્રીઓને અન્નમ બ્રહ્મ કરાવીને રાજકોટ રાજ પરિવારની ધર્માભિમુખતાનાં દર્શન કરાવ્યાં હતાં.

### સફાઈ સેવા...

જાદવ, શાસકપક્ષ દંડક મનિષભાઈ રાડીયા, સેનિટેશન કમિટી ચેરમેન નિલેશભાઈ જલુએ સ્ટુડન્ટ ફોર સેવા ગૃપના વિદ્યાર્થીઓ તરફથી ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રા દરમ્યાન રૂટ પર સફાઈની કામગીરી કરવા રજુ થયેલ પ્રસ્તાવને બિરદાવી, જેમાં માસ્ક, ગ્લોવ્ઝ, કચરો એકત્રિત કરવા માટેની બેગ, સાવરણાં તેમજ ટીપરવાનની વ્યવસ્થા કરી આપેલ હતી.

સ્ટુડન્ટ ફોર સેવાઆ ઉમદા કાર્ય થકી વિદ્યાર્થીઓ દ્વારા સેવાભાવનું ઉત્તમ ઉદાહરણરૂપ બનેલ તેમજ સમાજમાં આજનો વિદ્યાર્થી આવતીકાલનો નહી, પણ આજનો જ નાગરિક છે. તે સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવેલ.રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારી ઓ દ્વારા આ કામગીરીને બિરદાવેલ હતી અને ભવિષ્યમાં પણ આ પ્રકારના કાર્યક્રમમાં યોગદાન મળે તે અંગે અપીલ કરેલ છે.

### (બારમાં પાનાનું ચાલુ)

### ડો. મનસુખ માંડવિયા...

કાળા મગને વિશેષ ઓળખ મળે તે માટે નું આયોજન, બાગાયતી પાકોના ઓદ્યોગિક ધોરણે રીહાઈડ્રેશન પ્લાન્ટ માટેના આયોજનો અને રસ્તા પહોળા કરવા સહિતની બાબતોનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. સિંચાઈ વિભાગના અધિકારીઓએ ઓજત અને મધુવંતીના પાણીને લીધે દર વર્ષે ઉદભવતી સ્થિતિ, નદીઓની લંબાઈ-ઊંડાઈ અને પાળાઓ તૂટવાની બાબતમાં કરવાની થતી કામગીરી તેમજ દરિયાના પાણીને નદીપટમાં આવતા રોકવા માટેનું આયોજન ઉપરાંત ડેમના દરવાજાનું આધુનિકરણ સહિતના આયોજનો રજૂ કર્યા હતા.

કેન્દ્રીય મંત્રીએ હાલ જે પ્લાન બનાવવામાં આવે તેમાં અગાઉ ૧૯૬૦ની સમિતિ પછી જે સૂચિત આયોજનો હતા તે અંગેનો અહેવાલ પણ હાલના પ્લાનમાં જોડી જન ઉપયોગી બાબતોને આવરી લઈ ઘેડના લોકોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે અને સરકારને દર વર્ષે અમુક પ્રકારની કામગીરીમાં ખર્ચ ન થાય અને લાંબા ગાળાનું આયોજન થાય તે માટે માર્ગદર્શન આપ્યું હતું. જ્યાં જરૂર પડે અને કાર્યક્ષેત્રમાં આવતી બાબતો અંગે કેન્દ્ર સરકારના અધિકારીઓ પણ સ્થાનિક તંત્રને સંકલન કરશે.

મંત્રી એ પોરબંદર લોકસભા વિસ્તારમાં સમાવિષ્ટ ગામો શહેરોના વિકાસ માટે પાંચ વર્ષનો પ્લાન પણ તૈયાર કરવા પણ સૂચના આપી હતી.કેન્દ્રીય મંત્રી એ ઘેડ વિસ્તારના ટીકર બામણાસા બાલાગામ, મટીયાણા માણાવદર સહિતના ગામો-વિસ્તારોની મુલાકાત લઈ સ્થાનિક લોક પ્રતિનિધિઓ, ખેડૂતો, સરપંચ સહિતના આગેવાનો સાથે સંવાદ કરી, ગ્રામજનોની સમસ્યાઓની લેખિત રજૂઆત પણ સ્વીકારી હતી, તેમજ જ્યાં પાણી ભરાય છે તે કાઠા વિસ્તારોનું પણ નિરીક્ષણ કર્યું હતું. વધુમાં બાલાગામ અને મટીયાણાંમા ગ્રામજનો સાથે વિશેષ મીટિંગ કરી સરકાર દ્વારા કરવામાં આવનાર કામ અને તાત્કાલિક ધોરણે તંત્રને કામગીરી માટે આપવામાં આવેલી સૂચનાઓની માહિતી આપી હતી, સંવાદને અંતે મટીયાણામા વૃક્ષારોપણ કર્યું હતું.

### ધાર્મિક યાત્રા ....

રાજભોગ માં છાક મનોરથ નો પણ મહા પ્રસાદ સાથે આનદ બધા વડીલ લોકો ને માણ્યો હતો.

છેલ્લે વીરપુર જલારામ બાપાને દર્શન કરી પ્રસાદ નો લાભ લીધેલો . હુ વડાલીયા ગ્રૂપના રાજનભાઈ વડાલીયાને ખૂબ ખૂબ આભાર વ્યક્ત સંસ્થાએ તેઓ દ્વારા કે અમને ફૂડ પેકેટ નો સહયોગ આપેલો. ઘરાઈ ખાતે દ્વારકેશજીના હસ્તે પાટીદારના અગ્રણી જ્યોતીબેનને સન્માન કરેલું.અને વડીલ માવતર ના ખૂબ આશીર્વાદ મળ્યા.પવિત્રા સ્વરોજગાર કેન્દ્રના પ્રમુખ જ્યોતિબેન ટીલવા, ઉમા મહિલા એક્ટિવિટીના પ્રમુખ ભાવનાબેન રાજપરા,ઉપપ્રમુખ રેખાબેન ત્રાંબડીયા, નીતાબેન ઘોડાસર, કાંતાબેન ફળદુ, શીતલબેન દેકીવડિયા, વર્ષાબેન મોરીને બધાને ખૂબ ખૂબ સહયોગ આપેલો તે માટે પણ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છુ.

### જીનિયસ ગ્રુપ...

વાહનચાલકની જવાબદારીપૂર્વકની ભુમિકા મુખ્ય ભાગ ભજવે છે. સ્કૂલ બસના ડ્રાઈવરની પૂરતી સાવચેતી અને ટ્રાફિકના નિયમોનું અનુસરણ તેમની અને બાળકોની સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે. જીનિયસ સ્કૂલ ખાતે યોજાયેલ આ રોડ સેફટી કાર્યક્રમમાં વકતા સ્થાને બ્રહ્માકુમારીના સુભાષભાઈએ ઉપસ્થિત બસ ડ્રાઈવરોને રક્ષણાત્મક ડ્રાઈવિંગ તકનીકો, રસ્તાં પર સંભવિત જોખમોની ઓળખ કરવી, અવિચારી ડ્રાઈવિંગના પરિણામો, વાહન ચલાવતી વખતે વિક્ષેપો ટાળવા માટેની વ્યવહારુ સલાહ, અવિચારી ડ્રાઈવિંગના પરિણામો અને અક્સ્માત પીડિતો અને તેમના પરિવારોના જીવન પર તેની અસર, સલામત અંતર જાળવવું અને કટોકટીની પરિસ્થિતિઓને કેવી રીતે સંભાળવા જેવી મહત્વપૂર્ણ બાબતો અંગે માર્ગદર્શન પુરુ પાડયું હતું.

આ કાર્યક્રમના આયોજનમાં સહયોગ આપવા બદલ બ્રહ્મકુમારીના સુભાષભાઈ અને કિંજલ દીદીનો જીનિયસ ગ્રુપના ચેરમેન શ્રી ડી.વી. મહેતા અને સીઈઓ ડીમ્પલબેન મહેતા એ આભાર વ્યક્ત કયો હતો.

### બાળરોગ નિદાન કેમ્પ.....

રૂપાણી તથા ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીએ લોકો વધુમાં વધુ જાગૃત થાય અને આજના આ કેમ્પનો ભરપૂર લાભ ઉઠાવે તેવી અપીલ કરવામાં આવેલ હતી.

ટ્રસ્ટની પરંપરા મુજબ દીપ પ્રાગટ્ય કરીને આ કેમ્પ ખુલ્લો મુકવામાં આવેલ. દીપ પ્રાગટ્ય ડો.વિભાકરભાઈ વચ્છરાજાની, ડો.નયનભાઈ શાહ, ડો.નિખીલભાઈ શેઠ,રાજુભાઈ શેઠ, જગદીશભાઈ પંડ્યા તથા હાજર લાભાર્થી બાળક દ્વારા કરવામાં આવેલ. કેમ્પની પ્રવૃતિને પ્રોત્સાહિત કરવા ડો.નીરવભાઈ મોદી, ટ્રસ્ટના કાર્યકર્તા દિવ્યેશભાઈ અઘેરા, નીરદભાઈ ભટ્ટ, ડો.મીનલબેન ત્રિવેદી, રાજુભાઈ ભટ્ટ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળતાપૂર્વક સંપન્ન કરાવવા માટે ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીના માર્ગદર્શન હેઠળ વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટ, કો-ઓર્ડિનેટર સાગરભાઈ પાટિલ, કર્મચારીઓ વગેરેએ ભારે જહેમત ઊઠવેલ હતી.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈભટ્ટનો પુજીતરૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાંજણાવાયું છે.

### વૃક્ષારોપણ....

માઁ કે નામ'' કાર્યક્રમ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના સંયોજક વિજયભાઈ પાડલીયા, સહસંયોજક વિજયભાઈ ટોળીયા, ભગવતીબેન ઘરોડીયાની આગેવાનીમાં રાજકોટમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવે છે ત્યારે ડો.શ્યામાપ્રસાદ મુખરજીના જન્મ દિવસે રાજકોટના સાંસદ, પૂર્વ સાંસદ, ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો દ્વારા ''એક પેડ માં કે નામ'' અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવેલ હતો . આ તકે શહેર ભાજપના ધારાસભ્ય અને કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહે વૃક્ષારોપણ કરેલ હતું. આ તકે મેયર નયનાબેન પેઢીયા, મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા,અશ્વિન મોલીયાએ પણ વૃક્ષારોપણ કરેલ હતું. આ કાર્યક્રમમાં શહેર ભાજપના તમામ શ્રેણીના હોદેદારો તેમજ કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શહેર જ ભાજા મંત્રી વિજયભાઈ પાડલીયાએ જહેમત ઉઠાવી હતી.

### એરોસ્પેસ શિક્ષણ.....

અને ઈનોવેશન-આગળિત યુનિવર્સિટી બનવાનાવિઝનને નોંધપાત્ર રીતે આગળ વધારશે અને ભારતમાં ઉદ્યોગ-શૈક્ષણિક સહયોગ માટે એક મિસાલ પણ સ્થાપિત કરશે શિક્ષણ તેમજ એક્ઝિક્યુટિવ એજ્યુકેશન પ્રોગ્રામ્સ તરફ, જે શ્રેષ્ઠ માનવ સંસાધન, કૌશલ્યો અને અદ્યતન સંશોધનના નિર્માણ દ્વારા ભારતમાં ઉડ્ડયન ક્ષેત્રના વિકાસને સક્ષમ બનાવશે.''

પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને, જીએસવી એ ''તેના પ્રકારની પ્રથમ'' યુનિવર્સિટી છે, જેનો ઉદ્દેશ્ય રેલ્વે, શિપિંગ, બંદરો, ધોરીમાર્ગો, માર્ગો, જળમાર્ગો અને ઉડ્ડયન વગેરેમાં રાષ્ટ્રીય વિકાસ કાર્યક્રમો વિકસાવવાનો છે.

### (છેલ્લા પાનાનું ચાલુ)

### ફિડબેક મેળવવા આદેશ....

કરી હતી. તેમણે જિલ્લા તંત્ર વાહકોને આ સંદર્ભમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

મુખ્ય સચિવ રાજકુમારે ખેડા, ડાંગ, દેવભૂમિ દ્વારકા, નર્મદા, છોટા ઉદેપુર, કચ્છ, ગીર-સોમનાથ, પાટણ, વડોદરા જિલ્લાઓના કલેક્ટર-ડી.ડી.ઓ. સાથે વાતચીત કરીને તેમની ફિલ્ડ વિઝિટ દરમિયાનની કામગીરી નિરીક્ષણની વિગતો મેળવી હતી.

તેમણે સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યો કે આવનારા દિવસોમાં આ કાર્યક્રમને યથાવત રાખીને તેમના જિલ્લાઓના તાલુકા અને ગ્રામ્ય કક્ષાએથી પણ લોકો વચ્ચે જઈને અધિકારીઓ ફીડબેક મેળવે અને રાજ્ય સરકારની યોજનાઓનો લાભ સુપેરે પહોંચાડે તે માટેનું નેતૃત્વ જિલ્લા તંત્રના વડા તરીકે કલેક્ટર્સ-ડી.ડી.ઓ. કરે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતે પણ જ્યારે જિલ્લાઓની મુલાકાતે જતાં હોય છે, ત્યારે કચેરીઓની ઓચિંતી મુલાકાત લઈને કચેરીઓની કામગીરી અંગે પ્રજાજનોને સંતોષે છે કે કેમ, કોઈ દુવિધા તો નથી, તે બાબતોની જાણકારી પ્રજા વર્ગો સાથે વાતચીત કરીને મેળવતા રહે છે.

સંવેદનશીલ અને મક્કમ નિર્ણયકર્તા તરીકે રાજ્યના સમગ્ર વહીવટી તંત્રને વધુને વધુ લોકોભિમુખ બનાવવાનો એક નવતર પ્રયોગ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કલેકટર-જિલ્લા વિકાસ અધિકારીઓને ગામોની આકસ્મિક નિરીક્ષણ મુલાકાતે મોકલીને હાથ ધર્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ વિડિયો કોન્ફરન્સ સમીક્ષામાં મુખ્ય સચિવ રાજકુમાર તેમજ સંબંધિત વિભાગોના અધિક મુખ્ય સચિવઓ, અગ્ર સચિવઓ પણ જોડાયા હતા અને પોતાના વિભાગો-સંબંધિત સેવા-સુવિધા અંગે જરૂરી માહિતી પૂરી પાડી હતી.

### કોંગ્રેસે વિવાદ છંછેડયો.....

છે કે કહેવાતા મૃદુ અને મકકમ મુખ્યમંત્રીએ રથયાત્રાના પવિત્ર દિવસે ભગવાન જગન્નાથજીના મંદિરમાં કાળા કપડા પહેરી પુજા કરી એ યોગ્ય કહેવાય? અનામત હિન્દુ ધર્મનું અપમાન ના કહેવાય ? તેવો વેધક સવાલ પણ કર્યા છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ખુબ જ ભકિતભાવ ધરાવે છે કોઈ વિવાદ ઉભો થાય તેવું કાર્ય ક્યારેય કરતા નથી. તેઓ અષાઢી બીજે કાળા કપડા પહેરીને પુજા કરવા આવ્યા તેની પાછળ તેઓનો કોઈ જ ઉદેશ ક્યારેય હોઈ શકે નહીં આમ પણ તઓના ઝબ્બાનો કલર એકદમ કાળો પણ ન હતો પરંતુ કોંગ્રેસે ખોટો વિવાદ ઉભો કરવાનો પ્રયાસ કર્યો છે.

### ગેરકાયદે બાંધકામ...

ઈમ્પેક્ટથી ભરીને આ ગેરકાયદે બાંધકામો નિયમિત કરાવી લેવામાં આવ્યા હોય પરંતુ કોર્પોરેશન પાસે એવી સત્તા છે કે તેઓ ઈમ્પેક્ટ યોજના હેઠળ મંજૂર થયેલી અરજી ગમે ત્યારે નામંજુર કરી શકે છે.શાળા સંચાલકો અને હોસ્પિટલોને આગામી દિવસોમાં તેઓની ઈમ્પેક્ટની જે ફાઈલ મંજૂર થયેલી છે તે નામંજુર કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.આ અંગે નોટિસ આપવામાં આવશે ત્યારબાદ યોગ્ય સમય અવધીમાં તેઓને નાણાં પણ પરત કરી દેવામાં આવશે.જો નોટિસ આપ્યા બાદ પણ સ્કૂલના સંચાલકો કે હોસ્પિટલના તબીબ આવા પ્રકારના બાંધકામો નહીં હટાવે તો તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.ટીઆરપી ગેમમાં સર્જાયેલા અગ્નિકાંડની ઘટના બાદ તંત્ર આવે ભવિષ્યમાં આવી કોઈ દુર્ઘટના ન સર્જાય એના માટે સજજ બની ગયું છે.ઈમ્પેક્ટ ફીની ફાઈલ મંજૂર થઈ ગયા બાદ જે લોકોએ નાણાં ભરપાઈ કરી એવું માની લીધું છે કે તેઓના ગેરકાયદે બાંધકામો હવે નિયમિત થઈ ગયા છે.તેવો સામે ફરી આકરી કાર્યવાહી કરવાનો નિર્ણય કોર્પોરેશન દ્વારા લેવામાં આવ્યો છે.ખાસ કરીને શાળાઓમાં અગાસી ઉપર ડોમ બનાવી લેવામાં આવ્યા છે અને ત્યાં વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે જ્યારે સેલરમાં પણ બાંધકામ ખડકી દેવાયું છે અને રૂમ બનાવી લેવામાં આવ્યા છે જ્યાં હાલ અભ્યાસ કાર્ય ચાલી રહ્યું છે.

જો કોઈ અનિચ્છનીય ઘટના બને તો મોટી દુર્ઘટના સર્જાય આવું જ કંઈક હોસ્પિટલોમાં પણ છે બાંધકામ પ્લાન મુકતી વેળાએ જે જગ્યા બતાવવામાં આવી હોય છે. ત્યાં હોસ્પિટલના સંચાલકો દ્વારા રૂમ બનાવી દર્દીઓને દાખલ કરવામાં આવે છે.આવું ગેરકાયદે બાંધકામ ઈમ્પેક્ટ ભરી નિયમિત કરી લેવામાં આવ્યું છે.પરંતુ કોર્પોરેશનના સર્વેમાં એવું ધ્યાનમાં આવ્યું છે કે આ પ્રકારના અનિયમિત બાંધકામોને જો કાયદેસરતાનું સ્વરૂપ આપવામાં આવશે તો ભવિષ્યમાં ટીઆરપી ગેમ ઝોન જેવી જ દુર્ઘટના સર્જાશે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી હાલ કોર્પોરેશન દ્વારા પ્રાથમિક તબક્કે એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે શહેરમાં ૮૦ થી વધુ એવા બાંધકામ છે જે ઈમ્પેક્ટ ફી ભરી નિયમિત કરાવી લેવામાં આવ્યા છે.જેને આવે નામંજૂર કરવા માટે કાર્યવાહી હાથ ધરાશે.

### ભૂકંપનો આંચકો...

ભૂકંપ આવે તેવી સંભાવના નહિવત છે. ચોમાસાની સીઝનમાં પણ ભૂકંપના આંચકા ચાલુ રહેવાના કારણે લોકોમાં થોડો ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

### યુવાનનું મોત ....

રોજ વ્હેલી સવારે ગામમાં આવેલા બાપાસીતારામ મઢુલીધામએ હતા ત્યારે મંદિર પર ધજા ચડાવવા ગયા હોય,તે દરમિયાન મંદિરના ઘુમ્મટ પર છૂટો પડેલો ઈલેક્ટ્રીક વાયર અકસ્માતે અડકી જવાથી વીજશોક લાગતા મંદિર પરથી નીચે પટકાતા યુવાનને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.જેનું ચાલુ સારવાર દરમિયાન શાપર સરકારી હોસ્પિટલમાં મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજુ છવાઈ જવા પામ્યું છે.બનાવ અંગે લોધીકા પોલીસને જાણ થતાં પોલીસે સ્થળે પહોંચી જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી બનાવ અંગે વધુ તપાસ હાથધરી છે.ભરતભાઈ બે ભાઈ ત્રણ બહેનોમાં સૌથી નાના હતા અને મૃતકને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે.મૃતક ખેતી કામ કરી ઘરનું ગુજરાન ચલાવતા હતા.યુવકના મોતથી પરિવારમાં ઘેરો કલ્પાંત છવાઈ જવા પામ્યો છે.

### ચરસ...

ડ્રગ્સનો કાળો કારોબાર ફૂલીફાલી રહ્યો છે જેનું મુખ્ય કારણ એવુ છે કે, ડ્રગ્સના કાળા કારોબારમાં નફાનું માર્જિન ખુબ વધુ હોય છે જેના લીધે ઝડપી પૈસા કમાઈ લેવાની લ્હાયમાં યુવાનો સહિતના લોકો આકર્ષિત થઈને પેડલર બની જતાં હોય છે. સતત સરહદ પારથી આવતો ડ્રગ્સનો જથ્થો પકડાતો રહેતો હોય છે. અબજો રૂપિયાનો જથ્થો પકડાયા બાદ પણ સતત જથ્થો મોકલવામાં આવતો હોય તેનો સીધો મતલબ એવો થાય છે કે, કાળા કારોબારનું નેટવર્ક વધતું હોય તેમજ માર્જિન ખુબ મોટું હોય જેના લીધે પકડાઈ જતું કન્સાઈમેન્ટ પણ ડ્રગ્સ માફિયાઓ માટે કોઈ મોટી નુકસાની ગણાતી નથી. ત્યારે ડ્રગ્સના નેટવર્કને જળમૂળથી નાસ કરવા સિવાય હવે કોઈ રસ્તો જ ન રહ્યો હોય તેવું ચોક્કસ ચિત્ર ઉપસી રહ્યું છે.

દેશમાં સૌથી વધુ લાંબો ૧૬૦૦ કિમીનો દરિયાકાંઠાનો વિસ્તાર ગુજરાતને મળ્યો છે. જે વિકાસની અમૂલ્ય તકો પ્રદાન કરે છે પણ આ દરિયાકાંઠાના વિસ્તારનો ઉપયોગ ડ્રગ્સના કાળા કારોબાર માટે કરાઈ રહ્યો હોય તેવા અહેવાલ છાસવારે સામે આવતા હોય છે. ત્યારે આ દિશામાં વધુ મોટા અહેવાલ પ્રાપ્ત થયાં છે. કચ્છ જિલ્લો આંતરરાષ્ટ્રીય દરિયાઈ અને જમીની સરહદ ધરાવતો જિલ્લો હોય અને ડ્રગ્સ માફિયાઓ દ્વારા કચ્છ દરિયાઈ માર્ગનો નાર્કોટિક્સના ગેરકાયદેસર કાળા કારોબાર માટે ઉપયોગ થતો હોવાની શક્યતા વધુ હોય જેથી નાર્કોટિક્સ જેવા દૂષણને જળમૂળથી દૂર કરી યુવાનોને નશાની લતથી દૂર રાખી સમાજને પાયમાલ થતાં અટકાવવા માટે કચ્છ પોલીસે સતત પેટ્રોલિંગ કરતા અનેક સ્થળો પરથી ચરસના અલગ અલગ પેકેટ મળવા પામેલ છે. ભુજ સરહદી વિસ્તારના રેન્જ આઈ.જી. ચિરાગ કોરડીયા અને ભુજ ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક સાગર બાગમારના નેતૃત્વમાં કચ્છ-ભુજ જિલ્લાની એસઓજી તથા કોસ્ટલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીઓ દ્વારા તાબાના પોલીસ કર્મચારીઓ, સાગર રક્ષક દળના સભ્યો, ફિશરમેન વોચ ગ્રુપના સભ્યોને સાથે રાખીને દરિયાઈ વિસ્તારમાં કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. જે પેટ્રોલિંગ દરમિયાન સતત ડ્રગ્સનો જથ્થો મળી રહ્યો છે.

કચ્છ પોલીસે અગાઉ ફક્ત ત્રણ દિવસમાં પકડેલા ચરસના જથ્થાની જો વાત કરવામાં આવે તો ગત તારીખ ૧૫ જૂનના રોજ જખૌ મરીન પોલીસ સ્ટેશન હદમાંથી ચરસના ૧૦ પેકેટ મળી આવ્યા હતા. ત્યારબાદ ૧૬ જૂનના રોજ જખૌ મરીન પોલીસ સ્ટેશનની હદમાંથી વધુ ૧૦ પેકેટ ચરસનો જથ્થો ઝડપાયો હતો. તે બાદ આ સિલસિલો સતત યથાવત રહેતા નારાયણ સરોવર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચરસનું એક પેકેટ મળી આવ્યું હતું. જે બાદ ૧૭ જુનના રોજ જખૌ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વધુ ૨૦ પેકેટ જયારે માંડવી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચરસના ૪૦ પેકેટ બિનવારસુ હાલતમાં મળી આવ્યા હતા.

### જગતાત ચિંતિત....

૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ વલસાડના વાપીમાં ૨૭ મીમી મહેસાણાના જોટાનામાં ૨૪ મીમી, અમદાવાદના વિરમગામમાં ૧૬ મીમી, પારડીમાં ૧૩ મીમી વરસાદ વરસી ગયો છે.

ચોમાસાના ચાર માસમાં અષાઢ માસને ધોરી મહિનો માનવામાં આવે છે. અષાઢનો એકપણ દિવસ કોરો જવો ન જોઈએ. પરંતુ અષાઢી બીજનો દિવસ જ વરસાદ વિના કોરો જવાના કારણે ચિંતામાં થોડો વધારો થયો છે.

સૌરાષ્ટ્ર-કચ્છનાં હજી કેટલાક વિસ્તારો એવા છે જયાં હજી વાવણી લાયક વરસાદ વરસ્યો નથી. ખેડુતો ભારે ચિંતાતુર બની ગયા છે. અમુક વિસ્તારોમાં પાણીનો પોકાર પણ ઉભો થયો છે. હળવાથી મદયમ વરસાદની આગાહી આપવામાં આવી છે.

## દુઃખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટ :** કેશોદ નિવાસી ચંદુભાઈ પુંજાભાઈ કક્કડ (ઉ.વ.૮૫) હાલ રાજકોટનું તા.૦૬-૦૭-૨૦૨૪, શનિવારના રોજ અવસાન થયેલ છે. તે પ્રભુદાસભાઈ, શૈલેષભાઈ, કનુભાઈ, જાગુબેન (વિસાવદર) તથા રીટાબેન (રાજકોટ)ના પિતા તથા સાવનભાઈ, હેતભાઈ (એકતાબેન ગોંડલ)ના દાદાનું ઉઠમણું, પ્રાર્થનાસભા તા.૦૮-૦૭-૨૦૨૪, સોમવારે સાંજે ૪ થી ૫ ''રામજી મંદિર'', રામનગર મેઈન રોડ, પી.ડી. માલવીયા કોલેજ નજીક, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# આભ ફાટતા ચારધામ યાત્રા પર જોખમ મુકાયું!!!

## અવિરત વરસાદના કારણે ભૂસ્ખલનને કારણે મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૧૦૦થી વધુ રસ્તાઓ બ્લોક

## અનેક સ્થળોએ કુલ ૨૨૧ જેસીબી તૈનાત કરવામાં આવ્યા છેઃ આ સાથે એન. ડી.આર.એફ – એસ. ડી. આર.એફને એલર્ટ પર રહેવા આદેશ

### ઉત્તરાખંડમાં ભારે વરસાદની આગાહી

ઉત્તરાખંડના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી છે. વરસાદને કારણે અનેક મુખ્ય માર્ગો બંધ છે. ચમોલી, પૌરી, રુદ્રપ્રયાગ સહિત કુમાઉ વિસ્તારમાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સીએમ પુષ્કર સિંહ ધામીએ તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને એલર્ટ રહેવાના આદેશ આપ્યા છે. રાજ્યમાં ૨૦૦થી

વધુ રૂટ બંધ છે. અનેક સ્થળોએ કુલ ૨૨૧ જેસીબી તૈનાત કરવામાં આવ્યા છે. આ સાથે એન. ડી.આર.એફ - એસ. ડી. આર.એફને એલર્ટ પર રહેવા માટે કહેવામાં આવ્યું છે. વહીવટી તંત્રના અધિકારીઓ નાળાઓ પાસે રહેતા લોકો સુધી પહોંચી રહ્યા છે. શનિવારે રાત્રે પિથોરાગઢ, નૈનીતાલ, ચમોલી, અલ્મોડા, પૌરીમાં ભારે વરસાદ નોંધાયો હતો.

### કેદારનાથ હાઈવે પર ટનલનો એક ભાગ તૂટતા વાહન વ્યવહારને પહોંચી અસર

ઉતરાખંડમાં ભારે વરસાદના પગલે કેદારનાથ-રુદ્રપ્રયાગ હાઈવે પરની એક ટનલને પણ નુકસાન થયું છે. જો કે કોઈ જાનહાનિના અહેવાલ નથી. પરંતુ આ માર્ગેથી કેદારનાથ

ધામ જતા વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. બાયપાસ મોટરવે પરથી મુસાફરો મુસાફરી કરી રહ્યા છે. જોકે, ટનલ ખોલવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. બીજી તરફ રાત્રે પડેલા વરસાદને કારણે શહેરમાં અનેક જગ્યાએ પાણી ભરાયા છે અને સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. તમને જણાવી દઈએ કે રુદ્રપ્રયાગમાં કેદારનાથ હાઈવે પર લગભગ ૫૦ મીટર લાંબી ટનલ આવેલી છે, આ ટનલનો આગળનો ભાગ વરસાદને કારણે તૂટી ગયો છે.

### ઉત્તરાખંડમાં બંધ રસ્તાઓ પર સંકેતો મૂકવાની સૂચનાઓ

ઉત્તરાખંડના ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા જિલ્લાઓમાં પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને રાજ્ય ધોરીમાર્ગો અને ગ્રામીણ માર્ગો સહિત તમામ બંધ રસ્તાઓ શક્ય તેટલી વહેલી તકે ફરીથી ખોલવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં

આવી રહી છે. તમામ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીઓને એલર્ટ રહેવા અને પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવા સૂચના આપવામાં આવી છે. બંધ રસ્તાઓ પર સાઈન લગાવવા અંગે વિવિધ માધ્યમો દ્વારા જાણ કરવા સૂચનાઓ આપવામાં આવી છે.

### ભારે વરસાદ પાછળ શું છે કારણ?

ગત જુલાઈ ૨૦૨૩ ના રોજ હિમાચલ પ્રદેશમાં પુર પ્રકોપ જોવા મળ્યો હતો. જેમાં ઘણી મોટી તબાહી મચી હતી અને અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા બીજી તરફ પાવર પ્લાન્ટ પણ ભારે વરસાદના કારણે ધોવાઈ ગયો હતો મહત્વનું એ છે કે ઉત્તરાખંડ અને ઉત્તર પૂર્વ ભારતમાં વધુ વરસાદ શું કામ વર્ષે છે ત્યારે હવામાન વિભાગના તજજ્ઞોનું માનવું છે કે આ વિસ્તારમાં વેસ્ટન ડીસ્ટર્બન્સ સૌથી મોટું ભાગ ભજવતું હોય છે અને પરિણામ સ્વરૂપે ભારે વરસાદ આવે છે. ત્યારે ફરી વખત ૨૦૨૪ ના જુલાઈની શરૂઆતમાં જ ઉત્તરાખંડમાં ભારે વરસાદ વરસી રહ્યો છે અને ચારધામ યાત્રાને હાલ મુલતવી રાખવામાં આવી છે.

**અબતક, નવીદિલ્હી**

પ્રાદેશિક હવામાન કેન્દ્ર દ્વારા જારી કરવામાં આવેલી ભારે વરસાદની ચેતવણીને કારણે રવિવારથી ચાર ધામ યાત્રાને બે દિવસ માટે અસ્થાયી રૂપે અટકાવવામાં આવી છે. શનિવારે સાંજે જારી કરવામાં આવેલી ચેતવણીમાં યાત્રાળુઓને તેમની યાત્રા બંધ કરવા અને હવામાનમાં સુધારો ન થાય ત્યાં સુધી તેમના સ્થાનો પર જ રહેવાની વિનંતી કરવામાં આવી છે. ૧૦ મેથી યાત્રા શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૩૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ચાર ધામ તીર્થ સ્થળોની મુલાકાત લીધી છે. જો કે, છેલ્લા ૭૨ કલાકમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થયું છે, જેના કારણે બદ્રીનાથ તરફ જતા રાષ્ટ્રીય ધોરીમાર્ગને અનેક સ્થળોએ અવરોધિત કરવામાં આવ્યો છે. અવિરત વરસાદના કારણે ભૂસ્ખલનને કારણે મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૧૦૦થી વધુ રસ્તાઓ બ્લોક થઈ ગયા છે.



૧૫ જૂનથી અત્યાર સુધીમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૦થી વધુ લોકોના મોત થયા છે. ચમોલી જિલ્લાના બલદોરા ખાતે ઋષિકેશ-બદ્રીનાથ રાષ્ટ્રીય ધોરી માર્ગ ધોવાઈ ગયો છે.'' ૧૫ જૂનથી અત્યાર સુધીમાં કુદરતી આપત્તિ સંબંધિત ઘટનાઓમાં ૧૦ થી વધુ લોકોના મોત થયા છે અને પાંચ ઘાયલ થયા છે, જેમાં મોટાભાગની જાનહાનિ આ મહિનામાં જ થઈ છે. શનિવારે બે હૈદરાબાદના તીર્થયાત્રીઓ ચમોલી જિલ્લાના કર્ણપ્રયાગ પાસે વરસાદના કારણે ભૂસ્ખલનમાં દટાઈ જવાથી મૃત્યુ પામ્યા હતા જ્યારે તેઓ બદ્રીનાથથી પાછા આવી રહ્યા હતા ત્યારે ભારે વરસાદને કારણે જૂનું ઝાડ પડી ગયું હતું, જેના કારણે નજીકના ગેસ્ટહાઉસ અને પાર્કિંગને નુકસાન થયું હતું મંદિરના પૂજારી અને અન્ય એક વ્યક્તિનો બચાવ થયો હતો.

### નદી કિનારાના વિસ્તારોમાંથી બચાવ કાર્ય ચાલુ છે


પર્વતીય વિસ્તારોમાં ભારે વરસાદની અપેક્ષા છે. કોઈ અનિચ્છનિય ઘટના ન ઘટે તે માટે સંબંધિત વિભાગો સાવચેતીના તમામ પગલાઓ લઈ રહી છે. એટલુજ નહિ નદી કિનારાના વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે.

# ટી-૨૦માં ચેમ્પિયન અને ૧૨૫ કરોડ, ૧૯૮૩ની કપિલ ડેવિલ્સને શું ?

## સ્વર્ગસ્થ લતા મંગેશકરે દિલ્હીમાં કોન્સર્ટનું આયોજન કર્યું, જેમાંથી દરેક ખેલાડીને ૧-૧ લાખનું ઈનામ અપાયું

**અબતક, નવીદિલ્હી**

બીસીસીઆઈ ટી૨૦ વર્લ્ડ કપનો ખિતાબ જીતનાર વિજેતા ભારતીય ટીમ માટે ૧૨૫ કરોડ રૂપિયાના જંગી ઈનામની જાહેરાત કરી છે. જો કે, ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર, જે ઐતિહાસિક ૧૯૮૩ વર્લ્ડ કપ વિજેતા ટીમના સભ્ય હતા, તેમણે બોર્ડને વિનંતી કરી છે કે કપિલ દેવની કેપ્ટનશીપવાળી ટીમને પણ ઓળખવા અને પુરસ્કાર આપવામાં આવે, જેણે દેશને અપાર ગૌરવ અને ગૌરવ અપાવ્યું. ૧૯૮૩ના વર્લ્ડ કપની ફાઈનલમાં, કપિલ દેવની કમાની હેઠળ ભારતે બે વખતની ડિફેન્ડિંગ ચેમ્પિયન વેસ્ટ ઈન્ડિઝને ૪૩ રનના માર્જિનથી હરાવીને નોંધપાત્ર અપસેટ સર્જ્યો હતો. ભારતીય ટીમે નિર્ધારિત ૬૦ ઓવરમાં કુલ ૧૮૩ રન બનાવ્યા હતા. જવાબમાં ભારતીય બોલરોએ ટાર્ગેટનો બચાવ કરવામાં અસાધારણ કૌશલ્ય અને નિશ્ચય દર્શાવ્યો હતો. મદન લાલ અને મોહિન્દર અમરનાથે ત્રણ-ત્રણ વિકેટ લઈને શાનદાર પ્રદર્શન કર્યું અને શક્તિશાળી વેસ્ટ ઈન્ડિઝને માત્ર ૧૪૦ રનમાં આઉટ કરી દીધું.



આ ઐતિહાસિક જીતે માત્ર ભારતને ચેમ્પિયન બનાવ્યું જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ગણનાપાત્ર બળ તરીકે તેના ઉદભવનો સંકેત પણ આપ્યો. આ વિજયે વૈશ્વિક ક્રિકેટ મંચ પર ભારતના આગમન અને ભાવિ સફળતાઓ માટેનો માર્ગ મોકળો કરતા ટર્નિંગ પોઈન્ટ તરીકે સેવા આપી હતી. ખ્યાતનામ ગાયિકા, ખેલાડીઓને ચૂકવવામાં આવતી પ્રમાણમાં ઓછી રકમ વિશે જાણ્યા પછી, સ્વર્ગસ્થ લતા મંગેશકરે ટીમની સફળતાનું સન્માન કરવા માટે તે પોતાની જાત પર લીધું. તેણે વર્લ્ડ કપ વિજેતા ટીમ માટે ફંડ એકત્ર કરવાના ઉદ્દેશ્ય સાથે દિલ્હીમાં કોન્સર્ટનું આયોજન કર્યું હતું. પોતાના પ્રયાસોથી તેણે ટીમના દરેક ખેલાડીને ૧ લાખ રૂપિયાનું ઈનામ આપ્યું.

ટી ૨૦ વિશ્વ કપની વિજેતા ટીમ ભારતને બીસીસીઆઈ એ અધધ ૧૨૫ કરોડ રૂપિયાનું રોકડ ઈનામ આપ્યું હતું તો ૧૯૮૩ ની કપિલ ડેવિલને શું કામ નહીં આ સૌથી મોટો પ્રશ્ન છે કારણ કે જે તે વખતે બોર્ડ પાસે એટલા નાણાં ન હતા. પરંતુ હવે બોર્ડ સક્ષમ છે આ વાતને ધ્યાને લઈ હવે ૧૯૮૩ વિશ્વ કપની ટીમને રોકડ રકમ મળવી જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

### ગીતા વિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમાની થશે ઉત્સાહભેર ઉજવણી

**અબતક, રાજકોટ** : જંકશન પ્લોટ ખાતે શ્રીમનહરલાલજી મહારાજ સ્થાપિત સેવા સંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટ - ગીતા મંદિરમાં અષાઢ સુદ પૂનમને તા.૨૧ને રવિવારે ભાવસભર વાતાવરણમાં શ્રધ્ધાભક્તિપૂર્વક ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે. ધૂપ-દીપ અને પુષ્પોની સુવાસથી મહેકતા ગીતા વિદ્યાલયના પ્રાર્થના સત્સંગ સભા ખંડમાં ભગવદ્ગીતાના અધ્યાય ૧૨ અને ૧૫ના સામુહિક ગીતાપાઠ થશે. આ તકે જાણીતા સૂરદાસ ઘન અન ખંડમાં ભજનિક વજુભાઈ જોગેલાના સૂરીલા કાંઠે ભક્તિસંગીતની ભજન સંધ્યા યોજાશે. ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૭૩ થી સંચાલિત નિઃશુલ્ક ઉનાળુ છાશ કેન્દ્રના ૫૨માં વર્ષના દાતાઓનું તથા સ્વયંસેવકોનું પારિતોષિક વિતરણ દ્વારા સન્માન થશે. સંસ્થાની વર્ષભરની પ્રવૃત્તિઓનો અહેવાલ તથા આગામી આયોજનોની માહિતી રજુ થશે. ગુરૂમહિમા વિષે પ્રેરક ઉદબોધન થશે. વિશ્વગુરૂ ભગવદ્ ગીતા, શ્રીકૃષ્ણ પરમાત્મા તથા સદ્ગુરૂ દેવનું મંત્રોચ્ચાર સાથે પૂજન-અર્ચન થશે. હાર્મોનિયમ, ઢોલક, તબલા, મંજીરા, કરતાલ વગેરે પારંપરિક વાજિંત્રો સાથે ગીતા વિદ્યાલય પરિવારનું છેલ્લા ૭૨ વર્ષોથી સુવિખ્યાત ભાવસમાધિ પ્રેરતું સંગીતમય દિવ્ય સંકિર્તન થશે. કાર્યક્રમને અંતે સમષ્ટિના કલ્યાણની પ્રાર્થના થશે. આ પ્રસંગે વિષ્ણુસહસ્ત્રનામ સ્તોત્ર તથા સંત તુલસીદાસ જીવનચરિત્રની પુસ્તિકા, ભગવદ્ગીતાની સંગીતમય ઓડિયો સીડીનું રાહત દરે વિતરણ થશે. જ્યાં છેલ્લા ૬ દાયકાથી ભગવદ્ગીતા અને માનવસેવાનો ગુંજારવ થઈ રહ્યો છે. તેવા દેવસ્થાન ગીતા વિદ્યાલય-ગીતા મંદિરમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવમાં સહભાગી થવા સર્વે ભાવિકોને ગીતા વિદ્યાલય પરિવારે હાર્દિક અનુરોધ કરેલ છે.

## દેશભરમાં શહીદ પર્વ મહોર્રમનો આસ્થાભેર આરંભ

# મહોર્રમઃ ભાઈચારાની સાથે સાથે અત્યાચારના આતંકવાદ સામે સત્યાગ્રહથી પ્રતિકાર કરવાનો તહેવાર

### માનવતાના મસીહા ઈમામ હુસેનને ''હિન્દુસ્તાન'' પ્રત્યે અનન્ય લગાવ હતો

**અબતક, રાજકોટ**

ભારત વર્ષમાં અને દુનિયાભરમાં ધાર્મિક સામાજિક તહેવારોનું એક આગવું મહત્વ હોય છે ભારતની બિનસાંપ્રદાયિક સામાજિક વ્યવસ્થામાં તહેવારો ને ધર્મભાવની સાથે સાથે માનવ સંવેદના ના જતન અને ભાઈચારાના રૂપમાં મનાવવામાં આવે છે.

હિન્દુસ્તાનની વસુદેવ કુટુંબકમ અને સત્ય અહિંસા ના ઉમદા સંસ્કારોની ઉજાગર કરવા માટે મનાવવામાં આવતા તહેવારોમાં ઈસ્લામના મહોરમના તહેવારોનો પણ સમાવેશ થાય છે.

। મુસ્લિમ ધર્મ ઈસ્લામી કેલેન્ડર સૌ પ્રથમ મહિનો મોહરમ નો આવે છે એટલે કે મહોર્રમની પહેલી તારીખ ઈસ્લામી નૂતન વર્ષ હોય છે પરંતુ જગતની તમામ સભ્ય સંસ્કૃતિમાં એકમાત્ર ઈસ્લામ એવો ધર્મ બની રહ્યો છે કે જેમાં નવા વર્ષની ઉજવણી આનંદ ઉમંગ ઉલ્લાસથી નહીં પરંતુ ગમ મનાવીને કરવામાં આવે છે.

ઈસ્લામના પેગંબર હજરત મહંમદ સાહેબ ના નવાસા હજરત ઈમામ હુસેન અને તેમના ૭૨ સાથીદારોને ઈરાકના કરબલાના મેદાનમાં ભૂખ્યા તરસ્યા રાખી અત્યાચારી શાસક જૂલ્મી યઝીદ ની સેનાએ શહીદ કરી દીધા હતા..

યઝીદ કપટથી ખીલાફતની ગાદી પર બેસી ગયો હતો. તે દુરાચાર, ખોટા બોલો અને લોહીના સંબંધની ગરીમા રાખ્યા વગર નો વ્યભિચારી, શરાબી કુટેવવાળો હતો એ જમાનામાં એવી પરંપરા હતી કે જે વ્યક્તિ ખિલાફતની ગાદી પર બેસે તેના દ્વારા કરવામાં આવતા ''આચરણ'' તમામ રાજ રૈયત પર આ આચરણ કાયદેસર થઈ જાય... એટલે કે યઝીદ શરાબ પીતો હતો, ખોટું બોલતો હતો, અલ્લાહ પર ઈમાન રાખતો ન હતો,. નાસ્તિક હતો, નમાજ કે બંદગી માં માનતો ન હતો, સગી ફઈ, સાવકી માતા ,બહેન ,કાકી ને પત્ની તરીકે રાખવાની કુટેવ ધરાવતો તો... તે સમગ્ર વિસ્તાર પર જુલમથી અધિપત્ય તો જમાવવામાં સફળ થયો હતો પરંતુ તેની ખીલાફત માટે તેને હજરત મહંમદ સાહેબના ઘરાના ની સહમતી જરૂરી હતી. હજરત મહમદ સાહેબના વારસદાર હજરત ઈમામ હુસેન પર યઝીદે સમર્થન ની માંગણી કરી ઈમામ હુસેનને સમર્થન આપવાની ના પાડી કહ્યું કે હું તને સમર્થન આપું તો સમગ્ર માનવ જાત માટે તારા દુર્ગુણો સદાચાર બની જાય અને ધરતી પરથી માનવતા મરી પરવારે.. તે કપટથી પ્રાપ્ત કરેલ રાજ ધન વૈભવ ભોગવ પણ હું તને ધર્મનું નેતૃત્વ નહીં જ આપવું કારણકે તું ખલીફા તરીકે માન્યતા પ્રાપ્ત કરી લેતો સંસારમાં ક્યાંય સદાચાર ન રહે અને માનવતા મરી પરવારે... ઈમામ હુસેનને માનવતા બચાવવા માટે શહીદી નો રસ્તો પસંદ કર્યો પરંતુ યઝીદને ને સમર્થન ન જ આપ્યું.

યજીદ દ્વારા ઈમામ હુસેનની બેત સમર્થન માટે યુદ્ધનું એલાન કર્યું ઈમામ હુસેને જરા પણ ડર્યા વગર કે યઝીદ સામે જંગ નો પડકાર સ્વીકારી લીધો અને ૧૦ મી મોહરમ હિજરી સન એક્સાઈટ માં ઈરાકના કરબલા પ્રાંતમાં યુરેટ ઈસ નદીના કાંઠે એક તરફ લાખોનું લશ્કર અને એક તરફ સત્યની હિમાયત માટે

### કરબલાની જંગમાં ભૂખ્યા તરસ્યા માનવતા કાજે શહીદ થયેલા શહીદોને ઠંડા પાણી શરબતથી અપાય છે અંજલિ

ઈમામ હુસેન અને તેમના પરિવારજનોને બેત માટે મજબૂર કરવા જુલમી શાસક યજીદ ના લશ્કરે ઈમામ હુસેનના પરિવાર પર ખૂબ અત્યાચાર ગુજારી ત્રણ દિવસ સુધી પાણી બંધ કરી દેવાયું હતું.

છ મહિનાના શહેજાદાથી લઈ આખો પરિવાર ભૂખ તરસ વેઠીને સત્યનો સાથ આપી શહીદ થયા કરબલાના શહીદોની યાદમાં મહોર્રમના દિવસોમાં ઠંડા પાણી અને શરબત પીવડાવી શહીદોની ભૂખ તરસને અંજલી આપવામાં આવે છે.

જંગે ચડેલા ઈમામ હુસેન તેમના લશ્કરના સરદાર હજરત અબ્બાસ અને સાથીદારોનું ૭૨ નું લશ્કર આંતકવાદ સામે જીવ સટોસટની ટક્કર માટે તૈયાર હતું. ૧૦ મી મોહરમ ને સવારથી બપોર સુધી યુદ્ધ ચાલ્યું એવા હુસેનના લશ્કરના એક એક જવાન શૌર્યતાથી શહીદ થયા છેવટ ઈમામ હુસૈનને યજીદની ખોટી વાતનો સ્વીકાર ન કરીને માનવતા બચાવવા ધર્મ કાજે શહીદી વોહરી લીધી.....કરબલા નો ઈતિહાસ દર વર્ષે જીવંત થાય માનવ સમાજને હજરત ઈમામ હુસેનની સદાચાર માટે બલિદાનની ગાથા જન જન સુધી પહોંચતી રહે અત્યાચાર સામે ક્યારે ન ડગવાની હિંમત માનવ સમાજમાં જીવંત રહે તે માટે મહોર્રમના શહીદ પર્વ ગમ બનાવીને યાદ કરવામાં આવે છે..

આ વર્ષે પરંપરાગત રીતે રવિવારથી મોહરમ ની શરૂઆત થઈ છે ૧૬ જુલાઈના રોજ આસુરા બનાવવામાં આવશે દેશભરમાં કોમી એકતા સાથે મહોર્રમ શાંતિપૂર્ણ રીતે બનાવાય તે માટે સઘન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

**હિન્દુસ્તાનમાં મોહરમની સર્વ ધર્મ સમભાવ ના ભાવ સાથે મનાવવાની પરંપરા**

મહોર્રમના તહેવારોની ઉજવણી કોઈ એક ધર્મ સંપ્રદાય માટે નથી કરબલામાં ઈમામ હુસેનને માનવ ધર્મને બચાવવા સદાચાર માટે કુરબાની આપી હતી મહોર્રમની કુરબાનીનો સંદેશ જન જન સુધી પહોંચે તે માટે મહોર્રમ મનાવવામાં આવે છે મહોર્રમમાં તાજીયા અને દફનવિધિમાં તમામ ધર્મના લોકો જોડાઈ વધુમાં વધુ લોકો મોહરમની શહીદી થી વાકેફ થાય તે માટે મોહરમમાં પ્રસાદ પરંપરામાં તમામ પ્રસાદ શાકાહારી, માનતામાં શ્રીફળ, દૂધ, શરબત, ચોખ્ખું પાણી અને ચુરમાના લાડુ ધરવાની પરંપરા છે. તમામ વિધિ હિંદુ ધર્મ સંપ્રદાયની પરંપરા સાથે સુસંગત થાય તેવી રાખવામાં આવી છે મોહરમ સર્વ ધર્મ સમભાવ અને માનવ ધર્મ એકતાનો સંદેશો ઉજાગર કરવા મનાવવામાં આવે છે ઈમામ હુસેનના આદર્શ અને સંસ્કાર દરેક માનવી અપનાવે સમાજમાં સુલેહ શાંતિ ભાઈચારો અને સંસ્કારી વાતાવરણ નું સર્જન થાય આંતકવાદ સામે સત્ય કાજે નિર્ભય બનવાના સંસ્કાર સમાજમાં ફેલાય તે માટે મોહરમ મનાવવામાં આવે છે.

**તાજિયા પડમાં લાવવાની વિધિ અને દફનવિધિનાઝુલુસ નું શું છે મહત્વ?**

ઈરાકના કરબલામાં ઈસવીસન ૬૨૪ માં અધર્મ વિરુદ્ધ ધર્મનું યુદ્ધ થયું હતું, અત્યાચારી શાસક યજીદના લશ્કરે ઈસ્લામના પેગંબર હજરત મહંમદ સાહેબના નવાસા ઈમામ હુસૈન અને તેમના ૭૨ સાથીદારોને શહીદ કરી નાખ્યા કરબલાના શહીદોની યાદમાં મનાવવામાં આવતા મોહરમના નવમા દિવસે હિન્દુસ્તાન માંથી વિભાજિત થયેલ પાકિસ્તાન બાંગ્લાદેશ અફઘાનિસ્તાન સહિતના દેશોમાં શહીદોને અંજલિ આપવા માટે મોહરમની નવમી તારીખ એ ઈમામ હુસેનના મજારની પ્રતિકૃતિ તાજીયા બનાવવામાં આવે છે નવમી તારીખે કરબલામાં યુદ્ધની તૈયારી શરૂ થઈ હતી એટલે નવમી તારીખ તાજીયા પડમાં લાવવામાં આવે છે ૧૦ મી તારીખે સવારથી બપોર સુધી ના ધર્મ યુદ્ધમાં ૭૨ યોદ્ધાઓએ શહીદી વોહરી લીધી ત્યારબાદ ૧૦ મી તારીખે તાજીયા ને દફનવિધિ માટે લઈ જવાનું ઝુલુસ યોજાય છે આમ તાજીયા પડમાં બેસવાથી લઈને દફનવિધિ થી કરબલા નું યુદ્ધ દર વર્ષે યાદ કરવામાં આવે છે

### તાજીયા શા માટે બનાવવામાં આવે છે

ઈરાક ના કરબલામાં ઈસવીસન ૫૧૭ માં ઈસ્લામના અંતિમ નબી હજરત મામા સાહેબના દોહિત્ર ઈમામ હુસૈન અને તેમના ૭૨ સાથીદારોની સહાદત થઈ હતી. દર વર્ષે શહીદોની યાદમાં ગમ બનાવવાની પરંપરા છે મહોરમમાં ભાવિકો કરબલા ખાતે ઈમામ હુસૈન ના મજાર ના દર્શને જય ન શકે તે માટે તેમની યાદમાં ઈમામ હુસેનના મજાર રોઝા ની પ્રતિકૃતિ ના રૂપમાં તાજીયા બનાવવામાં આવે છે તાજીયા બનાવવાની પ્રથા હિન્દુસ્તાનના તમામ વિસ્તારો જેવા હિન્દુસ્તાન પાકિસ્તાન અફઘાનિસ્તાન બાંગ્લાદેશ અને અરબ દેશ થી દુર વિશ્વભરમાં મોહરમમાં તાજીયા બનાવી શહીદોને યાદ કરવામાં આવે છે.

**તાજીયા પડમાં બેઠા હોય ત્યાં પાણી છાંટવાની પરંપરા માનવતાની ભાવના ઉજાગર કરવાના સંસ્કારોની પ્રતીતિ કરાવે છે**

હિન્દુસ્તાનમાં માનવ ધર્મની સવિશેષ ખેવના કરવાની સંસ્કૃતિ છે મોહરમ માનવ ધર્મ કાજે ઈમામ હુસૈનને આપેલી શહીદીને યાદ કરવાનો અવસર હોવાથી તાજીયા પળમાં આવે ત્યારે હિન્દુ મુસ્લિમ યુવાનો ઉઘાડા પગે ચોંકારો લે છે ત્યારે ગામની બહેનો તાજ્યના પટ માં પાણી છાંટીને માનવસેવા ના સંસ્કારો ઉજાગર કરે છે કરબલાના શહીદો ભૂખ તરસ ૫ વેઠીને શહીદ થયા હતા તેમને યાદ કરી પાણી પીવડાવવું અને પાણી છાંટવાની એકપરંપરા છે

**પવિત્ર કુરાનમાં અત્યાચાર સામે અવાજ અને શહીદોનું ગમ બનાવવા માનવ સમાજને થઈ છે હિમાયત**

મહોર્રમના ગમના દિવસો દુનિયાને આંતકવાદ સામે નીડર બનીને અવાજ ઉઠાવવાનો સંદેશ આપે છે કુરાન શરીફમાં છઠ્ઠા પારામાં સુરે નિશાની આયાતમાં ફરમાવ્યું છે કે હું કોઈ ને વિના કારણે દુઃખી કે ગમગીન થવાની ઈજાજત નથી આપતો પરંતુ જ્યાં જુલ્મ થયો હોય તેની સામે પ્રતિકાર અને ગમ વ્યક્ત કરવાની ઈજાજત આપું છું આમ અલ્લાહે કુરાનની આયાતમાં ફરમાવ્યું છે કે અત્યાચાર સામે અવાજ ઉઠાવવા અને જ્યાં જ્યાં જુલમ થયા હોય ત્યાં દુઃખ વ્યક્ત કરી સંવેદનાની હિમાયત કરી જણાવ્યું છે કે જોર જુલમ કે વિવાદો ને સ્વીકૃતિ નથી આપતો પરંતુ જ્યાં અત્યાચાર થાય ત્યાં હું તમને વિરોધ અને સંવેદના વ્યક્ત કરવા ની ઈજાજત આપું છું આમ કુરાનમાં માનવ જાતને અત્યાચાર સામે અવાજ ઉઠાવવા અને જ્યાં જુલમ થયો હોય તેના પ્રત્યે સંવેદના અને તેના ગમની ઈજાજત આપવામાં આવી છે મહોરમ ના દિવસોમાં ગમ મનાવા સામે સવાલ ઉઠાવવામાં આવે છે પરંતુ મોહરમમાં ગમ બનાવવા ની ઈજાજત કુરાનની આયાતો માં આપવામાં આવી છે

**હિન્દુસ્તાન પ્રત્યે ઈમામ હુસૈને લાગણી વ્યક્ત કરી હતી**

હિન્દુસ્તાન પ્રત્યે ઈમામ હુસૈન એ લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું હું હિન્દમાં જ રહીશ. કરબલાના રણમાં ઈસવીસન ૫૧૭ માં થયેલા ધર્મ યુદ્ધ માં શહીદી વોહરી રહેનાર ઈમામ હુસૈન ને ભારત પ્રત્યે ખૂબ જ સંવેદના હતી વસુદેવ કુટુંબની ભાવનાને ભરેલા ભારત સાથે ઈમામ હુસેનને આત્મીયતા હતી ૫૧૭માં જ્યારે કરબલા ની ઘટના સર્જાય તે પૂર્વે ઈમામ હુસૈન અને યુદ્ધ વચ્ચેની ટકરાવ ની તે સમયે વિશ્વમાં ભારે ચર્ચા જાગી હતી. ભારતમાં હિન્દુ રાજાઓએ ઈમામ હુસૈન ને મદદ માટે દૂધ મોકલ્યા હતા ઈમામ હુસેન સાથે હિન્દુ રાજાઓએ કરેલા પત્ર વ્યવહાર આજે પણ અનેક સંગ્રહસ્થાનોમાં મોજુદ છે ઈમામ હુસેનની શાહદત અનિવાર્ય હતી તેમણે હિન્દુ રાજાઓના સંદેશાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી જણાવ્યું હતું કે ભલે હું શહીદ થઈ જાવ પણ હું હિંદમાં જ રહીશ આજે વિશ્વભરમાં હિન્દુસ્તાન ના વિવિધ વિસ્તારોમાં ભારત બાંગ્લાદેશ પાકિસ્તાન અફઘાનિસ્તાન માં મોહરમની ભારે આસ્થા પૂર્વક મનાવાય છે એમાં હુસેનના મજારની પ્રતિકૃતિ જેવા તાજીયા બનાવાની પ્રથા અને મોહરમની ભવ્યતા રૂપમાં ઈમામ હુસેન ની હિંદુસ્તાન પરથી ની લાગણી આજે પણ અમર બની હોય તેવી પ્રતીતિ થાય છે અને જાણે કે ઈમામ હુસૈન હિંદમાં જ વસતા હોય તેવું દેખાય છે.

### ચોકારાનું મહત્વ

કરબલાના શહીદોની યાદમાં મનાવવામાં આવતા મહોર્રમના દિવસોમાં માતમની જેમ યુવાનોમાં ''ચોકારો'' લેવાની પ્રથા છે.. મહોર્રમના દિવસોમાં નાના-મોટા ગામમાં શેરીના નાકે અને ચોકમાં જુના યુગના શોર્ય રાસની જેમ યુવાનો ઢોલ અને શરણાઈના તાલે ગોળ વર્તુળાકારે ઘૂમી હાથ પર જોરથી પ્રહાર કરીને શહીદોને અંજલી આપે છે...ઈમામ હુસેનના લશ્કરમાં એ યુગના સૌથી શૂરવીર યોદ્ધા ના રૂપમાં ઈમામ હુસેનના નાના ભાઈ હજરત અબ્બાસ ઈલાહી સૈન્યના સરદાર હતા, કરબલામાં અહિંસા સાથે સત્યાગ્રહ ની જંગ હતી ઈમામ હુસેનને નાનાભાઈ હજરત અબ્બાસને જંગ ન કરવા અને સંયમ રાખવા આદેશ આપ્યો હતો ઈમામના આદેશને માન આપી હજરત અબ્બાસ પોતે લાખો યોદ્ધાઓ પર ભારે પડે તેવા શૂરવીર હોવા છતાં જંગ ન કરી પોતાના હાથ કુરબાન કરીને સત્ય અને અહિંસા નું રક્ષણ કર્યું હતું ચોકારોએ શૂરવીર હજરત અબ્બાસ ના બંને હાથો ની અંજલીને યાદ કરીને યુવાનો પોતાના હાથ પર પ્રહાર કરીને શહીદોને અનોખી અંજલી આપે છે ચોકારો શૌર્ય રાસની રૂપમાં લેવાતો હોવાથી મુસ્લિમ સાથે હિન્દુ યુવાનો પણ ચોખારામાં જોડાઈ છે અને ચોખારામાં હિન્દુસ્તાનની સર્વ ધર્મ સંભાવના પરંપરા ઉજાગર થાય છે.

# ઈ-ફોર વ્હીકલનું વેચાણ વધ્યું છતાં દિલ્હી દૂર!!!

## ઈલેક્ટ્રિક વ્હીકલનું વેચાણ ૨030 સુધીમાં 30%એ પહોંચાડવા પોલિસીમાં ધરખમ ફેરફાર કરવો જરૂરીઃ સરકારે તાજેતરમાં નવી પોલિસી જાહેર કરી તેમાં નવા રોકાણકારો માટે રાહતનો પટારો ખોલ્યો, પણ અગાઉ રોકાણ થયા તેને કોઈ રાહત ન અપાઈ

**અબતક, નવી દિલ્હી**

ઈ-ફોર વ્હીલમાં વેચાણ વધ્યું છતાં દિલ્હી દૂર છે હજુ પણ અડધો ડઝન કંપનીઓ ઈ-વ્હીકલ ક્ષેત્રે સારી શરૂઆત કરવા ઈચ્છે પણ તેઓ પ્રોત્સાહનની રાહમાં છે. ઈલેક્ટ્રિક વ્હીકલનું વેચાણ હવે ૨030 સુધીમાં 30 ટકાએ પહોંચાડવા પોલિસીમાં ધરખમ ફેરફાર કરવો જરૂરી બન્યું છે.

ભારતમાં પહેલેથી જ રોકાણ કરી ચૂકેલા ઓટોમેકર્સને પ્રોત્સાહિત કરવા માટે ભારત એક નવી નીતિ લઈને આવી શકે છે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે અમેરિકન ઈલેક્ટ્રિક કાર નિર્માતા ટેસ્લા ઈન્ક ભારતમાં ફેક્ટરી બનાવવા અંગે હજુ સુધી કોઈ નક્કર પ્રતિબદ્ધતા વ્યક્ત કરી નથી. પોલિસીનો ઉદ્દેશ હાઈ-એન્ડ ઈલેક્ટ્રિક કારના સ્થાનિક ઉત્પાદનને વેગ આપવાનો છે, જે હાલમાં ફક્ત નવા રોકાણોને સમર્થન આપે છે.

ફોક્સવેગન-સ્કોડા, હ્યુન્ડાઈ કિયા અને વિનફાસ્ટ જેવી લગભગ અડધો ડઝન કાર ઉત્પાદકોએ નવી નીતિમાં રસ દર્શાવ્યો છે. કાર નિર્માતાઓને પરેશાન કરતા અન્ય મુખ્ય મુદ્દા પર પણ હિતધારકો સાથે ચર્ચાઓ ચાલી રહી છે. સરકાર સંભવિતપણે



આંતરિક કમ્બશન એન્જિન અને ઈલેક્ટ્રિક વાહનો બંનેનું ઉત્પાદન કરતા પ્લાન્ટમાં રોકાણ કરવાનું વિચારી શકે છે, જે પ્રોત્સાહનો માટે પાત્ર છે, જેથી સ્કેલ ઉમેરવા અને ઓટોમેકર્સ માટે મોટા રોકાણો સક્ષમ બને.

ફોક્સવેગન-સ્કોડા, હ્યુન્ડાઈ-કિયા અને વિનફાસ્ટ જેવી લગભગ અડધો ડઝન કાર નિર્માતાઓએ નવી નીતિ, ઈલેક્ટ્રિક કારના ઉત્પાદન માટેની યોજનામાં રસ દર્શાવ્યો છે.

ઓટોમેકર્સે બે મુખ્ય ચિંતાઓ ઉભી કરી છે - આ યોજનામાં હાલના રોકાણો પર વિચાર કરવો જોઈએ અને તેમાં ઈવી તેમજ પેટ્રોલ અને ડીઝલ કારનો સમાવેશ થાય છે, કારણ કે વર્તમાનમાં ભારતના મોટાભાગના પેસેન્જર ટ્રાફિક માટે ઈવી એક નાનો હિસ્સો ધરાવે છે, જે યોગ્ય નથી. ઈવી સ્કીમમાં ૧૫ માર્ચે તેની જાહેરાત થઈ ત્યારથી તેમાં ભાગ લેવા અંગે કોઈપણ ઓટોમેકર્સ તરફથી કોઈ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી.

એસએમઈસી હેઠળ, સરકારે જણાવ્યું હતું કે તે પાંચ વર્ષ સુધીના સમયગાળા માટે ૧૫% આયાત ડ્યુટી પર ઓછામાં ઓછા ખર્ચ, વીમા અને ૩૫,000 ડોલરના નૂર મૂલ્ય સાથે સંપૂર્ણ ઉત્પાદિત ઈવીની આયાતને મંજૂરી આપશે, જો કંપનીઓ નવા પ્લાન્ટ બનાવવામાં ૫00 મિલિયન ડોલરનું રોકાણ કરે.

શરૂઆતમાં, આ યોજના ઈવી બનાવતી નવી કંપનીઓ માટે બનાવવામાં આવી હતી. આ યોજનાને હવે પરંપરાગત કંપનીઓ માટે પણ વધુ આકર્ષક બનાવી શકાય કે કેમ તે અંગે ચર્ચાઓ ચાલી રહી છે,'' વિકાસથી વાકેફ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

આ બાબતથી વાકેફ એક બીજા અધિકારીએ જણાવ્યું હતું કે, આ યોજનામાં રસ ધરાવતી કેટલીક વારસાગત કંપનીઓએ ભારતમાં રૂ. ૨૫ લાખથી વધુ કિંમતના હાઈ-એન્ડ ઈલેક્ટ્રીક વાહનોના બજાર માટે ઈવી સુવિધાઓમાં નિર્દિષ્ટ રોકાણની માત્રા અંગે ચિંતા વ્યક્ત કરી છે રૂ. ૪,000 કરોડનું રોકાણ, એકને સ્કેલની જરૂર છે અને ભારતીય બજારમાં સ્કેલની મર્યાદા રૂ. ૨૫ લાખ પર સમાપ્ત થાય છે.'

# ફ્રાન્સમાં ત્રિશંકુ સરકાર રચાય તેવી શકયતા

## ત્રણ મુખ્ય પક્ષોમાંથી એકયને બહુમતી ન મળી : સરકારમાં મોટા ઉલટફેરના એંધાણ

અબતક, નવી દિલ્હી

ફ્રાંસના રાજકારણમાં મોટો ઉલટફેર થયો છે. ફ્રાન્સની સંસદીય ચૂંટણીમાં કોઈ પક્ષને બહુમતી મળી નથી, જોકે ડાબેરી ગઠબંધનને સૌથી વધુ બેઠકો મળી છે. રાષ્ટ્રપતિ મેક્રોનની પાર્ટી બીજા સ્થાને છે. મજબૂત ગણાતી જમણેરી પાર્ટી ત્રીજા સ્થાને રહી છે.

ફ્રાન્સની સંસદમાં, જેને એસેમ્બલી નેશનલે કહેવામાં આવે છે, તેમાં કુલ ૫૭૭ પ્રતિનિધિઓ હોય છે, પૂર્ણ બહુમતી માટે ૨૮૯ બેઠકો જરૂરી છે. એક પણ ગઠબંધનને બહુમતી ન મળવાને કારણે ફ્રાન્સ રાજકીય અને આર્થિક ઉથલપાથલમાં ધકેલાઈ શકે છે. આ ચૂંટણીમાં જમણેરી પક્ષને બહુમતી મળવાની અપેક્ષા હતી, પરંતુ તેમ



થયું નહીં. ડાબેરી પક્ષે અત્યંત જમણેરી પક્ષની આશાઓ પર પાણી ફેરવી દીધું.

૯ જૂનના રોજ, ફ્રાંસના રાષ્ટ્રપતિએ સંસદીય ચૂંટણીની જાહેરાત કરી. પ્રથમ રાઉન્ડના મતદાનમાં જમણેરીઓ માટે મોટી સફળતાના સંકેતો હતા. જમણેરી પક્ષના નેતા મેરી લે પેનને પૂર્ણ બહુમતી સરકારની અપેક્ષા હતી. પરંતુ હવે ત્રિશંકુ સરકાર રચાતી જોવા મળી રહી છે.

મેક્રોનનો કાર્યકાળ ૨૦૨૭ સુધીનો છે, પરંતુ આ સંસદીય ચૂંટણી પરિણામોએ તેમના પર દબાણ વધારી દીધું છે.

ફ્રાન્સના વડા પ્રધાન ગેબ્રિયલ એટલે કહ્યું કે તેઓ સોમવારે રાષ્ટ્રપતિ મેક્રોનને પોતાનું રાજીનામું ઓફર કરશે કારણ કે તેમની પાર્ટી સંસદીય ચૂંટણીમાં બહુમતી જીતવામાં નિષ્ફળ રહી છે. પરંતુ તેમણે ઉમેર્યું હતું

કે, જો તેમનું રાજીનામું નકારવામાં આવે, તો તેઓ જ્યાં સુધી ફરજ પર રહેવાની જરૂર રહેશે ત્યાં સુધી પદ પર રહેવા તૈયાર છે.ત્રણ અઠવાડિયા કરતાં ઓછા સમયમાં પેરિસ ઓલિમ્પિક્સ શરૂ થવાની છે, જ્યારે વિશ્વની નજર ફ્રાંસ પર છે, ત્યારે દેશ સ્થાનિક અસ્થિરતા સાથે ઝઝૂમી રહ્યો છે.

# સુરતના સચિન વિસ્તારમાં બિલ્ડિંગ ધરાશાયીઃ ૭ લોકોના મોત

## એક મહિલાને કાટમાળ માંથી બહાર કઢાઈઃ ગુનો દાખલ થતાં એકની ધરપકડ

**અબતક, નવીદિલ્હી**


સુરતમાં પાંચ માળની જર્જરિત બિલ્ડીંગ ધરાશાયી થવાની દુર્ઘટના બની છે. શહેરના સચિન જી.આઈ.ડી.સી વિસ્તારમાં આવેલી પાંચ માળની બિલ્ડીંગ અચાનક ધરાશાયી થઈ ગઈ હતી. જેના કારણે ૧૫ જેટલા લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. તો ૮ જેટલા લોકો કાટમાળમાં દબાયા હતા. જોકે રેસ્ક્યું બાદ ૭ લોકોના મોત નીપજ્યા હતા જ્યારે એક મહિલાને સુરક્ષિત બહાર કાઢવામાં આવી હતી.

બિલ્ડિંગ ધરાશાયી થઈ હોવાની જાણ થતા જ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી



અને રેસ્ક્યૂની કામગીરી હાથ ધરી હતી. આ બિલ્ડીંગને ૨૦૧૭માં જ બનાવવામાં આવી હતી, ત્યારે ૭ વર્ષના જેટલા સમયગાળામાં જ બિલ્ડીંગ ધરાશાયી થતા હવે તેની ગુણવત્તા સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. સુરત પોલીસ કમિશનર અનુપમ ગેહલોતના જણાવ્યા અનુસાર, બિલ્ડિંગના કુલ ૩૦ મકાનોમાંથી પાંચમાં લોકો રહેતા હતા. તેમાંથી મોટાભાગના સચિન જીઆઈડીસીમાં કારખાનામાં કામ કરતા મજૂરો હોવાનું કહેવાય છે, જેઓ ત્યાં ભાડે રહેતા હતા. અમે અત્યાર સુધી જે માહિતી મેળવી છે તે વિસ્તારના અન્ય રહેવાસીઓ પાસેથી મળી છે. કારણ કે તે એક ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળની ઈમારત હતી, તે સેન્ડવિચની જેમ તૂટી પડી હતી. ગુજરાત પોલીસે બિલ્ડિંગના માલિક રમીલાબેન કાકડિયા અને તેમના પુત્ર જય કાકડિયા વિરુદ્ધ સચિન જી.આઈ. ડી.સી પોલીસ સ્ટેશનમાં પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે, તેમ જ એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

# ટ્રમ્પનું આવવું ભારત સહિત વિશ્વ માટે મુશ્કેલી લઈ આવશે



## કોઈ યુદ્ધમાં હસ્તક્ષેપ નહિ, લાલ સમુદ્રમાં નિરસતા, પરમાણુ હથિયારો ઉપર કોઈ નિયંત્રણ નહિ, ક્રૂડ માટે આડેધડ ખોદકામ સહિતના અનેક પગલાં લઈ ટ્રમ્પ વિશ્વભરમાં જોખમ વધારે તેવા એંધાણ

**અબતક નવી દિલ્હી**

ટ્રમ્પ જો અમેરિકન પ્રેસિડેન્ટની ચૂંટણી જીતશે તો ભારત સહિત વિશ્વભરમાં મુશ્કેલી વધવાની નિષ્ણાંતો ચેતવણી આપી રહ્યા છે. ટ્રમ્પ અત્યારે આકરા ફેરફારો કરવાની તૈયારી સાથે ચૂંટણી લડી રહ્યા છે. તે સતા ઉપર આવે છે તો આ નિર્ણયોથી વિશ્વ આખાને સહન કરવાનો વારો આવવાનો છે.

પ્રથમ, તે આબોહવા પરિવર્તન પરના પેરિસ કરારમાંથી તરત જ ખસી જશે અને દરેક જગ્યાએ તેલ ડ્રિલિંગને પ્રોત્સાહિત કરશે. આ ક્લાઈમેટ ચેન્જને રોકવાની શક્યતાને નષ્ટ કરશે, જે દરેકને અસર કરશે. વિકાસશીલ દેશોમાં ગ્રીન પ્રોજેક્ટ્સ માટે વૈશ્વિક ફાઈનાન્સમાં ઘટાડો થઈ શકે છે.

બીજું, ટ્રમ્પ ગમે ત્યાં યુદ્ધમાં જોડાવા માટે અનિચ્છા ધરાવે છે. તે ઉત્તર એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (નાટો) માંથી પાછી ખેંચી શકે છે અથવા તેને સમર્થન આપવાનું બંધ કરી શકે છે.આની અસર યુક્રેન પર પડશે, જે રશિયા સામે ઝૂકી શકે છે. તે દરેક જગ્યાએ નબળા દેશો સામે મજબૂત દેશો દ્વારા લશ્કરી શોષણને પ્રોત્સાહન આપશે. જેના કારણે ભારત સાથેની હિમાલયની સરહદ પર ચીન વધુ આક્રમક બની શકે છે. ટ્રમ્પના વલણથી ચીન એવું માને છે કે તાઈવાન પર હુમલો કરવા અને તેના પર કબજો કરવાનો આ શ્રેષ્ઠ સમય છે.

હુથી જેવા નાના જૂથ સૌથી શક્તિશાળી નૌકાદળના પ્રયત્નો છતાં, લાલ સમુદ્રમાં તમામ ટ્રાફિકને અવરોધિત કરી શકે છે. જો મહાસત્તાઓ દૂરના દેશોમાં સંઘર્ષોથી હાથ ધોઈ નાખે, તો આવા જૂથો અને તેઓ જે નુકસાન પહોંચાડે છે તે વધી શકે છે. આ વૈશ્વિક વેપાર અને રોકાણ માટે અનુકૂળ રહેશે નહીં અને ભારત સહિત તમામ અર્થતંત્રોને અસર કરશે.

ટ્રમ્પનું વલણ ચીનને માનવા માટે પ્રેરિત કરી શકે છે કે તાઈવાન પર હુમલો કરવા અને તેને કબજે કરવા માટે આ સમયની શ્રેષ્ઠ વિંડો છે.

પરિણામ ગમે તે આવે, તે એશિયા અને ભારત માટે આપત્તિ હશે. જાપાન અને કોરિયા ઝડપથી પરમાણુ શસ્ત્રો બનાવીને પ્રતિક્રિયા આપી શકે છે, કારણ કે તેઓ હવે યુએસ સંરક્ષણ છત્ર પર વિશ્વાસ કરી શકતા નથી. સાઉદી અરેબિયા અને ઈરાન પણ પરમાણુ બની શકે છે. ઘણી વધુ આંગળીઓ હવે પરમાણુ ટ્રિગર્સ પર હશે.

ટ્રમ્પ તમામ આયાત પર ૧૦% ટેરિફ અને ચીનમાંથી આયાત પર ૬૦% ટેરિફ લાદવાનું નિશ્ચિત લાગે છે. તે મુખ્ય ઉદ્યોગો માટે ટેક્સ કાપ અને સબસિડીની પણ તરફેણ કરે છે. આ, અનિવાર્યપણે, અન્ય લોકો પાસેથી બદલો આકર્ષિત કરશે. જે બાદ ટ્રમ્પ યુએસ ટેરિફની પણ ધમકી આપશે. વૈશ્વિક વેપાર યુદ્ધ શરૂ થઈ શકે છે.

જીએટીટી અને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુટીઓ) દ્વારા બીજા વિશ્વયુદ્ધ પછીથી ખંતપૂર્વક બાંધવામાં આવેલ વિશ્વનું વર્તમાન વેપાર માળખું બરબાદ થઈ શકે છે. ઘણા દેશો ડબ્લ્યુટીઓના આ અથવા તે નિયમનો ભંગ કરે છે, પરંતુ તે હજુ પણ સુવ્યવસ્થિત વૈશ્વિક માળખું પ્રદાન કરે છે.

વિશ્લેષકોને ૧૯૩૦ ના દાયકાની મહામંદીમાં પાછા ફરવાનો ડર છે. પછી, બધાએ સંરક્ષણવાદનો આશરો લીધો. યુ.એસ.થી શરૂ કરીને, દરેક દેશે આયાત ઘટાડવા અને નિકાસને વિસ્તૃત કરવા માટે ઉચ્ચ ટેરિફ લાદી અથવા તેના ચલણનું અવમૂલ્યન કર્યું. તેઓ એ સમજવામાં નિષ્ફળ ગયા કે એક દેશની આયાત એ બીજાની નિકાસ છે, અને જો બધા આયાત ઘટાડશે, તો તેઓ નિકાસ પણ ઘટાડશે. દર વર્ષે વેપારમાં ઘટાડો થતો ગયો અને મંદી વધી. સ્પર્ધાત્મક સંરક્ષણવાદ એવી રમત બની કે જેમાં દરેક બધા હારી ગયા.

આવી આપત્તિઓથી બચવા માટે, બીજા વિશ્વયુદ્ધ પછી યુ.એસ.એ વિશ્વ બેંક, આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ અને આખરે ડબ્લ્યુટીઓ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની રચના કરવામાં મદદ કરી. નવું શાસન અદભૂત રીતે સફળ રહ્યું, અને વિશ્વએ ઈતિહાસમાં સૌથી ઝડપી વૃદ્ધિ જોઈ.

પરંતુ મહામંદીની યાદો ઝાંખી પડી ગઈ છે. સર્વત્ર સંરક્ષણવાદની માંગ વધી રહી છે. ટ્રમ્પ, જેમણે તેમના પ્રથમ કાર્યકાળમાં ડબ્લ્યુટીઓથી બાજુમાં આવી હતી કારણ કે તેના નિયમો યુ.એસ.ને અવરોધે છે, તે તેને નવો ફટકો આપી શકે છે. ૧૯૩૦ ના દાયકામાં યુએસ રાજકારણીઓની જેમ, તે વિચારે છે કે તે ટેરિફ વધારીને અને યુએસ કંપનીઓને સબસિડી આપીને અમેરિકાને ફરીથી મહાન બનાવી શકે છે. તે અન્ય લોકો દ્વારા પ્રતિશોધની અસરને અવગણે છે.

# વેકેશન દરમિયાન સુપ્રીમે ૪૧૬૦ કેસમાંથી ૧૧૭૦નો નિકાલ કર્યો

## સુપ્રીમ કોર્ટમાં આ વર્ષે પ્રથમ વખત રેકોર્ડ ૨૦ બેન્ચની રચના કરીઃ સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશોએ ૭૮૬ જોડાયેલી અરજીઓ સાથે ૧૯૦ કેસોમાં ચુકાદાઓ અનામત રાખ્યા

**અબતક, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટમાં આ વર્ષે પ્રથમ વખત રેકોર્ડ ૨૦ બેન્ચની રચના કરવામાં આવી હતી અને આ સમયગાળા દરમિયાન પક્ષકારોના વકીલોની સંમતિથી કેસોની યાદી તૈયાર કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોના અઘરા કામના શેડ્યૂલથી અજાણ લોકો માટે, જેમને કોર્ટની લાંબી ઉનાળાની રજાઓ માટે વારંવાર ટીકાઓનો સામનો કરવો પડે છે, ચીફ જસ્ટિસ ડી .વાઈ ચંદ્રચુડે કહ્યું, લોકો અમને દરરોજ સવારે ૧૦.૩૦ થી સાંજના ૪ વાગ્યા સુધી જુએ છે. સુપ્રીમ કોર્ટમાં બેસીને, અમે ૪૦ ને હેન્ડલ કરીએ છીએ. ૬૦ કેસ જે અમે સવારે ૧૦.૩૦ થી સાંજના ૪ વાગ્યાની વચ્ચે કરીએ છીએ તેનો એક ભાગ છે. ''દરેક ન્યાયાધીશ બીજા દિવસે નિર્ધારિત કેસ વાંચવામાં સમય સમય વિતાવે છે. ચુકાદાઓ કામકાજના દિવસોમાં અનામત રાખવામાં આવે છે. શનિવારે દરેક ન્યાયાધીશ બેસીને ચુકાદો આપે છે.



રવિવારે અમે સોમવાર માટે સૂચિબદ્ધ તમામ બાબતો વાંચીએ છીએ. તેથી, અપવાદ વિના, દરેક સુપ્રીમ કોર્ટના જજ અઠવાડિયાના સાતેય દિવસ કામ કરે છે. રસપ્રદ વાત એ છે કે, ઘણા બધા વહીવટી કાર્યને સંભાળવા અને ભારત અને વિદેશમાં પરિષદોમાં હાજરી આપવા છતાં, ચીફ જસ્ટિસ ડી .વાઈ ચંદ્રચુડ ૧૮ કેસોમાં અનામત ચુકાદાઓ પર કામ કરી રહ્યા છે, તેમની બેન્ચની આગેવાની હેઠળ કુલ ૧૭૬ સંબંધિત અરજીઓ છે. ''સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયાધીશોએ ૭૮૬ જોડાયેલી અરજીઓ સાથે ૧૯૦ કેસોમાં ચુકાદાઓ અનામત રાખ્યા છે અને તેઓ આ ચુકાદાઓ પર ચોવીસ કલાક કામ કરી રહ્યા છે જેથી કોર્ટ ફરી શરૂ થયાના અઠવાડિયામાં ચુકાદાઓ આપવામાં આવે. ૨૦૨૩ પહેલાના છ વર્ષ દરમિયાન, સરેરાશ ૧,૩૮૦ કેસ અનુક્રમે વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ માં વેકેશન બેન્ચ સમક્ષ સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા.

# ડ્રગ્સના નેટવર્ક દ્વારા આતંકવાદીઓને પોષનાર આતંકી કાશ્મીરથી ઝડપાયો

## એનઆઈએની મોટી કાર્યવાહીઃ વર્ષ ૨૦૨૦થી ફરાર આતંકીને પકડી લેવાયો

**અબતક, નવી દિલ્હી**

સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ડ્રગ સ્મગલર્સ અને આતંકવાદીઓ વચ્ચેની સાંઠગાંઠના મામલામાં મોટી કાર્યવાહી કરી છે. એજન્સીએ રવિવારે મુખ્ય આરોપીની ધરપકડ કરી હતી. એનઆઈએના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ આરોપી જૂન ૨૦૨૦થી ફરાર હતો. તેમણે કહ્યું કે આ મામલો પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠનો લશ્કર-એ-તૈયબા અને હિઝબુલ મુજાહિદ્દીન સાથે સંબંધિત છે. નિવેદન અનુસાર, કુપવાડા જિલ્લાના રહેવાસી સૈયદ સલીમ જહાંગીર અંદ્રાબી ઉર્ફે સલીમ અંદ્રાબીની ધરપકડ કરવામાં આવી છે. જેના ઉપર ઈનામની ઓફર કરવામાં આવી હતી.

તેમની ધરપકડ બાદ, અંદ્રાબી સામે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, આઈપીસીઅને ગેરકાનૂની પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટની વિવિધ કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, એમ નિવેદનમાં જણાવાયું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેમની ધરપકડનો હેતુ નાર્કો-ટેરરિસ્ટ નેક્સસને તોડી પાડવાનો હતો. ઉપરાંત, સરહદ પારના આતંકવાદી સંગઠનો વતી ભારતમાં બાંધવામાં આવેલી ઈકોસિસ્ટમને નષ્ટ કરવાના એનઆઈએના પ્રયાસો માટે મોટી સફળતા મળી છે.

એનઆઈએએ ૧૬ જૂન, ૨૦૨૦ ના રોજ સ્થાનિક પોલીસ પાસેથી કેસની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન, એજન્સીને જાણવા મળ્યું કે અંદ્રાબી જમ્મુ અને કાશ્મીર અને ભારતના અન્ય ભાગોમાં ડ્રગ્સની દાણચોરી અને ભંડોળ એકત્ર કરવાના ઊંડા મૂળના કાવતરાનો ભાગ હતો. એજન્સીએ જણાવ્યું હતું કે પાકિસ્તાનમાં સરહદ પાર સ્થિત પ્રતિબંધિત આતંકવાદી સંગઠનો લશ્કર-એ-તૈયબા અને હિઝબુલ મુજાહિદ્દીનના ઓપરેટિવ્સ સાથે મળીને ડ્રગ સ્મગલરો દ્વારા આ કાવતરું ઘડવામાં આવ્યું હતું.

# નગરચર્યાએ નિકળેલા નંદકુંવરના દર્શન કરી ભાવિકો ધન્ય

## ઈસ્કોન મંદિર આયોજીત રથયાત્રામાં હરે કૃષ્ણ મહામંત્ર અને જય જગન્નાથના નાદે શહેરીજનોને ઝુમાવ્યાઃ પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ સહિતના રહ્યા હાજર

**અબતક, રાજકોટ**

દર વર્ષે અષાઢી બીજે નગરજનોને દર્શન આપવા માટે ભગવાન જગન્નાથજી, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે નગરચર્યાએ નીકળ્યા હતા. અનેક વિધ રાજમાર્ગો પર ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જય જય જગન્નાથજીના નારા સાથે ભાવિકો રથયાત્રામાં જોડાયા હતા. રાજકોટ મોકાજી સર્કલ પાસે આવેલ જગન્નાથજી મંદિરથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જેનો હજારો ભાવિ ભકતોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

ઈસ્કોન મંદિર રાજકોટ દ્વારા રાજકોટ શહેરમાં રથયાત્રા નીકળવામાં આવી હતી જેનો બાહોડા પ્રમાણમાં રાજકોટ વાસીઓએ લાભ લીધો હતો. જય


તસવીરઃ શૈલેષ વાડોલિયા

(અનુ. આઠમા પાને)





## સ્વામિનારાયણ ગુરુકુળથી નીકળી રથયાત્રા



અષાઢી બીજના પાવન દિવસે દર વર્ષની પરંપરા મુજબ સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટથી સાંજના ૪ વાગ્યે પરમ પૂજ્ય ગુરુ મહારાજ શ્રી દેવ કૃષ્ણદાસજી સ્વામી અને વડીલ સંતો , નારાયણદાસ સ્વામી,સંત વલ્લભ સ્વામી જ્ઞાનજીવનદાસજી સ્વામી, હરિપ્રિય સ્વામી વગેરે સંતોના હસ્તે રથયાત્રા નો પ્રસ્થાન કરવામાં આવ્યું. ગુરુકુલના સંસ્થાપક શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની ૧૨૩મી જન્મ જયંતી અંતર્ગત ગુરુકુલમાં ભજન ભક્તિથી ઉજવણી કરવામાં આવી. મુખ્ય રથમાં જગન્નાથજી, સુભદ્રાજી અને બળભદ્રજીને નગર વિચરણ માટે ગુરુકુલ થી ભક્તિનગર સર્કલ, શેઠ હાઈસ્કૂલ, બોલબાલા રોડ, ધર્મ ભક્તિ ચોક, ત્રિશુલ ચોક, જલારામ ચોક વગેરે વિચરણ કરી ગુરુકુલ પરત આવી. આ રથયાત્રા નું આકર્ષણ એ હતું કે તે પ્રદૂષણ મુક્ત થીમ આધારિત હતી. ૫૦ સાયકલ સવારો, ૩૦ ઈ બાઈક, ૨૦ ઈલેક્ટ્રિક કાર,

(અનુ. આઠમા પાને)

## મેમનગર સ્વામીનારાયણ ગુરુકુળ દ્વારા જગન્નાથજીના વધામણાઃ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલએ આપી હાજરી

મેમનગર સ્વામીનારાયણના સંકુલ દ્વારા પશ્ચિમ વિસ્તારમાં નીકળેલ ભવ્ય રથયાત્રા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને બાલકૃષ્ણદાસજી સ્વામીએ પ્રસ્થાન કરાયુ. માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા અને પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં મેમનગર સ્વામીનારાયણ ગુરુકુળ દ્વારા ભવ્ય ૨૧૭મી રથયાત્રા નીકળી હતી. આ રથયાત્રામાં પ્રથમ જગન્નાથજી ભગવાનનો મુખ્ય રથ હતો. ત્યારબાદ સંતોનો રથ, હનુમાનજીનો રથ, ગણપતિનો રથ અને રાધાકૃષ્ણ ભગવાનો રથ તથા એસજીવીપી ગૌશાળાનો રથ હતો ઠેર ઠેર રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



# જગન્નાથજીની રથયાત્રાનું શહેર ભાજપ દ્વારા ઉમકળાભેર સ્વાગત







અષાઢી બીજ એ રથયાત્રાનું મંગલ પર્વ છે. દર વર્ષે આ દિવસે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાની મુર્તિને ત્રણ ભવ્ય રથમાં પધરાવી ભવ્યાતિભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે. રથયાત્રામાં લાખોની જનમેદની ઉમટી પડે છે અને આ ત્રણેય રથોને હજારો મનુષ્યો ભક્તિભાવથી ખેંચી અને ધન્યતા અનુભવે છે. ત્યારે રાજકોટ શહેરમાં અષાઢી બીજ નિમિતે શ્રી જગન્નાથજી રથયાત્રા સમિતિ દ્વારા આયોજીત રથયાત્રામાં ભગવાની જગન્નાથજી, બહેન સુભદ્રાજી તથા ભાઈ બલરામજી અલૌકિક રથમાં બિરાજમાન થઈ પરંપરાગત રાજકોટ મહાનગરના વિવિધ માર્ગો પર શહેરીજનોને દર્શન આપવા નીકળતા હોય છે ત્યારે આ ભગવાન જગન્નાથજી રથયાત્રાનું પુષ્કરધામ મંદિર સામે , પુષ્કરધામ મેઈન રોડ ખાતે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીની આગેવાનીમાં શહેર ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ તકે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, કેબીનેટમંત્રી

(અનુ. આઠમા પાને)

# રથયાત્રામાં શ્રી જગન્નાથપુરી ગજપતિની ભૂમિકા ઠાકોર સાહેબ માંધાતાસિંહે નિભાવી







**અબતક, રાજકોટ**

આજથી ૧૮૦૦ વર્ષ પૂર્વે રચાયેલાં પવિત્ર ગ્રંથ ત્રિસખ્ય જગન્નાથ માહાત્મ્ય અનુસાર વર્ષાકાળની અષાઢી બીજના શુભ દિને પ્રભુ જગન્નાથજી મોટાભાઈ અને બહેનને સંગાથે લઈને નગરચર્યા હેતુ પધારે છે. ઓરીસ્સા સ્થિત જગન્નાથપુરી મુખ્ય મંદિરથી આરંભ પામેલી પ્રભુજીની રથયાત્રા ભારતના સિમાડા વટાવી નેપાળ અને લંડન સુધી વિસ્તરી છે.

## યાત્રા પથનું મયુર રાજાએ સફાઈ કરી અને રામરાજાએ સુખડ, ચંદન અને ગુલાલ જળનો છંટકાવ કરી રાજધર્મ બજાવ્યો

## રણજીત વિલાસ પેલેસ ખાતે ત્રણેય રથનું ભવ્ય સ્વાગત સાથે પધરામણીઃ રાજપરિવારે પુજન વિધી કરી ધન્યતા અનુભવી

સામાન્ય રીતે મંદિરમાં જગન્નાથજી એટલે કે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણ, શ્રી સુભદ્રાજી અને શ્રી બલરામજીની મૂર્તિઓનું સમગ્ર વર્ષ દરમિયાન પૂજન-અર્ચન-દર્શન કરવામાં આવતું હોય છે પરંતુ ભારતીય કાલગણના અનુસાર અષાઢી બીજના પાવનકારી દિવસે ભકતજનોની સુખાકારીની જાણકારી પ્રાપ્ત કરવાના હેતુથી નગરચર્યા કરવા માટે પરમાત્મા સ્વયં મંદિરની બહાર પધારે છે અને પ્રત્યેક અબાલ-વૃદ્ધને દર્શન આપે છે.

રાજકોટ ખાતે શ્રી જગન્નાથજી મંદિર, કૈલાસ ધામ ખાતેથી પ્રતિવર્ષ નિકળતી

(અનુ. આઠમા પાને)

# સ્ટુડન્ટ ફોર સેવા ગ્રુપના વિદ્યાર્થીઓએ કરી રથયાત્રા રૂટની સફાઈ સેવા

રાજકોટ મહાનગરપાલિકાના સહયોગથી સ્ટુડન્ટ ફોર સેવા ગૃપના વિદ્યાર્થીઓ દ્વારા રાજકોટ શહેરમાં ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રા દરમ્યાન રૂટ પર સફાઈની કામગીરી હાથ ધરવામાં આવેલ. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ છેલ્લા ૭૫ વર્ષથી સમાજ માટે રાષ્ટ્રવ્યાપી કાર્યો કરી, આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ પરીષદની વિવિધ કામગીરી પૈકીની એક એસ.એફ.એસ. સ્ટુડન્ટ ફોર સેવા છે.

રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, શાસકપક્ષ નેતા લીલુબેન

(અનુ. આઠમા પાને)





# જૂનાગઢ-પોરબંદર જિલ્લાના પ્રાણ પ્રશ્નોનો કાયમી નિવેડો લવાશે: કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયા

## આગામી બજેટમાં સમાવવા છ-સાત મહિનામાં વિસ્તૃત પ્લાન તૈયાર કરાશે

### ઘેડ વિસ્તારમાં નુકશાનીનો સર્વે, રસ્તાની મરામત, સહાય ચુકવણી, વાડી વિસ્તારમાં વીજળી સહિતના મુદ્દે અધિકારીઓને એક અઠવાડિયામાં કામગીરી પૂર્ણ કરવા કેન્દ્રીય મંત્રીની સૂચના







**અબતક, રાજકોટ**

કેન્દ્રીય શ્રમ રોજગાર, યુવા અને સ્પોર્ટ્સ મંત્રાલય ના કેબિનેટ મંત્રી અને પોરબંદરના સાંસદ ડો. મનસુખભાઈ માંડવીયાએ ઘેડ વિસ્તારમાં મુલાકાત લઈ સ્થાનિક લોકો અને લોક પ્રતિનિધિઓ સાથે સંવાદ કરી ઘેડમાં દર વર્ષે ભારે વરસાદને કારણે ઉદભવતી પરિસ્થિતિના નિરાકરણ માટે જિલ્લા તંત્રના અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

કેન્દ્રીય મંત્રી એ કેશોદ પ્રાંત ઓફિસ ખાતે પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.કેન્દ્રીય મંત્રી એ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સંકલનથી જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં સમાવિષ્ટ ઘેડ વિસ્તારના વિકાસ માટે અને નદીકાંઠાઓમાં દર વર્ષે થતી મુશ્કેલીના નિરાકરણ માટે કાયમી આયોજન હાથ ધરાશે.

જુનાગઢ જિલ્લાની ઓજત અને મધુવંતી નદીના પાણીથી નુકસાની ન થાય તે માટે ભૌગોલિક અભ્યાસ કરીને બધી જ બાબતોને આવરી લઈને લાંબા ગાળાનો પ્લાન ચાલુ વર્ષે જાન્યુઆરી સુધીમાં તૈયાર કરવા અધિકારીઓની સૂચના આપી હતી.આગામી રાજ્ય બજેટમાં ઘેડના પ્રશ્નોના કાયમી નિરાકરણ માટે નવી આઈટમ તરીકે આ બાબતો રાજ્ય સરકાર સાથે સંકલન કરીને મૂકવામાં આવશે તેવું આયોજન છે.

લાંબાગાળાના આયોજન ઉપરાંત હાલની સ્થિતિમાં તાત્કાલિક ધોરણે કરવાની થતી કામગીરીની પણ મંત્રી એ ચર્ચા કરી નદીકાંઠાના ગામોમાં ખેડૂતોને નુકસાની થઈ હોય તેમની નુકસાની અરજીઓ લેવા, ગ્રામ્ય સ્તરે સર્વે શરૂ કરી દેવા, વાડી વિસ્તારમાં વીજળીના પ્રશ્નોનું નિરાકરણ લાવવા અને અને જે રસ્તાઓનું કામ બાકી હોય તે તાત્કાલિક મરામત કરી વાહન વ્યવહાર શરૂ થઈ જાય તે માટે તે માટે સુચના આપી હતી.

મંત્રીશ્રીએ ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા, દેવાભાઈ માલમ, અરવિંદભાઈ લાડાણી અને જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર સહિત તાલુકા જિલ્લા પંચાયતના સભ્યો અને આગેવાનોના સૂચનો પણ ધ્યાને લઈ સાથે મળીને આયોજનને આખરી ઓપ આપવા માર્ગદર્શન આપ્યું હતું.

કલેકટર શ્રી અનિલ કુમાર રાણાવસીયાએ મિટિંગના પ્રારંભે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાનું સ્વાગત કરી ઘેડ અને આસપાસના વિસ્તારમાં સૂચિત વિકાસ અને ખાસ કરીને પાણી ભરાવાની સમસ્યાનું નિરાકરણ થાય તે માટે પ્રેઝન્ટેશનથી જરૂરી વિગતો રજૂ કરી હતી.

કલેકટરએ મંત્રીના માર્ગદર્શનમાં થઈ રહેલ આયોજન સંદર્ભે કરવામાં આવેલ તૈયારીઓ અંગે કેશોદમાં ઔદ્યોગિક વિકાસ, કેશોદ થી ખેત પેદાશો અને અન્ય ચીજ વસ્તુઓનું પરિવહન માટે કાર્ગો ટર્મિનલ, એરપોર્ટ ના વિકાસ માટેનું આયોજન, ઘેડ વિસ્તારના હેરિટેજ સ્થળોનો વિકાસ જેમાં લોએજ, રાખેંગાર વાવ ઉપરાંત ખાસ કરીને વંથલીના રાવણા અને ચીકુ ઉપરાંત પોષકતત્વોથી ભરપૂર અને સ્વાસ્થ માટે ઉપયોગી એવા

(અનુ. આઠમા પાને)

# ઉમા મહિલા એકિટવીટી દ્વારા વડીલોને ધાર્મિક યાત્રા કરાવાય

## વીરપુર, રામોદ, રૂપાવટી સહિતના ધાર્મિક સ્થળોએ ૧૫૦ થી વધુ વડીલોએ કર્યા દર્શન



**અબતક, રાજકોટ**

પવિત્રા સ્વારોજગાર કેન્દ્ર અને શ્રી ઉમા મહિલા એક્ટિવિટી રાજકોટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સિનિયર સિટીઝન માટે એક ખાસ ધાર્મિક સ્થળો પર એક દિવસીય ની યાત્રા પર ૫૫ થી ૭૦ વર્ષ સુધી ના ૧૫૦ ભાઈઓ અને બહેનોને બે બસ દ્વારા વિવિધ સ્થળોએ લઈ જવામાં આવ્યા હતા.

તેવો દર્શન સાથે અંતાક્ષરી, અનેક પ્રકારની ગેમ્સ સાથે આનંદ માણ્યો હતો .એવા વડીલો હતા કે ક્યારે પણ બહાર ના નીકળ્યા હોઈ તેવો ને ખૂબ જ આનંદ માણ્યો અને ખૂબ જ આશીર્વાદ આપ્યા. રામોદ, રૂપાવટી,ધરાઈ ખાતે બિરાજતા પુષ્ટિ પુરુષોત્તમ શ્રી બાલ મુકુંદ પ્રભુના આંગણે અલૌકિક મનોરથ

(અનુ. આઠમા પાને)

# જીનિયસ ગ્રુપના બસ ડ્રાયવરોને અપાયું માર્ગ સલામતી અંગેનું માર્ગદર્શન

## ડ્રાયવરોને અકસ્માતો વખતે સમય સુચકતા જવાબદારી અંગે કરાયા માહીતગાર




**અબતક, રાજકોટ**

રાજકોટના જાણીતા જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુહન્સ સાથે સંકળાયેલ તમામ શાળાઓમાં વિદ્યાથીઓ, શિક્ષકો અને કર્મચારીઓની સુરક્ષા અને જાગૃકતા માટે વિવિધ કાર્યક્રમોના આયોજન કરવામાં આવે છે. જીનિયસ ગ્રુપની જીનિયસ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ અને જય ઈન્ટરનેશનલ સ્કૂલમાં કામ કરતા ૪૦ થી વધુ બસ ડ્રાઈવરો માટે બ્રહ્મકુમારી રાજકોટના સહયોગથી સડક સુરક્ષા જીવન રક્ષા વિષય આધારીત રોડ સેફ્ટી કાર્યક્રમ અંતર્ગત માર્ગ સલામતીના મહત્વ વિશે માર્ગદર્શન અને શિક્ષણ આપવામાં આવ્યું હતું.

આ કાયમક્રમ અંગે વધુ માહિતી આપતા જીનિયસ ગ્રુપના ચેરમેન ડી. વી. મહેતા એ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં માર્ગ અકમાતોમાં ઈજા અને મૃત્યુ પામનારની સંખ્યામાં ચિંતાજનક વધારો જોવા મળી રહયો છે. આવી ઘટનાઓને ટાળવા માટે

(અનુ. આઠમા પાને)

# પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા યોજાયો બાળરોગ નિદાન કેમ્પ

## કેમ્પમાં ગાલપચોળીયા, ઓરી, નુરબીબીની રસી બાળકોને અપાય






અબતક, રાજકોટ

પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટતથા રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડટાઉનનાં સંયુક્ત ઉપક્રમેટ્રસ્ટના ભવન કિલ્લોલ, ૧-મયુરનગર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પૂર્વઝોનઓફિસ સામે, ભાવનગર રોડ ખાતે હાલ ગાલપચોળિયાનું પ્રમાણ વધુ જોવા મળતું હોય ૧ થી ૧૨ વર્ષના બાળકોને વિનામૂલ્યે ગાલપચોળીયા-ઓરી-નૂરબીબીનીરસી મૂકવાનો તથા બાળકોને થતા વિવિધ રોગોનો વિનામૂલ્યે નિદાન કેમ્પ યોજાય ગયો.

આ ગાલપચોળિયા એક સામાન્ય રોગગણાય. આ રોગની અવેરનેસ ઓછી છેપણ તેની અસર બહુ ગંભીર હોય છે. તેના કારણે બાળકોમાં વિવિધ તકલીફ ઊભી થઈ શકે છે જેવી કે દર્દીઓને ખોરાક લેવામાં તકલીફ પડે, જે આજના આ કેમ્પમાં બિલકુલ વિનામૂલ્યે આપવામાં આવેલ છે. બાળકોના આરોગ્યની સુખાકારી માટે ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ

(અનુ. આઠમા પાને)

# 'એક પેડ માઁ કે નામ' અંતર્ગત મંત્રી ભાનુબેન, ધારાસભ્ય રમેશભાઇ સહિતના મહાનુભાવોએ કર્યું વૃક્ષારોપણ



**અબતક, રાજકોટ**

ડો.શ્યામા પ્રસાદ મુખર્જી સ્મૃતિ દિવસ અંતર્ગતથી સેવાકીય કાર્યક્રમો આગામી તા.૬ જુલાઈના તેમના જન્મ દિવસ સુધી પ્રદેશ ભાજપની યોજના અનુસાર વિવિધ કાર્યક્રમો જેવાં કે ડો.શ્યામાપ્રસાદ મુખર્જીની વિવિધ કાર્યક્રમ અંતર્ગત ''એક પેડ

(અનુ. આઠમા પાને)

## પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે ધ્યાન કેન્દ્રીત કરવા

# ભારતીય રેલવે અને એરબસે એરોસ્પેસ શિક્ષણ માટે હાથ મિલાવ્યા

## જીએસવી અને એરબસ ઉડ્ડયન ક્ષેત્રમાં કામ કરતા વ્યવસાયિકોની વિશેષ તાલીમ માટે કરશે ભાગીદારી







**અબતક, રાજકોટ**

પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને, જીએસવી એ ''તેના પ્રકારની પ્રથમ'' વિશ્વ વિદ્યાલય છે જેનો હેતુ રેલ્વે, ઉડ્યન, શિપિંગ, બંદરો, હાઈવે, રસ્તાઓ અને જળમાર્ગોમાં રાષ્ટ્રીય વિકાસ યોજનાઓ ના કાર્ય પુરા કરવાનો છે.

ભારતીય રેલ્વેની ગતિ શકિત વિશ્વવિદ્યાલય (જીએસવી) વડોદરા અને એરબસે આજે ભારતીય ઉડ્યન ક્ષેત્રને નોંધપાત્ર રીતે મજબૂત કરવા માટે સહયોગ કર્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૩માં હસ્તાક્ષર કરાયેલ એમઓયુ પર નિર્માણ કરતા રેમી મેલાર્ડ (ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, એરબસ ઈન્ડિયા અને દક્ષિણ એશિયા) અને પ્રો. રેલ ભવન, નવી દિલ્હી ખાતે મનોજ ચૌધરી (વાઈસ ચાન્સેલર, ગતિ શક્તિ વિશ્વ વિદ્યાલય ) વચ્ચે એક નિશ્ચિત કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ કરાર પર રેલવે, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે હસ્તાક્ષર કર્યા હતા, જેઓ ગતિ શક્તિ વિશ્વ વિદ્યાલયના પ્રથમ ચાન્સેલર પણ છે, કિંજરપુ રામ મોહન નાયડુ, નાગરિક ઉડ્યન મંત્રી, રવનીતસિંહ, રાજ્ય મંત્રી રેલ્વે, રેલ્વે બોર્ડના ચેરપર્સન અને સીઈઓ જયા વર્મા સિંહા, નાગરિક ઉડ્યન મંત્રાલયના સચિવ વામલુનમંગ વુલનમ અને રેલ્વે બોર્ડના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કરારમાં સમગ્ર કાર્યક્રમ દરમિયાન ૪૦ જીએસવી વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણ શિષ્યવૃત્તિ કાર્યક્રમ, જીએસવી ખાતે સેન્ટર ઑફ એક્સેલન્સની સ્થાપના અને જીએસવી ખાતે એરબસ એવિએશન ચેર પ્રોફેસરશિપની સ્થાપનાનો સમાવેશ થાય છે. વધુમાં, જીએસવી અને એરબસ ઉડ્યન ક્ષેત્રમાં કામ કરતા વ્યાવસાયિકોની વિશેષ તાલીમ માટે ભાગીદારી કરશે.

આ અવસરે કિંજરપુ રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે, મને ખુશી છે કે એરબસ સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે જે છેલ્લા દસ વર્ષમાં એરપોર્ટની સંખ્યા ૭૪ થી વધીને લગભગ બમણી થઈ છે ૧૫૭ સુધી ઉડાન યોજનાએ ઉડ્યન નકશા પર ટાયર II અને ટાયર III શહેરોને મૂક્યા છે''

ઉદ્યોગ અને શિક્ષણ જગત વચ્ચેની આ એક અભૂતપૂર્વ ભાગીદારી છે જે ભારતના પરિવહન ક્ષેત્રના ભાવિને મજબૂત બનાવવા માટે સહયોગ કરશે, ખાસ કરીને આ ભારત સરકારના 'સ્કિલ ઈન્ડિયા' પ્રોગ્રામને અનુરૂપ છે. એમઓયુ હેઠળ, અમે ભારતમાં અમારી સપ્લાય ચેઈનમાં ૧૫,૦૦૦ વિદ્યાર્થીઓને રોજગાર નીતકો પૂરી પાડીશું, એરબસના ભારત અને દક્ષિણ એશિયાના પ્રમુખ અને મેનેજિંગ ડિરેક્ટર રેમી મેલાર્ડે જણાવ્યું હતું.

જીએસવીના વાઈસ ચાન્સેલર પ્રો.મનોજ ચૌધરીએ જણાવ્યું હતું કે, એરબસ સાથેની આ અગ્રણી ભાગીદારી જીએસવીના ઉદ્યોગ-સંચાલિત

(અનુ. આઠમા પાને)

### ઉડ્ડયન, હાઈવે, રોડ ટ્રાન્સપોર્ટનો વિકાસ એક સાથે થવો જોઈએ: અશ્વિની વૈષ્ણવ

આ પ્રસંગે અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ''આજે એમઓયુમાંથી વાસ્તવિક કાર્યમાં પરિવર્તનનો દિવસ છે. જીએસવી અને એરબસને અભિનંદન. જે પણ વચન આપવામાં આવ્યું હતું તે પૂર્ણ થયું છે, આ વડાપ્રધાન મોદીજી સરકારની સૌથી મોટી ઉપલબ્ધિ છે. સિદ્ધિઓ એ છે કે સબકા સાથ સબકા વિકાસની ભાવનામાં, ઉડ્ડયન, હાઈવે, રોડ ટ્રાન્સપોર્ટનો વિકાસ એકસાથે થવો જોઈએ જે પરિવહનના તમામ ક્ષેત્રોને પૂરા પાડે છે, અમે રેલવેથી શરૂઆત કરી, અમે ધીમે ધીમે ઉત્પાદન તરફ આગળ વધ્યા, આગળ જે ક્ષેત્રમાં અમે આગળ વધ્યા તે નાગરિક ઉડ્ડયન છે, આગામી આયોજિત ક્ષેત્ર શિપિંગ મંત્રાલય અને લોજિસ્ટિક્સ છે, ફરીથી, અમે તેમાંથી એક કાર્યક્રમ શરૂ કરીશું. પછી, અમે પરિવહનના અન્ય ક્ષેત્રોમાં જઈશું.''

# પુતિન સાથેનું જોડાણ વધુ મજબૂત કરવા મોદી આજથી બે દિવસ રશિયામાં

## મોદી અને પુતિન વચ્ચે દ્વિપક્ષીય બેઠકો થશેઃ વેપાર, સુરક્ષા અને સાઉથ એશિયામાં શાંતિ મુદ્દે બન્ને નેતાઓ વચ્ચે થશે મહત્વપૂર્ણ ચર્ચાઓ



**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસ રશિયાના પ્રવાસે છે. પીએમ મોદીની આ મુલાકાત ઘણી રીતે ઘણી મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પણ આ બેઠકને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. બન્ને વચ્ચે દ્વિપક્ષીય બેઠકો યોજાનાર છે.

રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ૨૨મી ભારત-રશિયા વાર્ષિક સમિટ માટે વડાપ્રધાન મોદી માટે ૮ થી ૯ જુલાઈ સુધી મોસ્કોમાં રહેશે. આ દરમિયાન બંને દેશો વચ્ચે ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થશે. રશિયાના રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાન અને કાર્યાલય ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવએ કહ્યું કે, રશિયા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મોસ્કો મુલાકાતને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. તેમણે કહ્યું કે મોસ્કો આ મુલાકાતને રશિયા અને ભારતના સંબંધો માટે ખૂબ જ મહત્વપૂર્ણ માને છે.

પીએમ મોદીની મોસ્કો મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થશે. આ સિવાય પીએમ મોદી અને પુતિન એક ખાનગી બેઠક પણ કરશે. ભારત અને રશિયા વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત પણ થશે. રાષ્ટ્રપતિ પુતિન પીએમ મોદીના સન્માનમાં લંચનું આયોજન કરશે. ગુરુવારે ઉચ્ચ સ્તરીય મુલાકાત વિશે માહિતી આપતા વિદેશ મંત્રાલયે કહ્યું કે બંને નેતાઓ પરસ્પર સંબંધોની સંપૂર્ણ સમીક્ષા કરશે. આ સિવાય પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા થશે.

તાજેતરના વર્ષોમાં ભારત અને રશિયા વચ્ચે વેપાર ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થયો છે. ભારત રશિયા પાસેથી મોટા પાયે ક્રૂડ એનર્જીની આયાત કરે છે. આ સિવાય ભારત રશિયા પાસેથી મોટા પાયે સંરક્ષણ સાધનો અને હથિયારો પણ ખરીદે છે. આ સંદર્ભમાં, પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું કે રશિયા અને ભારત વચ્ચેના સંબંધો વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે છે. રશિયાની સરકારી સમાચાર એજન્સી તાસના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે અમે ખૂબ જ મહત્વપૂર્ણ મુલાકાતની અપેક્ષા રાખીએ છીએ જે રશિયા-ભારત સંબંધો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. પીએમ મોદી તેમના રશિયા પ્રવાસ દરમિયાન ભારતીય લોકોને પણ મળવાના છે. પીએમ મોદીના રશિયા પ્રવાસને લઈને મોસ્કોમાં ભારતીય વિદ્યાર્થીઓનું કહેવું છે કે તેઓ તેમની મુલાકાતને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. અમે તેમની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ.

### અનેક પ્રતિબંધો છતાં રશિયા સાથે ભારતે મિત્રતા જાળવી રાખી

તમામ પ્રતિબંધો છતાં ભારતે મિત્રતા જાળવી રાખી છે. આટલું જ નહીં, ૨૦૨૨માં યુક્રેન યુદ્ધ શરૂ થયું ત્યારથી મોદી રશિયાના પ્રવાસ પર જોવા મળ્યા નથી. રાજદ્વારી વર્તુળોમાં આ મુલાકાતને તે સંદર્ભમાં ખૂબ મહત્વની માનવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે યુક્રેન યુદ્ધને લઈને રશિયા અમેરિકા, બ્રિટન અને જાપાન સહિત વિશ્વના શક્તિશાળી દેશોની ટીકાનો સામનો કરી રહ્યું છે. ઘણા કેસોમાં પ્રતિબંધો પણ જારી કરવામાં આવ્યા છે. જોકે, ભારત તમામ પ્રતિબંધો છતાં રશિયા સાથેની મિત્રતા ગુમાવવા માગતું ન હતું.

### શા માટે ભારત રશિયાને મહત્વ આપે છે?

ભારતે હંમેશા યુક્રેન સાથે યુદ્ધનો વિરોધ કર્યો હતો, પરંતુ ભારતે રશિયા સામે તે પ્રકારની કાર્યવાહી કરી ન હતી. સંયુક્ત રાષ્ટ્રમાં પણ ભારતે રશિયા વિરુદ્ધ કશું કહ્યું ન હતું. સ્વિટ્ઝર્લેન્ડમાં તાજેતરમાં યોજાયેલી શાંતિ પરિષદમાં ભાગ લીધા બાદ પણ ભારતે રશિયા વિરોધી ઠરાવ પર હસ્તાક્ષર કર્યા ન હતા. રાજદ્વારી વર્તુળોના મતે ભારત સાથે રશિયાના વેપાર સંબંધો સૌહાર્દપૂર્ણ છે. ભારત રશિયા પાસેથી તેલ, કોલસાથી લઈને વિવિધ લશ્કરી સાધનોની આયાત કરે છે.

### પીએમ મોદી પાંચ વર્ષ પછી રશિયા જશે

ઘણા લોકો માને છે કે મોદીની મુલાકાતને પગલે યુક્રેન યુદ્ધ મોટી ભૂમિકા ભજવશે. ભારતીય વડાપ્રધાનની રશિયાની મુલાકાત પર ટિપ્પણી કરતા પુતિનના પ્રેસ સચિવ દિમિત્રી પેસ્કોવે શનિવારે કહ્યું હતું કે, ''નરેન્દ્ર મોદીની મુલાકાત બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોની પ્રગતિ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.'' યોગાનુયોગ, મોદીને પછી મોસ્કો દ્વારા ગયા માર્ચમાં રશિયાની મુલાકાત માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ તે પછી લોકસભાની ચૂંટણી આવી એટલે મોદી રશિયા જઈ શક્યા નહીં. મોદીએ છેલ્લે ૨૦૧૯માં રશિયાની મુલાકાત લીધી હતી. પાંચ વર્ષ પછી, ભારતના વડા પ્રધાન ફરી એકવાર રશિયાની મુલાકાતે છે.

# બામણબોર સ્થિત ગ્રીનપ્લાય કંપનીની ઓફિસમાંથી ચેક ચોરી રૂ.૧.૯૮ કરોડ ઉપાડવાનો પ્રયાસ

## બામણબોરની કંપનીને મુંબઇ અને સુરતની બેંકે જાણ કરતા ભાંડો ફૂટ્યો, એરપોર્ટ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી

**અબતક, રાજકોટ**

રાજકોટના કુવાડવા નજીક બામણબોરમાં આવેલી ગ્રીનપ્લાઇ કંપનીની ઓફિસમાંથી ચેકની ચોરી કરી શખ્સે મુંબઇ અને સુરતની બેંકમાંથી રૂ.૧.૯૮ કરોડ ઉપાડવાનો પ્રયાસ કર્યાની કર્મચારીએ ફરિયાદ કરતાં એરપોર્ટ પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી આરોપીને પકડી લેવા મથામણ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ દિલ્હી રહેતા અને કલકતાની ગ્રીનપ્લાઇ કંપનીમાં નોકરી કરતા કૃષ્ણકુમાર સિંગ ઉદિતસિંગ રાજપૂતએ અજાણ્યા શખ્સ સામે ફરિયાદ કરી હતી. જેમાં તેને જણાવ્યું હતુ કે, તે દિલ્હીમાં ગ્રીનપ્લાઇ કંપનીમાં આઠ વર્ષથી લીગલ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતા હોય તા.૫ના રોજ તેની હેડ ઓફિસેથી ફોન આવ્યો હતો જેમાં તેને જણાવ્યું હતુ કે, રાજકોટની ઓફિસમાંથી કોઇ પૈસા ઉપાડવા બાબતે કોઇ પ્રશ્ન હોવાનું જણાવતા તેને રાજકોટ આવી તપાસ કરી હતી.બામણબોરની કંપનીમાં મેનેજર શાલુ ભોલાની ઓફિસમાંથી ત્રણ ચેકની ચોરી કરી જેમાંથી બે ચેક પ્લાન્ટ હેડ શિવકુમારની ખોટી સહીઓ કરી મુંબઇ બે બેંકોમાંથી ચેક નાખ્યા હતા અને બેંકમાંથી રૂપિયા ઉપડી ગયા હતા જેનો મેસેજ આવતા તેને ફોન કરી બેંકને આ પૈસા ઉપાડવાના ન હોવાનું જણાવ્યું હતું અને રકમ તેના ખાતામાં પરત આવી ગયા હતા ત્યાર બાદ સુરત બેંકમાં ચેક નાખતા તેને ફોન કરી જાણ કરતાં તેના ખાતામાંથી પૈસા ઉપાડવાનો પ્રયાસ કર્યો હોય બેંકે જાણ કરી હોવાનું અને કોઇ અજાણ્યા શખ્સે કંપનીના કર્મચારીની ખોટી સહીઓ કરી પૈસા ઉપાડવાનો પ્રયાસ કર્યો હોવાનું જણાવતા પીઆઇ ગામીત સહિતે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી આરોપીની શોધખોળ કરી હતી.કંપનીના ખાતામાંથી પૈસા ઉપાડી લેવાની કોશિષ કરનારને ઝડપી લેવા પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે.

# કોર્પોરેશન દ્વારા કરતા આડેધડ સિલીંગના વિરોધમાં બુધવારે હોટલ-રેસ્ટોરન્ટ બંધ

## ૨૪ કલાક સુધી બંધ પાડી કોર્પોરેશન સામે વિરોધ નોંધાવશે

**અબતક રાજકોટ**

શહેરના નાના માવા રોડ પર ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા જીવલેણ અગ્નિ કાંડની ઘટના બાદ હાલ કોર્પોરેશન દ્વારા ફાયર સેફટી અંગે ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. આડેધડ સીલીંગના વિરોધમાં આગામી બુધવારે હોટલ-રેસ્ટોરન્ટના સંચાલકો ૨૪ કલાક બંધ પાળી કોર્પોરેશન સામે વિરોધ નોંધાવશે.

શહેરમાં હોટલ,રેસ્ટોરન્ટ,કાફે, પાર્ટી પ્લોટ, બેન્કવેટ હોલ, કેટરર્સ સહિતના ધંધાર્થીઓ હાલ કોર્પોરેશન દ્વારા ફાયર સેફ્ટીના ચેકિંગ દરમિયાન કરવામાં આવતા આડેધડ સીલીંગની કામગીરીથી ત્રાહિમામ પોકારી ગયા છે. હાલ મહાપાલિકામાં કોઈ અધિકારી નથી કે જે ફાયર સેફટી અંગે પૂરતું માર્ગદર્શન આપી શકે.છતાં કોર્પોરેશન દ્વારા સીલીંગ ઝુંબેશ કડક બનાવી દેવામાં આવી છે. જેમાં તમામ હોટલ રેસ્ટોરન્ટ કાફી પાર્ટી પ્લોટ અને કેટરિંગના ધંધાર્થી બુધવારે સવારથી ગુરૂવાર સવાર સુધી ૨૪ કલાક નો બંધ પાળી વિરોધ નોંધાવશે.આ બંધ દરમ્યાન કોર્પોરેશન અને કલેકટર વિભાગની આવેદન પણ આપવામાં આવશે.

# યુવકને આપઘાતની ફરજ પાડવાના ગુનામાં ફોજદાર હિતેન્દ્ર પટેલના આગોતરા જામીન સુપ્રીમે ફગાવ્યા

## વિરગામના પીએસઆઈએ દારૂના ગુનામાં ફસાવી ૧૦ લાખની તોડ માટે દબાણ કરતા યુવાને પગલું ભર્યું'તુ

**અબતક, રાજકોટ**

રાજકોટના મિસ્ત્રીને વિરમગામ પંથકમાં વિદેશી દારૂના ગુનામાં ખોટી રીતે ફસાવી ૧૦ લાખનો તોડ કરવા ધાકધમકી આપી આપઘાતની ફરજ પાડવાના ગુનામાં સંડોવાયેલા વિરમગામના પી.એસ.આઈ. હિતેન્દ્ર મોહનભાઈ પટેલની આગોતરા જામીન અરજી સુપ્રીમ કોર્ટ સુધી ફગાવી દેવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટમાં મિસ્ત્રી કામ કરતા દીપક હરજીવનભાઈ ધ્રાંગધરીયા પાસેથી અગાઉ વિરમગામના રુરલ પીએસઆઈ હિતેન્દ્ર મોહનભાઈ પટેલે પ્રોહિબિશનનાં કેસમાં રૂા. ૩ લાખનો તોડ કર્યો હતો, ત્યારબાદ અન્ય કોઈકનો દારૂ પકડાયાના કિસ્સામાં પણ દીપક ધ્રાંગધરીયાનું નામ છે તેમ કહી રૂા. ૧૦ લાખની માંગણી કરી ધાક ધમકી આપતા હોય, જેથી દીપક ધ્રાંગધરીયાએ રાજકોટ પોલીસ કમિશનરને સંબોધીને વિરમગામનાં રૂરલ પોલીસ સબઈન્સ્પેકટર પટેલથી ત્રાસીને આત્મહત્યા કરતો હોવાનું જણાવતો વિડીયો બનાવેલ અને ત્યારબાદ ખાંભા ગામે મોગલ માતાનાં મંદિર પાસે લોધીકાના ગળાફાંસો ખાઈ લઈ જીવન ટૂંકાવી દીધું હતું. આ અંગે મૃતકના પત્ની અલ્પાબેન દીપકભાઈ ધ્રાંગધરીયાએ તા.૨૩/ ૦૨/ ૨૦૨૪ નાં રોજ લોધિકા પોલીસ સ્ટેશનમાં મરી જવા મજબૂર કરવા બાબતે વિરમગામ રૂરલ પી.એસ.આઈ. હિતેન્દ્ર મોહનભાઈ પટેલની સામે ફરિયાદ નોંધાવી હતી, તેમાં આરોપી ફોજદાર હિતેન્દ્ર મોહનભાઈ પટેલે ધરપકડથી બચવા ગોંડલ સેશન્સ કોર્ટ અને હાઈકોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજી નામંજૂર થતાં તેણે સુપ્રીમ કોર્ટમાં પણ જામીન અરજી દાખલ કરી હતી, જેમાં આરોપી પક્ષ દ્વારા લંબાણપૂર્વકની રજૂઆતો અને દલીલો કરવામાં આવી હતી પરંતુ સેશન્સ કોર્ટ, હાઈકોર્ટમાં સરકારી વકીલોએ લીધેલા વાંધા અને ફરિયાદી વતી યુવા ધારાશાસ્ત્રી સ્તવન મહેતાના લેખિતમાં વાંધા વગેરેના કાગળો ધ્યાને લેવાતા સુપ્રીમ કોર્ટ આગોતરા જામીન અરજી મંજૂર નહીં કરે તેવું જણાય આવતા આરોપી ફોજદાર હિતેન્દ્ર પટેલે સુપ્રીમ કોર્ટમાં આગોતરા જામીન અરજી પાછી ખેંચવાનું જણાવતા સુપ્રીમ કોર્ટ જસ્ટિસ દ્વારા આગોતરા જામીન અરજી 'ડિસમિસ એઝ વિથડ્રો'નો હુકમ કર્યો હતો.આ કામમાં ફરિયાદી વતી રાજકોટનાં જાણીતા યુવા ધારાશાસ્ત્રી સ્તવન જી. મહેતા, નિકુંજ એમ. શુકલા, બ્રિજેશ ચૌહાણ, નિલરાજ રાણા, શ્યામ ત્રિવેદી તથા મદદનીશ તરીકે કશ્યપ પંડયા, નિશાંત ચાવડા, સત્યજીસિંહ જાડેજા, અને ઋષિત રોહિત રોકાયા હતા.

# ફ્રીઝ થયેલા ડિમેટ એકાઉન્ટમાંથી શેર વેંચાણ કૌભાંડમાં શખ્સના જામીન રદ

## બોગસ દસ્તાવેજના આધારે રૂ. ૩૮.૪૮ લાખના શેર બારોબાર વેચાણ કર્યુ તું

**અબતક, રાજકોટ**

શેર ડિપોઝિટરીમાં ફ્રીઝ થયેલ ડિમેટ એકાઉન્ટમાંથી ૩૮.૪૮ લાખના શેર બોગસ દસ્તાવેજો બનાવી વેચાણ કરી નાખવાના કૌભાંડમાં બોગસ કાગળો દ્વારા મદદગારીના ગુનામાં સંડોવાયેલા આરોપીની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા રદ કરવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ, ગત તારીખ ૩- ૫- ૨૦૨૪ ના રોજ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં સિંચાઈ અને રૂડાના નિવૃત્ત નાયબ ઈજનેર કમલેશ લાખાભાઈ ગોંડલીયાએ ફરિયાદ નોંધાવી હતી કે તેનું ડિમેટ એકાઉન્ટ એએનએસ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં હોય અને તે એકાઉન્ટ ફ્રીજ થયેલ હોય અને તેમાં ૧૭ કંપનીના ૪૮૬૮ શેર હતા કે જેની કિંમત ૩૮ લાખ ૪૮ હજાર થાય છે, તે ફ્રીજ થયેલ શેર એકાઉન્ટમાંથી ડીપીના એક્ઝિક્યુટિવ મહેન્દ્રે મનીષ ભુતના ખાતામાં ટ્રાન્સફર કરી હોવાનું જણાવતા પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કરેલ અને તેમાં આરોપી રાહુલગિરિ હસમુખગિરિ ગોસ્વામી (રહે મારુતિ નગર એરપોર્ટ રોડ રાજકોટ)નું નામ વચેટીયા તરીકે બોગસ કાગળ બનાવનાર તરીકે ખુલતા, રાહુલગિરિએ ધરપકડથી બચવા માટે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. તેમાં સરકાર તરફે સરકારી વકીલે હાજર રહેલ અને આગોતરા જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે બોગસ દસ્તાવેજ બનાવવાનો પ્રથમ દર્શનીય કેસ છે, આવા ગુનાના આરોપીને આગોતરા જામીન આપવા જોઈએ નહીં. આ રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ જે. ડી. સુથારે આરોપીની આગોતરા જામીન અરજી રદ કરી છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

# ચેક બાઉન્સના કેસમાં શિક્ષણશાસ્ત્રીને બે વર્ષની સજા

## ખાનગી ક્લાસીસ સંચાલિકાએ સેન્ટર માટે આપેલી રકમ પરત કરવા આપેલો ચેક પરત ફર્યો'તો

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતી અને ખાનગી ક્લાસીસ ચલાવતા સંચાલિકા એ એન આઈ ઓ એન નું સેન્ટર લેવા માટે આપેલી રકમ પરત કરવા આપેલો ૧૨.૫૦ લાખનો ચેક પરત ફરવાના ગુનામાં જામનગરના શિક્ષણશાસ્ત્રી ને બે વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના સાધુવાસવાણી રોડ પર આવેલ પારિજાત રેસીડેન્સીમાં રહેતા રૂપાબેન વાલજીભાઈ મકવાણા પ્રાઈવેટ ટ્યુશન ક્લાસીસ અને કેરિયર કાઉન્સિલિંગ નું કામકાજ કરતા હોય તેઓને એનઆઈઓએનનું સેન્ટર લેવા માગતા હોય આથી તેઓ શિક્ષણ સાથે જોડાયેલા જામનગર ના હેંમતભાઈ આત્મારામ ભદ્રા ને કહેલું કે દિલ્હીમાં સંપર્ક છે. હાર્દિક ગોયલ નામના યુવાન સાથે પરિચય કરાવ્યો હતો અને કટકે કટકે રૂપિયા ૧૩.૫૦ લાખ ચૂકવ્યા હતા. બાદ રૂપાબેન મકવાણા ને સેન્ટર આપેલ નહીં અને અનેકવાર ધક્કા ખવડાવ્યા બાદ ૧.૫૦ લાખ પરત કરેલી અને બાકી રકમ ચૂકવવા માટે ચેક આપ્યો હતો આરોપીએ આપેલો ચેક બેંકમાં વટાવવા નાંખતા લીમીટ ઉપરનો હોય વટાવી શકેલ ન હતા ત્યાર બાદ અમોને હાર્દિક ગોયેલે વચત અને વિશ્વાસ આપેલ કે ચેક વટાવાય જશે તેથી ફરીયાદીએ ચેકો સ્વીકારી બેંકમાં વટાવા નાંખતા શેરા સાથે રીટર્ન થતા આરોપીને નેગોશીએબલ હેઠળની નોટીસ પાઠવેલ હતી. બાદ આરોપીએ પરત ચેકોનું ચુકવણુ નહી કરતા રાજકોટની કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળની ફરીયાદ કરી હતી આ કેસ કોર્ટમા ચાલી જતા કોર્ટે આરોપી હેંમત આત્મારામ ભદ્રા ને તકસીરવાન ઠરાવી બે વર્ષની સજા તથા એક માસ મા રૂપિયા સાડા બાર લાખ આરોપી કોર્ટમાં જમા કરાવે તથા રૂા.૧૦,૦૦૦/- દંડના જમા કરવાનો જયુડી. મેજી. શુકલ એ હુકમ કરતા ખળભળાટ મચી ગયેલ છે.ફરીયાદી રૂપાબેન વાલજીભાઈ મકવાણા તરફે રાજકોટના ધારાશાસ્ત્રી દિલીપ પટેલ તથા કલ્પેશ નશીત રોકાયેલ હતા.

# વડવાજડી ગામે મકાનમાં ચાલતું જુગારધામ ઝડપાયું

## રોકડ, કાર અને મોબાઈલ મળી રૂ. ૫.૮૮ લાખના મુદામાલ સાથે પાંચ ઝડપાયા

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના વડવાજડી ગામે મકાનમાં ચાલતા જુગારધામ પર મેટોડા જી.આઈડીસી પોલીસે દરોડો પાડી જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી લઇ રોકડ કાર અને ચાર મોબાઇલ મળી રૂ. ૫.૮૮ લાખનો મુદામા કબ્જે કર્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહીતી મુજબ મેટોડા જીઆઈડીસી પોલીસ મથકની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે વડવાજડી ગામે આવેલી માંડવરાયજી દુકાનની સામે રહેતો નિલેશકુમાર ગોવિંદદાસ નીનામા નામનો શખ્સ તેના મકાનમાં જુગારનો અખાડો ચલાવી રહ્યો છે. મેટોડા જીઆઈડીસી પોલીસની ટીમે નિમેષકુમારના મકાનમાં દરોડો પાડી જુગટુ રમતો નિલેશકુમાર નીનામા અરુણ નાનજીભાઈ ચૌહાણ, મેટોડાનો સુરેશ નાગજીભાઈ મેર, બાલસર ગામનો હકુમતસિંહ ઉર્ફે પપ્પુ કીરીટસિંહ ઝાલા અને રુડા-૩, અવધ ઢાળીયા પાસે રહેતો જયેશ ઉર્ફે કેતન કાનજીભાઈ ધ્રાંગશ નામના શખ્સોને મેટોડા જીઆઈડીસી પોલીસ મથક હેડ કોન્સ્ટેબલ યોગીરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ લકકીરાજસિંહ જાડેજા, રાજદિપસિંહ ગોહિલ, રઘુભાઈ ગીડા અને જશમતભાઈ માનકોલીયા સહીતના સ્ટાફે ઝડપી હતી જુગારના પરમાંથી ૬૪,૮૦૦ ની રોકડ એક કાર અને ચાર મોબાઇલ મળી રૂ. ૫.૮૮ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે.

# વુમેન એશિયા કપ ટી-૨૦ ટુર્નામેન્ટ માટે ઈન્ડિયાની સિનિયર મહિલા ટીમ જાહેર

## શ્રીલંકાના ડેમ્બુલામાં ખેલાનાથ મહિલા ટી ૨૦ એશિયા કપમાં ટીમ ઈન્ડિયાનું શું કામ હરમન પ્રીત કૌરના હાથમાં

**અબતક રાજકોટ**

બીસીસીઆઈ દ્વારા સિનિયર હરમીન પ્રીત કોર દુબઈમાં ૨૧ જુલાઈ તમાનારી મેચમાં પણ નેપાલ સામે એશિયા કપ ટી ટ્વેન્ટી ટુર્નામેન્ટ માટે ટીમ ઈન્ડિયા ની જાહેરાત કરવામાં આવી છે મહિલા પસંદગી સમિતિએ શનિવારે સિનિયર વુમન ટીમ ઈન્ડિયા ની આગામી મહિલા એશિયા કપ ટી૨૦ ટુર્નામેન્ટ માટે જાહેરાત કરવામાં આવી હતી મહિલા ક્રિકેટ ટીમ ની યાદીમાં હરમન પ્રીત ૫ કોર (કેપ્ટન), સ્મૃતિ મંધાના સેફાલી વર્મા દીપ્તિ શર્મા જેમીમાં રોટરી ક્યુસ ।ગોસ ક્રિકેટ કીપર ઉમા ચેટરી પર પૂજા વસ્ત્રાલ અરત્રણ ધરતી રેડી રેણુકા સિંઘ ઠાકોર દયાલાલ હેમલત્તા આશા શોભના રાધા યાદવ પ્રિયંકા પાટીલ અને સંજના સંજીવન અને ટીમ ઈન્ડિયામાં સિલેક્ટ કરી છે આ પ્રવાસમાં શ્વેતા શેરાવત સૈકા ઈશાક તનુજા કુંવર અને મેઘના સિંહ ને રિઝર્વ ખેલાડી તરીકે સામેલ કર્યા છે ભારત ગ્રુપ એમાં રમશે પ્રારંભ પ્રથમ મેચ જુલાઈની ૧૯ તારીખે પાકિસ્તાન સામે રમાશે દુબઈ સાથે ૨૧ જુલાઈએ આજ ટીમ નેપાલ સાથે ટકરાશે. શ્રીલંકામાં મહિલા ટી ટ્વેન્ટી ટુર્નામેન્ટ નો પ્રારંભ ૧૯ જુલાઈ શુક્રવારે ભારત પાકિસ્તાન વચ્ચે ડેબ્યુલા સ્ટેડિયમ માં મેચ રમાશે ત્યારબાદ ૨૧ જુલાઈએ ભારત અને દુબઈ અને ૨૩ જુલાઈ ભારત અને નેપાલ વચ્ચે મેચ રમશે.

# ૧૩૩ સ્થળે ચેકીંગઃ પકડાયું માત્ર ૧૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક

## ગંદકી કરનારાઓ પાસેથી રૂ. ૩૯૧૫૦ દંડ વસુલાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન ત્રણેય ઝોનમાંથી કુલ ૧૩૩ આસામીઓ પાસેથી ૧૦.૧૭ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૯૧૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશ રૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૭ આસામીઓ પાસેથી ૩.૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૯૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશ રૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૩ આસામીઓ પાસેથી ૫.૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૯૪૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશ રૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૩ આસામીઓ પાસેથી ૧.૪૨ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૯૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# આજી નદી નજીક કટીંગ થાય તે પૂર્વે ૧.૮૫ લાખનો દારૂ-બીયર પકડાયો

## ૩૭૨ બોટલ દારૂ ,૨૬૪ બિયર ના ટીન, બોલેરો, સ્વીફ્ટ કાર અને ચાર મોબાઈલ મળી ૧૦ લાખનું મુદ્દામાલ કબજે, ત્રણ શખ્સની ધરપકડ

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના હરીપર ખારી ગામ નજીક આજી નદી તરફ જવાના રસ્તે વિદેશી દારૂનું કટીંગ થતું હોવાની માહિતીના આધારે સ્થાનિક પોલીસે દરોડો પાડી બોલેરો અને કારમાંથી રૂપિયા ૧.૮૫ લાખની કિંમતના વિદેશી દારૂ - બિયર ના જથ્થા સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી દારૂ - બિયર, બોલેરો, સ્વીફ્ટ અને ચાર મોબાઈલ મળી ₹૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં દારૂબંધીનો કડક અમલ કરવા એસપી એ આપેલી સૂચનાને પગલે પડધરી પોલીસ મથકના પીએસઆઈ જી.જે.ઝાલા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું .ત્યારે મૂળ ગારીયાધાર તાલુકાના સાતપડા ગામના વતની અને હાલ પડધરી રેલવે સ્ટેશન પાસે રહેતા વિશ્વરાજસિંહ ભૂપતસિંહ સરવૈયા, વિછીયા ના જયદીપભાઈ બહાદુરભાઈ બોરીચા અને ધોરાજી તાલુકાના ભાડેર ગામનો કૃપાલસિંહ જયવતસિંહ વાઘેલા નામના શખ્સો વિદેશી દારૂની હેરાફેરી કરતા હોવાની મળેલી બાતમીના આધારે એએસઆઈ ભગીરથસિંહ જાડેજા ,કોન્સ્ટેબલ યુવરાજસિંહ ગોહિલ, દશરથસિંહ જાડેજા ,જીતેન્દ્રસિંહ જાડેજા ,વસંતભાઈ ભુડીયા અને સાગરભાઈ ખટાણા સહિતના સ્ટાફે હરીપર ખારી ગામે આવેલી આજી નદી તરફ જવાના રસ્તા પાસે વોચ ગોઠવી હતી. ત્યારે પૂરપાટ ઝડપે આવતી બોલેરો અને સ્વીફ્ટ કારને અટકાવી તલાસી લેતા જેમાંથી રૂપિયા ૧.૮૫ લાખની કિંમતનો ૩૭૨ બોટલ વિદેશી દારૂ અને ૨૬૪ બિયરના ટીમ સાથે ઉપરોક્ત ત્રણેય શખ્સની ધરપકડ કરી આ દારૂનો જથ્થો કોને મોકલ્યો અને કોને આપવાનો હતો તે મુદ્દે વિશેષ તપાસ હાથ ધરવામાં આવી છે

# સરકારના કામથી પ્રજા રાજી છે કે કેમ? કલેક્ટર-ડીડીઓને ફિડબેક મેળવવા આદેશ

## અંતરિયાળ વિસ્તારનાં ગામો સુધી પાયાની સુવિધાઓ આરોગ્ય-શિક્ષણ-આંગણવાડી-અન્ન વિતરણ-મધ્યાહન ભોજન-દૂધ સંજીવની યોજના-ભારતનેટ કનેક્શન,બેન્કિંગ સેવાઓની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરીને જિલ્લા તંત્ર દ્વારા જાત માહિતી મેળવવાનો નવતર પ્રયોગ

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અંતરિયાળ વિસ્તારોમાં વસતા લોકો સુધી પાયાની અને નાગરિકલક્ષી સેવા સુવિધાનું વિતરણ સુનિશ્ચિત કરવા લોકો માટે, ''લોકો સાથે, લોકો વચ્ચે...'' સરકારનો નવતર અભિગમ રાજ્ય શાસનના અપનાવ્યો છે.

મુખ્યમંત્રી પ્રેરિત આ પ્રો પિપલ - પ્રો એક્ટીવ ગવર્નન્સના પ્રેરક દ્રષ્ટાંતમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ તેમના જિલ્લામાં આવેલા કોઈ એક તાલુકાના એક ગામની આકસ્મિક મુલાકાત લઈને લોકોને મળતી સેવાઓ-સુવિધાઓ સુપેરે મળે છે કે કેમ તે સુનિશ્ચિત કરે છે.

આ નવતર જન હિતકારી અભિગમ અન્વયે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અનુસાર દાહોદથી દ્વારકા અને અંબાજીથી આહવા એમ સમગ્ર



કે એકલદોકલ છૂટી છવાઈ જ નજરે પડતી હોય છે. આ હેતુસર મુખ્યમંત્રીએ નવતર પ્રશાસનિક અભિગમ અપનાવીને સરકારની વિવિધ યોજનાઓનું ફિલ્ડ અધિકારીઓ દ્વારા લોકો સુધી જે અમલીકરણ કરવામાં આવે છે, તેની સમીક્ષા અને આકસ્મિક નિરીક્ષણનું પીપલ સેન્ટ્રીક વલણ દાખવ્યું છે.

રાજ્યના વહીવટી વડા મુખ્ય સચિવ રાજકુમારના માર્ગદર્શનમાં આ માટે જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓને નિયત ચેક લિસ્ટ ફોર્મ આપીને તેમાં સમીક્ષા-નિરીક્ષણના અવલોકનો ભરવા જણાવવામાં આવેલું હતું.

આરોગ્ય કેન્દ્રના બિલ્ડિંગ, દવાઓનો જથ્થો, ડોક્ટર્સ, સ્ટાફ નર્સ વગેરેની વિગતો, શાળા સંકુલની આનુસંગિક બાબતો, સ્માર્ટ ક્લાસ, હાજરીની નિયમિતતા ઉપરાંત આંગણવાડીની મળવા માળખાકીય સુવિધા અને પંડિત દિન દયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડાર પરથી અપાતા અંત્યોદય તથા અન્ય યોજનાઓના અનાજ સહિત ગ્રામીણ બેન્કિંગ સુવિધા બાબતે પણ આ ચેક લિસ્ટ ફોર્મમાં વિસ્તૃત વિગતો એકત્રિત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વિડિયો કોન્ફરન્સ દ્વારા વિવિધ જિલ્લાના ગામોમાં સેવા સુવિધાઓના સ્થળ નિરીક્ષણ માટે ગયેલા જિલ્લા અધિકારીઓ સાથે વાતચીત કરીને તેમના પ્રતિભાવો મેળવ્યા હતા.

એટલું જ નહીં સ્થળ પર ઉપસ્થિત ગ્રામજનો સાથે પણ સહજ સંવાદ કરીને સરકારની યોજનાઓ સુવિધાઓ તેમને સુપેરે પહોંચી રહી છે કે કેમ તેની પૂછપરછ પણ

(અનુ. આઠમા પાને)


# કચ્છની ધરા ફરી ધણધણી ખાવડામાં ભૂકંપનો આંચકો

## ભૂકંપનું કેન્દ્ર બિંદુ ખાવડાથી ૩૪ કી.મી. દુર નોંધાયુંઃ વહેલી સવારે ૪.૪૫ કલાકે ધરતી ધ્રુજી

**અબતક, રાજકોટ**

કચ્છની ધરા આજે વહેલી સવારે ફરી એકવાર ધ્રુજી ઉઠી હતી. ભારત-પાકિસ્તાન બોર્ડર પર ખાવડા નજીક ૨.૬ તિવ્રતાનો ભૂકંપના આંચકા આવ્યો હતો. લોકોમાં ભયનું લખલખુ પ્રસરી જવા પામ્યું હતું.

કચ્છમાં ૨૦૦૧માં આવેલા મહાવિનાશકારી ભૂકંપ બાદ સતત ભૂકંપના આંચકા આવી રહ્યા છે. ક્યારેય તો દિવસમાં પાંચથી દશ આચકાઓ પણ નોંધાય છે. દરમિયાન આજે વહેલી સવારે ૪.૪૫ કલાકે કચ્છમાં ભારત અને પાકિસ્તાનની બોર્ડર નજીક આવેલા ખાવડા નજીક ભૂકંપનો આંચકો નોંધાયો હતો. રિકેટર સ્કેબ પર



ભૂકંપના આંચકાની તિવ્રતા ૨.૬ નોંધાઈ હતી. ભૂકંપનું કેન્દ્ર બિંદુ ખાવડાથી ૩૪ કી.મી. દુર નોંધાયું હતું. વહેલી સવારે લોકો મીઠી નિદ્રા માણી રહ્યા હતા. ત્યારે ભૂકંપનો આચકો આવ્યો હતો. લોકો ઉંઘમાંથી સફાળા જાગી ગયા હતા. અને ઘરની બહાર નીકળી ગયા હતા.

કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં દિવસ દરમિયાન ભૂકંપના અનેક આંચકાઓ નોંધાય છે. પરંતુ મોટો

(અનુ. આઠમા પાને)

# મુખ્યમંત્રીએ કાળા કપડા પહેરી જગન્નાથજીની પુજા-આરતી કરતા કોંગ્રેસે વિવાદ છંછેડ્યો

## આ સનાતન હિન્દુ ધર્મનું અપમાન ન કહેવાયઃ કોંગ્રેસના હેમાંગ રાવલનો સવાલ

**અબતક, રાજકોટ**

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે કાળા વસ્ત્રો પહેરી અષાઢી બીજના પાવન અવસરે અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની પુજા-આરતી કરતા કોંગ્રેસે વિવાદનો મધપુડો છેડયો છે. કોંગ્રેસના હેમાંગ રાવલે એવો ટોણો માર્યો હતો કે શું આ સનાતન ધર્મનું અપમાન નથી. જો કે મુખ્યમંત્રીએ પહેરેલો જબ્બો એકદમ કાળા કલરનો ન હતો બ્લ્યુ શેડ પર જતો હતો છતાં કોંગ્રેસે વિવાદના વાવેતર કર્યા છે.

સામાન્ય રીતે પુજા વિધી સફેદ કપડા ધારણ કરી કરવામાં આવતી હોય છે. જેનાથી મનની શાંતિ સાથે ભગવાનની પુજા અર્ચના કરી શકાય અષાઢી બીજના પાવન અવસરે અમદાવાદમાં નીકળતી ભગવાન જગન્નાથજીની રથયાત્રા વિશ્વ વિખ્યાત છે. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી પહિંદ વિધી કરાવીને રથયાત્રાનો આરંભ કરાવે છે. ગઈકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પહિંદ વિધી કરાવી હતી. પુજા અને આરતી કરી હતી. તેઓએ પહેરેલા ઝબ્બાનો કલર બ્લેક શેડ પર જતો હતો જેને મુદ્દો બનાવી કોંગ્રેસના હેમાંગ રાવલે વિવાદ ઉભો કર્યો હતો. વાસ્તવમાં સીએમએ પહરલા ઝબ્બાનો કલર પુરો પુરો કાળો ન હતો બ્લ્યુ શેડ પર જતો હતો હેમાંગ રાવલે એકસ પર સીએમ ભુપેન્દ્રભાઈ ભગવાન જગન્નાથજીની આરતી ઉતારતા હોય તવો ફાટો મૂકી લખ્યું

(અનુ. આઠમા પાને)



# ઈમ્પેક્ટ હેઠળ નિયમિત કરાયેલા સ્કૂલ-હોસ્પિટલોના ગેરકાયદે બાંધકામ નામંજૂર કરાશે

## અગ્નિકાંડ બાદ કોર્પોરેશન થયું વધુ એલર્ટઃ અગાસી પર ઊભા કરાયેલા ડોમ અને સેલરમાં ખડકી દેવાયેલા ગેરકાયદે બાંધકામો ભવિષ્યમાં જીવલેણ દુર્ઘટના સર્જે તેવી દહેશતઃ ટૂંકમાં નોટિસ ફટકારાશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ માં વિધાનસભાની ચૂંટણી પૂર્વે વટહુકમ લાવી રાજયમાં અનઅધિકૃત રીતે ખડકાયેલા બાંધકામોને નિયમિત કરવા માટે ઈમ્પેક્ટ ફી યોજના અમલમાં લાવવામાં આવી હતી. સતત ચાર વખત મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. રાજકોટમાં ટી.આર.પી. ગેમ ઝોનમાં જીવલેણ અગ્નિકાંડની ઘટના બાદ મહાપાલિકાનું તંત્ર થોડું સાવચેત બની ગયું છે. દરમિયાન ઈમ્પેક્ટ ફી વસૂલી શાળા અને હોસ્પિટલોના જે અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવામાં આવ્યા છે તેને ફરી નામંજૂર કરવા માટે વિચારણા શરૂ કરવામાં આવી છે. અંદાજે ૮૦ જેટલા બાંધકામોનું લીસ્ટ તૈયાર કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.તેઓને ટૂંક સમયમાં નોટિસ ફટકારી અરજીના મંજૂર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

આ અંગે કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ પાસેથી પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ હાલ શહેરમાં ઈમ્પેક્ટ ફી હેઠળ ગેરકાયદે ખડકાયેલા બાંધકામ નિયમિત કરવામાં આવી રહ્યા છે.શહેરના અલગ-અલગ વિસ્તારોમાં શાળા-કોલેજો અને હોસ્પિટલમાં મંજુર થયેલા પ્લાનથી વધુ બાંધકામ ખડકી દેવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે.શહેરના ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા જીવલેણ અગ્નિકાંડ બાદ ફાયર એનઓસી સહિતની કામગીરી માટે ત્રણેય ડીએમસીની એક કમિટી બનાવવામાં આવી છે. આ કમિટી દ્વારા છેલ્લા એકાદ મહિનાથી ખૂબ જ ગુપ્ત તપાસ કરવામાં આવી છે. જેમાં એવું જાણવા મળ્યું છે કે શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલી શાળાઓ અને હોસ્પિટલ દ્વારા અગાસી ઉપર ડોમ બનાવી લેવામાં આવ્યા છે અને સેલરમાં પણ રૂમનું બાંધકામ કરી દેવામાં આવ્યું છે. છેલ્લા દોઢ વર્ષથી ઈમ્પેક્ટ ફી યોજના ચાલી રહી હોય શાળા સંચાલકો અને હોસ્પિટલના તબીબોએ આવા બાંધકામોને ઈમ્પેક્ટ ફી હેઠળ નિયમિત કરાવી લીધા છે અને નાણાં પણ ભરપાઈ કરી દીધા છે.તપાસ દરમિયાન એવું જણાય રહ્યું છે કે, જો આ બાંધકામોને યથાવત રાખવામાં આવશે તો ભવિષ્યમાં જીવલેણ દુર્ઘટના સર્જાવાની ભારોભાર દહેશત રહેલી છે.અગમચેતીના ભાગરૂપે હાલ ૮૦ જેટલા બાંધકામો એવા છે કે જે ઈમ્પેક્ટ ફી હેઠળ નિયમિત કરાવી લેવામાં આવ્યા છે જેને હવે નામંજૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ભલે

(અનુ. આઠમા પાને)

### ફાયર સેફ્ટી અંગેનો રિપોર્ટ પણ સરકારમાં રજૂ કરાશે

ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિ કાંડ બાદ કોર્પોરેશન દ્વારા શહેરભરમાં ફાયર સેફ્ટી અંગેનું ચેકિંગ હાથ ભરવામાં આવી રહ્યું છે. અંદાજે ૧૨૦૦થી વધુ મિલકતોમાં ચેકિંગ કરવામાં આવ્યું છે.અનેક મિલકતો સીલ કરાય છે અને સેકડો મિલકતોને નોટિસ આપવામાં આવી છે હાઈકોર્ટ દ્વારા આગામી ૩૧ જુલાઈ સુધીમાં ફાયર સેફ્ટી અંગે થયેલી કામગીરીનો રિપોર્ટ રજૂ કરવા માટે આદેશ આપવામાં આવ્યો હોય કોર્પોરેશન દ્વારા ટૂંક સમયમાં રિપોર્ટ તૈયાર કરી કોર્ટમાં રજૂ કરી દેવામાં આવશે.દરમિયાન હાલ છેલ્લા ચારેક દિવસથી ફરી ફાયર સેફ્ટી અંગેની કામગીરી શરૂ કરવામાં આવી છે રાજ્ય સરકાર દ્વારા ઈન્ચાર્જ ફાયર ઓફિસરની નિમણૂક કરાયા બાદ ફાયર એનઓસી આપવાની કામગીરી પણ શરૂ કરાય છે.

# ધ્વજા ચડાવતી વેળાએ વિજશોકથી યુવાનનું મોત

## વિરવા ગામે મંદિરના ઘુમ્મટ પરના ઈલેક્ટ્રીક વાયરમાં અડકી જતાં કરંટ લાગ્યો, ત્રણ બાળકોએ પિતાની છત્ર ગુમાવ્યું

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના વિરવા ગામે રહેતા યુવકને ગામમાં આવેલા બાપાસીતારામના મંદિરે ધજા ચડાવતી વેળાએ મંદિર પર આવેલા ઘુમ્મટ પરના ઈલેક્ટ્રીક વાયરને અકસ્માતે અડકી જતાં વીજશોક લાગતા મંદિર પરથી નીચે પટકાઈ જતા મોત નિપજ્યું હતું.બનાવથી ત્રણ બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવતા



પરિવારમાં ઘેરો શોક છવાયો છે.

રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના વિરવા ગામે રહેતા ભરતભાઈ કડવા ભાઈ ખૂંટ (ઉ.વ. ૪૧) નામના યુવકનું ગત રોજ વિરવા ગામે બાપા સીતારામના મંદિર પર ધજા ચડાવતી વેળાએ વીજશોક લાગતા મોત નિપજ્યું છે.પોલીસની પ્રાથમિક તપાસમાં યુવક ગત તા.૭ ના અષાઢી બીજના

(અનુ. આઠમા પાને)

# જખૌના ક્રિકમાંથી ચરસના વધુ ૯ પેકેટ મળ્યા

## બીએસએફ અને એનસીબીની ટીમને સર્ચ ઓપરેશન દરમિયાન મળ્યો ડ્રગ્સનો જથ્થો

**અબતક, રાજકોટ**

કચ્છના દરિયાઈ વિસ્તારમાંથી છેલ્લા કેટલાક દિવસોથી માદક પદાર્થનાં પેકેટ મળી રહ્યાં છે. ત્યારે આ સિલસિલો બરકરાર રહ્યો હોય તેમ બીએસએફ અને એનસીબી-અમદાવાદની ટીમને સર્ચ ઓપરેશન દરમ્યાન જખૌ વિસ્તારના અલગ-અલગ ટાપુઓ તથા ક્રીકમાંથી નવ ડ્રગ્સનાં પેકેટ મળ્યાં છે. ગત મહિનાની ૮મી જૂનથી કચ્છના દરિયાઈ વિસ્તારમાંથી બિનવારસુ હાલતમાં રઝળતા ડ્રગ્સનાં પેકેટ મળવાનાં



ચાલુ થયા બાદ વિવિધ સુરક્ષા એજન્સીઓ, કોસ્ટલ ક્ષેત્રની પોલીસે દરિયાઈ ક્ષેત્ર ખૂંદી વળતાં કરોડોની કિંમતનાં ડ્રગ્સનાં પેકેટ મળ્યાં હતાં. થોડા દિવસના વિરામ બાદ ફરી નવ ડ્રગ્સનાં પેકેટ મળવાના સમાચાર સામે આવ્યા છે. સીમા સુરક્ષા દળના જવાનો તથા એનસીબી-અમદાવાદની ટીમ જખૌના વિવિધ ટાપુઓ તથા ક્રીક વિસ્તારમાં સર્ચ ઓપરેશન કરી રહ્યા હતા ત્યારે અલગ-અલગ સ્થળેથી માદક પદાર્થનાં કુલ મળીને નવ પેકેટ મળ્યાં હતાં, જેનું વજન ૧૦ કિલો થવા જઈ રહ્યાનું બીએસએફના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ એટીએસએ ગાંધીધામ નજીક ખારીરોહર ગામ પાસેથી ૮૦૦ કરોડની કિંમતનો કોકેન પકડ્યા બાદ વધુ રૂ. ૧૩૦ કરોડની કિંમતનો કોકેન આ જ વિસ્તારમાંથી એટીએસને બિનવારસી હાલતમાં મળી આવ્યા બાદ સ્થાનિક પોલીસે દરિયાઈ પટ્ટીમાં સર્ચ ઓપરેશન હાથ ધરતા કચ્છ પંથકમાંથી ફક્ત ત્રણ દિવસમાં પશ્ચિમ કચ્છ પોલીસે રૂ. ૪૦.૫ કરોડની કિંમતના ચરસના ૮૧ પેકેટ પકડી પાડ્યા હતા.

(અનુ. આઠમા પાને)

# સૌરાષ્ટ્ર-કચ્છમાં અષાઢી બીજ કોરી ધાકોડઃ જગતાત ચિંતિત

## છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૪૨ તાલુકાઓમાં હળવા ઝાપટાથી લઈ માત્ર એક ઈંચ વરસાદઃ સૌરાષ્ટ્રમાં મેઘાવી માહોલ બને છે પણ મેઘરાજા મનમૂકીને વરસતા નથીઃ આજે હળવાથી મધ્મ વરસાદની આગાહી

**અબતક,રાજકોટ**

અષાઢી બીજના પાવન દિવસે મેઘરાજાની પધરામણી ખૂબજ શુકનવંતી માનવામાં આવતી હોય છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં અષાઢી બીજ કોરી ધાકોડ થતા જગતાત ચિંતિત બની ગયા છે. વાવણીલાયક વરસાદ પડયા બાદ મેઘરાજાએ લાંબો બ્રેક લેતા હવે ખેડુતો કાગ ડોળે વરસાદની વાટજોઈ રહ્યા છે.

અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજી ભાઈ બળદેવ અને બહેન સુભદ્રાજીની સાથે નગરચર્યાએ નિકળતા હોય છે. ત્યારે આકાશમાંથી ઈન્દ્રદેવ વરસાદ વરસાવી રથયાત્રાનો જળાભિષેક કરતા હોય છે. આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૧૭ જિલ્લાના ૪૨ તાલુકાઓમાં હળવા ઝાપટાથી લઈ એક ઈંચ સુધી વરસાદ પડયો હતો જોકે સૌરાષ્ટ્ર-કચ્છના એક પણ તાલુકામાં એક ટીપુ પાણી પણ વરસ્યું ન હતુ. અષાઢી બીજનો દિવસ કોરો ધાકોડ જવાના કારણે ખેડુતોમાં ભારે નિરાશા વ્યાપી જવા પામી છે. સર્વત્ર વાવણીલાયક વરસાદ વરસી ગયા બાદ મેઘરાજાએ ઓચિંતો વિરામ લઈ લેતા હવે પાકને વરસાદની તાતી જરૂરીયાત છે. ખેડુતો કાગડોળે મેઘરાજાની પધરામણીની વાટ જોઈ રહ્યા છે. હાલ એક પણ સિસ્ટમ એવી નથી જે સૌરાષ્ટ્ર-કચ્છમા સાર્વત્રિક અને અનરાધાર વરસાદ પડે જો. એકાદ સપ્તાહમાં સચરાચર વરસાદ નહી પડે તો બિયારણ બળી જવાની પણ ભારોભાર ભીતિ રહેલી છે.

આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિાન રાજયના ૪૨ તાલુકાઓમાં વરસાદ ચોક્કસ પડયો



છે. પરંતુ સૌરાષ્ટ્ર-કચ્છમાં સારૂ ઝાપટુ પણ પડયું નથી. અષાઢી બીજનો દિવસ વરસાદ વિના પસાર થતા જગતાતના જીવ તાળવે ચોંટી ગયા છે. મેઘરાજાએ હવે મહે કરવા બે હાથ જોડીને ખેડુતો વિનવી રહ્યા છે.

વરસાદનું જોર ઘટી જવાના કારણે રાજયભરમાં ફરી ગરમીનું જોર વધ્યું છે. બફારાથી જનજીવન અકળાટ ગયું છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં વાતાવરણ ચોકકસ મેઘાવી અને વાદળછાંયું બને છે. પરંતુ મેઘરાજા મહેર કરતા નથી. આજે સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે. જયારે દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં હળવા વરસાદની આગાહી આપવામાં આવી છે. વાવણી લાયક વરસાદ બાદ લાંબો મેઘ વિરામ અને તડકાથી હવે બિયારણ બળી જવાની પણ દહેશત ઉભી થવા પામી છે. જળાશયોમાં નવાનીરની આવક બંધ થઈ જવા પામી છે. રાજયમાં જૂન માસમાં સરેરાશ ૧૧૫ મીમી વરસાદ વરસી ગયો હતો. જુલાઈ માસના પ્રથમ બે ત્રણ દિવસ સારો વરસાદ પડયા બાદ મોનસુન બ્રેકનો પિરીયડ આવી ગયો હોય તેવું લાગી રહ્યું છે. જુલાઈના એક સપ્તાહ દરમિયાન સરેરાશ ૮૯.૧૬ મીમી વરસાદ વરસી ગયો છે.

રાજયમાં આજ સુધીમાં સિઝનનો સરેરાશ ૨૩.૧૨ ટકા વરસાદ વરસી ગયો છે. કચ્છ રિજીયનમાં ૨૫.૬૩ ટકા વરસાદ, ઉત્તર ગુજરાતમાં ૧૫.૮૯ ટકા વરસાદ, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૧૫.૦૭ ટકા વરસાદ, સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૩૦.૨૩ ટકા વરસાદ અને દક્ષિણ ગુજરાતમાં ૨૬.૮૪ ટકા વરસાદ વરસી ગયો છે. છેલ્લા

(અનુ. આઠમા પાને)